ISSN-0971-8397

# યોજના

ઑગસ્ટ ૨૦૧૮

વિકાસને સમર્પિત માસિક

₹ ૨૨

## સામાજિક સશક્તિકરણ

સામાજિક ન્યાય અને સશક્તિકરણ સૌનું સન્માન, સૌનું ઉત્થાન
નિલમ સહાની

ઉચ્ચ શિક્ષણ મારફત સશક્તિકરણઃ એસસી અને એસટી સમુદાયો વચ્ચે સામાજિક પરિવર્તન
એસ. શ્રીનિવાસ રાવ - સુંદરેશ ડી. એસ.

દિવ્યાંગ લોકો માટે સામાજિક સશક્તિકરણ
સંધ્યા લીમાયે

ખાસ લેખ
નાણાકીય સમાવેશિકરણથી સશક્તિકરણ, નબળા વર્ગો માટે વધેલી તક
મુનીરાજૂ એસ.બી.

ફોક્સ લેખ
સમાવેશી વિકાસની વ્યુહરચના તરીકે હાંસિયામાં રહેલા લોકોમાં ઉધોગસાહસિકતાનુ સંવર્ધન
સુનિલ શુક્લ



# સામાજિક સુરક્ષા યોજનાઓનાં લાભાર્થીઓ સાથે વાતચીત

વડાપ્રધાને વીડિયો મારફત સમગ્ર દેશમાં વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાનની આ વાતચીતમાં ચાર મહત્વની સામાજિક યોજનાઓ ખાસ કરીને અટલ બીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના અને વયવંદના યોજનાનાં લાભાર્થીઓનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારની યોજનાઓનાં વિવિધ લાભાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સ મારફત વડાપ્રધાન દ્વારા કરવામાં આવતી વાતચીતની શ્રેણીમાં આ આઠમી આવૃત્તિ છે. સરકારની વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ પર પ્રકાશ પાડતાં વડાપ્રધાને જણાવ્યું હતું કેઃ




- સામાજિક સુરક્ષા યોજનાઓ લોકોને સક્ષમ બનાવે છે.
- વર્તમાન સરકારની સામાજિક સુરક્ષા યોજનાઓ માત્ર જીવનની અનિશ્ચિતતાઓનો સામનો કરવામાં અસરકારક રીતે લોકોને મદદરૂપ જ નથી થતી, પરંતુ પરિવારને નાણાકીય રીતે મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર લાવવામાં પણ તેમને સક્ષમ બનાવે છે.
- વર્ષ ૨૦૧૪-૨૦૧૭નાં સમયગાળા દરમિયાન પ્રધાન મંત્રી જન ધન યોજના હેઠળ કુલ ૨૮ કરોડ બેન્ક ખાતા ખોલવામાં આવ્યાં છે, જે વિશ્વમાં ખુલેલા બેન્ક ખાતાઓનાં લગભગ ૫૫ ટકા છે. હવે ભારતમાં મહિલાઓએ પણ મોટી સંખ્યામાં બેન્કમાં ખાતુ ખોલાવ્યું છે અને ભારતમાં બેન્ક ખાતાઓની સંખ્યા દેશની કુલ વસ્તીનાં ૮૦ ટકાને આંબી ગઈ છે, જે વર્ષ ૨૦૧૪માં ૫૩ ટકા જ હતી.
- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજનાનો ૫ કરોડથી વધુ લોકોને લાભ મળ્યો છે, અને તે પણ માત્ર રૂ. ૩૦૦ના અત્યંત નીચા પ્રીમિયમે.
- ૧૩ કરોડથી વધુ લોકોએ આ યોજના (અકસ્માત વીમા કવરેજ યોજના)માં નોંધણી કરાવી છે. પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના હેઠળ લોકો વાર્ષિક માત્ર ૧૨ રૂ.નું પ્રીમિયમ ચૂકવીને રૂ. ૨ લાખ સુધીનું અકસ્માત વીમા કવચ મેળવ્યું છે.
- ગયા વર્ષે શરૂ થયેલી વય વંદના યોજનાનો અંદાજે ૩ લાખ વૃદ્ધોએ લાભ લીધો છે, જેમાં ૬૦ વર્ષથી વધુ વયનાં વરિષ્ઠ નાગરિકોને ૧૦ વર્ષ માટે ૮ ટકાનું ફિક્સ રીટર્ન મળશે. વધારામાં સરકારે આવકવેરાની બેઝિક મર્યાદા પણ વધારી દીધી છે. હવે વરિષ્ઠ નાગરિકો માટે બેઝિક આવક મર્યાદા રૂ. ૨.૫ લાખથી વધારીને રૂ. ૩.૦૦ લાખ કરવામાં આવી છે. સરકાર વરિષ્ઠ નાગરિકોની સુખાકારી માટે કટીબદ્ધ છે.
- છેલ્લાં ત્રણ વર્ષમાં અંદાજે ૨૦ કરોડ લોકોને કેન્દ્ર સરકારની ત્રણ મહત્વની સામાજિક સુરક્ષા યોજનાઓ (પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, અટલ પેન્શન યોજના) હેઠળ લાવવામાં આવ્યા છે.




**લાભાર્થીઓએ જણાવ્યું :**

❖ વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓનાં લાભાર્થીઓએ વડાપ્રધાન મોદી સાથે વાતચીત કરતાં કેવી રીતે આ યોજનાઓ મુશ્કેલીનાં સમયમાં ખૂબ જ જરૂરી હતું ત્યારે કેવી રીતે મદદરૂપ થઈ તે અંગે જણાવ્યું. તેમણે વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓ રજૂ કરવા માટે વડાપ્રધાન મોદીનો આભાર પણ માન્યો હતો અને નોંધ્યું હતું કે કેન્દ્ર સરકારે રજૂ કરેલી મોટાભાગની યોજનાઓ તેમનું જીવન બદલનારી છે.

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

# ઓગસ્ટ-૨૦૧૮

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૬ અંક : ૫ સળંગ અંક : ૮૧૨ કિંમત: ₹ ૨૨

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ

વરિષ્ઠ તંત્રી
નવલસંગ પરમાર

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે
"yojanagujarati@gmail.com"
પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ
ઑનલાઈન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૪૪

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

## વિષયસૂચિ

**સામાજિક ન્યાય અને સશક્તિકરણ સૌનું સન્માન, સૌનું ઉત્થાન**
નિલમ સહાની....૫

**ઉચ્ચ શિક્ષણ મારફત સશક્તિકરણઃ એસ.સી. અને એસ.ટી. સમુદાયો વચ્ચે સામાજિક પરિવર્તન**
એસ. શ્રીનિવાસ રાવ અને સુંદરેશ ડી.એસ....૯

**દિવ્યાંગ લોકો માટે સામાજિક સશક્તિકરણ**
સંધ્યા લીમાયે....૧૩

**નાણાકીય સમાવેશિકરણથી સશક્તિકરણ, નબળા વર્ગો માટે વધેલી તક**
મુનીરાજૂ એસ.બી....૧૭

**સમાવેશી વિકાસની વ્યુહરચના તરીકે હાંસિયામાં રહેલા લોકોમાં ઉદ્યોગસાહસિકતાનુ સંવર્ધન**
સુનિલ શુક્લ....૨૩

**વૃદ્ધત્વએ ભારતમાં તમામ કારણોમાં નિહિત છેઃ એક પ્રયોગાત્મક વર્ણન**
શીલુ શ્રીનિવાસન....૨૮

**આપણી માતાઓને બચાવીએ – ભારતનો એમએમઆર હવે ૧૩૦ થઈ ગયો છે**
મનિષા વર્મા અને પૂજા પાસી....૩૨

**પંચાયતી રાજ સંસ્થાઓમાં હાંસિયામાં રહેલા સમુદાયોનું સશક્તિકરણ**
ટી. બ્રહ્માનંદમ અને કે. વી શ્રીનિવાસ....૩૫

**શું તમે જાણો છો ?**
દિશા....૪૦

**વિકાસનો રોડમેપ**
વડાપ્રધાને એઈમ્સમાં કી હેલ્થ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો....૪૨

## ટાઈટલ

૧. આવરણ ડિઝાઇન
૨. વડાપ્રધાનની વાતચીત
૩. વડાપ્રધાનની વાતચીત
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

# તંત્રીલેખ

# યોજના

## સાથે મળીને કૂચ




સશક્તિકરણ એટલે વ્યક્તિ તરીકેના જીવન ઉપર નિયંત્રણ અને સામાજિક સશક્તિકરણ એટલે સમાજનાં તમામ ક્ષેત્રોના વર્ગો તેમના જીવન અને તકો બાબતે નિર્ણય લેવા માટે સમાન નિયંત્રણ પ્રાપ્ત થયેલું હોય. આમ છતાં અલગ અલગ લોકો માટે તેના અલગ અલગ સૂચિતાર્થો હોય છે. જેમ કે યુવાનો માટે સામાજિક ધોરણો કે નિયમોનાં અંકુશ વગર તે ઈચ્છતા હોય તેવું કામ કરવાની મુક્તિ, જ્યારે મોટી વયની વ્યક્તિ માટે સશક્તિકરણનો અર્થ ગૌરવ અને આત્મ સન્માન સાથે પોતાના જીવનનાં સંધ્યાકાળનાં વર્ષોનું સમાપન કરવું તેવો થાય છે. પુરૂષ સભ્ય માટે તેનો અર્થ નાણાકીય સ્વતંત્રતા જ્યારે મહિલા સભ્યો માટે તેનો અર્થ સ્ત્રી-પુરૂષનાં ભેદ વગર કરાતો વ્યવહાર એવો થતો હોય છે.

જો કોઈ રાષ્ટ્રએ વૃધ્ધિ હાંસલ કરવી હશે તો તેની સૌ પ્રથમ અને અગ્ર આવશ્યકતા સમાજનાં તમામ વર્ગો સમાનપણે શક્તિમાન હોય તે છે. આ બાબતો વિવિધ પ્રકારનાં આયોજનો અને નીતિઓને સુસંકલિત કરીને તેમજ વિકાસની સમાન તકો મળી રહે તેની ખાત્રી રાખીને અને તે તમામને ઉપલબ્ધ બનાવીને હાથ ધરી શકાય. સરકાર આવાં વિવિધ વર્ગોનું સશક્તિકરણ કરવા માટે બહુમુખી અભિગમ અપનાવી રહી છે.

કોઈપણ રાષ્ટ્રનાં વિકાસ માટે મહિલાઓ એ અત્યંત મહત્વનું સાધન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં શબ્દોમાં કહીએ તો "મહિલાઓનું સશક્તિકરણ કરવું તે સમગ્ર પરિવારનાં સશક્તિકરણ સમાન છે." આમ છતાં ભારતમાં મહિલાઓ માટે સશક્તિકરણનો સંઘર્ષ જન્મથી જ ચાલું થાય છે, જેમ કે કન્યાઓએ પોતાના જન્મનાં અધિકાર માટે પણ લડત આપવી પડે છે. આ બાબત ધ્યાનમાં લઈને સરકારે મહિલાઓનું સશક્તિકરણ કરવા માટે ઘણી પહેલ હાથ ધરવામાં આવી છે. સરકારનું મુખ્ય ધ્યાન બેટી બચાવો બેટી પઢાવો, સુકન્યા સમૃધ્ધિ યોજના, પ્રધાનમંત્રી વંદના યોજના અને આવી ઘણી પહેલમાં કેન્દ્રિત થયું છે, જે સમાજમાં મહિલાઓનો દરજ્જો સુધારવા માટે લાંબા ગાળાનાં કદમ પૂરવાર થશે.

અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો તેમજ ગરીબો અને હાંસિયામાં રહેલા વર્ગો માટે ઘણી બધી યોજનાઓ ઉપલબ્ધ છે તેવું માનીએ છીએ, આ યોજનાઓમાં શિક્ષણ, રોજગારીની ઉપલબ્ધિ અને વિકાસની તકોનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી જન ધન યોજના, મુદ્રા, વેન્ચર કેપિટલ ફંડ યોજના, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, સ્ટેન્ડ-અપ ઈન્ડિયા, સ્કીલ ઈન્ડિયા, સ્કોલર્શીપ્સ યોજના શિક્ષણ માટે ઉપલબ્ધ છે. નોકરીઓમાં અનામતો વગેરે દ્વારા આ વર્ગોને સમાવેશી તકો અને વિકાસનાં સ્રોતોની સમાન ધોરણે ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે.

વરિષ્ઠ નાગરિકો એ અનુભવ અને જ્ઞાનનું પાવર હાઉસ છે, પરંતુ આ સમુદાયનાં ઘણાં લોકો તેમના જીવનની સંધ્યાકાળનાં વર્ષોમાં પોતાની અવગણના થતી હોય અથવા તો પોતે બિનઆવશ્યક વ્યક્તિ હોય તેવો ભાવ અનુભવે છે. વરિષ્ઠ નાગરિકો માટેનો સુસંકલિત પ્રોગ્રામ, રાષ્ટ્રીય વયોશ્રી યોજના, અટલ પેન્શન યોજના, વય વંદના યોજના વગેરે યોજનાઓ દ્વારા દેશનાં વરિષ્ઠ નાગરિકો આર્થિક આત્મનિર્ભરતા સાથે માનભેર જીવન જીવે છે.

જે લોકો શારીરિક ક્ષતિ ધરાવે છે તેમના માટે જીવનની એક અલગ કહાણી હોય છે. તેમની ઊણપને કારણે તે એવું અનુભવે છે કે પોતે સમાજ ઉપર બોજા રૂપ છે. તેમની સશક્તિકરણની આવશ્યકતા ઘણાં અલગ પ્રકારની હોય છે અને તેમની આવશ્યકતાઓ સાથે બંધ બેસે તેવા કસ્ટમાઈઝ કાર્યક્રમો જરૂરી બનતા હોય છે. મિશન મોડમાં ટેકનોલોજી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ , માધ્યમિક સ્તરે શારીરિક ક્ષતિ ધરાવનાર વ્યક્તિ માટે સમાવેશી શિક્ષણ, એક્સેસીબલ ઈન્ડિયા ઝૂંબેશ, દિનદયાળ ડિસેબલ્ડ રિહેબિલીએશન યોજનાઓ વગેરે દ્વારા વિવિધ શારીરિક ક્ષતિઓ ધરાવનાર વ્યક્તિઓ ગુણવત્તાયુક્ત જીવન માટે પ્રોત્સાહિત થઈ છે.

આદિવાસીઓ માટે સશક્તિકરણનો અર્થ પોતાની પુરાણી ઓળખ જાળવી રાખવાનાં અધિકાર સાથેનું અસ્તિત્વ એવો થાય છે. ઘણીવાર રાષ્ટ્રની મુખ્ય પ્રવાહની નીતિઓ અને અનિવાર્ય સ્થિતિને કારણે આદિવાસીઓ મુખ્ય પ્રવાહમાંથી અળગા પડી ગયા હોય અથવા તો પોતાની ઓળખ ગૂમાવી રહ્યાં હોય તેવું લાગે છે. નેશનલ ફેલોશીપ અને અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણમાં શિષ્યવૃત્તિ જેવી તાજેતરમાં સરકારી પહેલ, વ્યવસાયિત તાલિમની યોજના, ગૌણ વન પેદાશો માટે લઘુત્તમ ટેકાના ભાવ, ખાસ કરીને દયનિય સ્થિતિમાં જીવતા લોકો અને આદિવાસીઓ માટે વિકાસ યોજનાઓ તથા ફોરેસ્ટ રાઈટ્સ એક્ટથી આદિવાસીઓનાં સામાજિક અને આર્થિક દરજ્જામાં યોગદાન પ્રાપ્ત થયું છે.

સામાન્યપણે એવું સ્વિકારવામાં આવે છે કે જ્યારે કોઈ વ્યક્તિ વિકાસને પંથે આગળ વધવા માંગતો હોય તો તેણે ઓછો લાભ મેળવી શકેલા લોકોને સાથે લઈને ચાલવું જોઈએ. દરેક વ્યક્તિ પ્રયત્ન કરે તો તફાવત સર્જી શકે છે. સરકારે તેની નીતિઓ મારફતે એકંદર સમાવેશી વૃધ્ધિની ખાત્રી માટે તફાવત સર્જે તેવા પ્રયાસો શરૂ કરી દીધા જ છે.

# સામાજિક ન્યાય અને સશક્તિકરણ સૌનું સન્માન, સૌનું ઉત્થાન

નિલમ સહાની



ડો. બાબાસાહેબ આંબેડકરનાં વિચારોને આગળ ધપાવવા માટે વિભાગે ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર (DAIC) ની સ્થાપના કરી છે. જેનું ઉદઘાટન માનનીય પ્રધાનમંત્રીએ ડીએઆઈસી ખાતે ૧૫- જનપથ, નવી દિલ્હીમાં તા.૭ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ કર્યું હતું. આ કેન્દ્ર ડો. આંબેડકરે આપેલી શિખ અને વિઝન અમલમાં મૂકવામાં મહત્વની ભૂમિકા બજાવશે અને તે સામાજિક અને આર્થિક મુદ્દાઓ અંગે સંશોધન માટે મહત્વનું કેન્દ્ર બની રહેશે.

સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગનું વિઝન આપણાં બંધારણ સાથે સુસંગત રહીને સમાવેશી સમાજનું નિર્માણ કરવાનો છે, કે જેમાં આપણી વસ્તીનાં અત્યંત કચડાયેલા અને પછાત વર્ગો સ્વમાન અને ગૌરવ સાથે રહી શકે અને રાષ્ટ્રની માનવ મૂડીમાં સક્રિયપણે યોગદાન આપી શકાય. આપણો જનાદેશ અનુસૂચિત જાતિ, અન્ય પછાત વર્ગો તથા સમાજના દયનિય સ્થિતિમાં જીવતા અન્ય વર્ગોનું આર્થિક, શૈક્ષણિક અને સામાજિક સશક્તિકરણ કરવાનો છે. આ વિભાગનાં મહત્વનાં કાર્યોમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલાં લોકોનાં હક્કો દ્રશ્યમાન અને બોલકા થાય તથા સરકારની તમામ નીતિઓ અને કાર્યક્રમોમાં પોતાની ભાગીદારી દર્શાવી શકે એવો છે.

વસ્તીનાં આ વર્ગો સરકારની નીતિઓ અને કાર્યક્રમોનું મહત્વનું લક્ષિત જૂથ છે અને આ કેન્દ્રવર્તી વલણ હાલમાં ચાલી રહેલા ગ્રામ્ય સ્વરાજ અભિયાન, મહત્વાકાંક્ષી જીલ્લા કાર્યક્રમો (Inspirational District Programs) તથા મિશન અંત્યોદય (MA) માં રૂપાંતરિત થયું છે.

**લક્ષિત વસ્તીનાં આંકડાઓનાં કોષ્ટક માટેની સામગ્રી**

- વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર અનુસૂચિત જાતિનું પ્રમાણ ૧૬.૬ ટકા જેટલું છે
- ૫૨૨ થી વધુ જીલ્લાઓના ૪૬,૮૫૯ ગામમાં અનુસૂચિત જાતિની વસ્તી ૫૦ ટકા કરતાં વધારે છે.
- આઝાદી પછી અન્ય પછાત વર્ગોની જાતિઓ બાબતે કોઈ અલગ ગણતરી કરવામાં આવી નથી. મંડલ કમિશનનાં અંદાજ મુજબ અન્ય પછાત વર્ગોની વસ્તી ૫૨ ટકા છે, જ્યારે નેશનલ સેમ્પલ સર્વે ઓફિસના અંદાજ મુજબ ૪૧.૭ ટકા (૨૦૦૯-૧૦) છે.
- વરિષ્ઠ નાગરિકોની સંખ્યા ૧૦.૩૬ કરોડ છે.
- કુલ વસ્તીનાં અંદાજે ૧ ટકા જેટલા લોકો નોંધપાત્ર શોષણનો ભોગ બન્યા હોય તેવું માનવામાં આવે છે.

**અનુસૂચિત જાતિનો વિકાસ**

અનુસૂચિત જાતિની વસ્તીનાં શૈક્ષણિક સશક્તિકરણ માટે આ વિભાગનાં બજેટમાં મોટો હિસ્સો શિષ્યવૃત્તિ તરીકે અપાય છે અને લક્ષિત ગ્રુપમાં તેની વહેંચણીને નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. વિભાગની ફ્લેગશીપ યોજના અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓ માટે પોસ્ટ –મેટ્રિક શિષ્યવૃત્તિ છેક વર્ષ ૧૯૪૪

થી અમલમાં છે અને તેને ભારત સરકારની અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક સશક્તિકરણ માટેની સૌથી મોટી દરમ્યાનગિરી ગણવામાં આવે છે. દર વર્ષે આ યોજના હેઠળ મેટ્રિક થયા પછી અથવા તો માધ્યમિક શિક્ષણનાં તબક્કા પછી છેક પી.એચ.ડી. સુધીનો અભ્યાસ કરતા અંદાજે ૫૫ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવે છે. વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ દરમ્યાન ૨,૨૯,૩૦,૬૫૪ વિદ્યાર્થીઓએ આ શિષ્યવૃત્તિઓ દ્વારા રૂ.૧૦,૩૮૮ કરોડની રકમ ઉપયોગમાં લીધી છે. અમને ખાત્રી છે કે આ યોજનાથી લક્ષિત ગ્રુપોની સાક્ષરતાનાં સ્તરમાં, શાળા છોડી જવાનું પ્રમાણ, ઉચ્ચ શિક્ષણમાં સામેલગિરી અને આખરે રાષ્ટ્રની સેવામાં માનવ મૂડી તરીકેનાં નિર્માણનાં હકારાત્મક પરિણામ જોવા મળશે. તાજેતરમાં કેબિનેટ દ્વારા વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટેની રૂ.૮,૭૩૭ કરોડની એકત્રિત થયેલી બાકી રકમ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો માટે છૂટી કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ હેતુ માટે રૂ.૩,૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. અનુસૂચિત જાતિઓ માટેની જે અન્ય સ્કોલરશીપ છે તેમાં પ્રિ-મેટ્રિક સ્કોલરશીપ, પ્રિમિયર શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ટોપ ક્લાસ એજ્યુકેશન સ્કીમ તથા યુજીસી સાથે મળીને ચલાવવામાં આવતી નેશનલ ફેલોશીપ સ્કીમનો સમાવેશ થાય છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં સભ્યોનું ગૌરવ અને સુરક્ષા માટેનાં મહત્વનાં કાયદામાં શીડ્યુઅલ રાસ્ટસ એન્ડ શીડ્યુઅલ ટ્રાઈબ્ઝ (પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એકટ ૧૯૮૯નો સમાવેશ થાય છે. સરકાર દ્વારા તા. ૧૪-૦૪-૨૦૧૬થી અમલી બને તે રીતે આ કાયદાને નોંધપાત્ર પ્રમાણમાં મજબૂત બનાવવામાં આવ્યો છે. જે સુધારા કરવામાં આવ્યા છે તેમાં મહદઅંશે અત્યાચારના ૪૭ ગુનાઓમાં રાહતની રકમની જોગવાઈ કરવામાં આવી છે. રાહતની રકમની ચૂકવણીનુ તાર્કિકરણ કરીને તેને તબક્કામાં વહેંચવામાં આવેલ છે. ગુનાનાં પ્રકારને આધારે રૂ. ૮૫,૦૦૦ થી રૂ. ૮,૨૫ હજાર જેટલી રાહતની રકમ સાત દિવસમાં મળતી થાય અને સમય સર કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાય તે માટે ૬૦ દિવસની અંદર તપાસ કરીને ચાર્જશીટ દાખલ કરવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

યોજનાઓનો સીધો અમલ કરવાની સાથે સાથે આ ખાતુ અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની ફાળવણી (AWCS) ઉપર પણ નજર રાખે છે, SC સબપ્લાનનું નવું નામ છે. અનુસૂચિત જાતિ ઓ માટેનો સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન (SCP) ૧૯૭૯ - ૯૦ થી અમલમાં છે, જે અનુસૂચિત જાતિઓ (SCs)/ અનુસૂચિત જન જાતિઓ (STs) ના વિકાસ માટે આયોજીત સ્ત્રોતોના પ્રમાણસર પ્રવાહની ખાત્રી રાખે છે. તમામ રાજ્યો/ મંત્રાલયો / વિભાગો દ્વારા અગાઉ અમલમાં રહેલાં આયોજન પંચ દ્વારા શિડ્યુલ ક્લાસ સબ પ્લાન (SCSP) અંગે બહાર પાડવામાં આવેલી સંયુક્ત માર્ગરેખાઓ મુજબ રાજ્ય અથવા દેશમાં અનુસૂચિત જાતિની વસ્તીનાં પ્રમાણમાં તેમના આયોજીત ખર્ચમાં SCSP માટે રકમ ફાળવવાની રહે છે. આ નામકરણમાં ફેરફાર કરીને વર્ષ ૨૦૧૭થી હવે તેને એલોકેશન ફોર વેલફેર ઓફ ધ શિડ્યુલ કાસ્ટસ (AWSC) આપવામાં આવ્યું છે. AWSC હેઠળની ફાળવણી વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૩૦૫૮૦.૮૮ કરોડ હતી તે વધારીને રૂ.૫૬૬૧૮.૫૦ કરોડ કરવામાં આવી છે, જે ૮૩.૫૨ ટકાનો વધારો દર્શાવે છે. વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭માં એક વેબ પોર્ટલ (eutthaan.gov.in) બહાર પાડવામાં આવ્યું છે, જે નીતિ આયોગ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલા ફોર્મેટ મુજબ મોનિટરીગ ઈન્ડીકેટરનાં આધારે વિવિધ મંત્રાલયો અને વિભાગોનાં નાણાંકિય તેમજ ભૌતિક પરિણામોને આધારે ઓનલાઈન ડેટા મેળવે છે. ફાયનાન્સિયલ મોનિટરીંગને પબ્લિક ફાયનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS) સાથે જોડવામાં આવેલ છે અને એ મુજબ રિયલ ટાઈમ ધોરણે મોનિટરીગ કરવામાં આવે છે. ભૌતિક સિધ્ધી બાબતે માહિતી સીધી પોર્ટલને પહોંચાડી શકાય તે માટે તમામ નોડલ ઓફિસરોને લોગ-ઈન અને પાસવર્ડ ફાળવવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર અનુસૂચિત જાતિઓ દેશની વસ્તીનો ૧૬.૬૨ ટકા હિસ્સો ધરાવે છે.

શિક્ષણ ઉપરાંત આ વિભાગે અનુસૂચિત જનજાતિના લોકોનાં આવાસોનાં વિકાસ માટે વિસ્તાર આધારિત અભિગમ અપનાવ્યો છે, જે શિક્ષણ, આરોગ્ય, અને પોષણ, સ્વચ્છ ભારત, આજીવિકા અને કૌશલ્ય વિકાસમાં ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રધાન મંત્રી આદર્શ ગ્રામ યોજના (PMAGY) અનુસૂચિત જનજાતિની બહુમતિ ધરાવતાં ગામોમાં મુખ્યત્વે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને કેન્દ્રમાં રાખીને ખૂટતી રકમની કેન્દ્ર દ્વારા સહાય કરીને સુસંકલિત વિકાસ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ એ વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યો છે કે જ્યાં ૫૦ ટકા કરતાં વધુ અનુસૂચિત જાતિની વસ્તી હોય. વિભાગની અંદર ઉપલબ્ધ સ્ત્રોતોનો લાભ આપીને તથા તેનો અન્ય વિભાગો અને મંત્રાલયો દ્વારા હાથ ધરાતા પ્રયાસો સાથે

સમન્વય કરીને કામગીરી કરી રહ્યું છે.

**પછાત વર્ગ વિકાસ**

અન્ય મહત્વનું લક્ષિત જૂથ પછાત વર્ગો છે. અને તેમના કલ્યાણ માટે વર્ષ ૨૦૧૮-૧૯માં એકંદર ફાળવણીઓમાં ૪૧.૦૩ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૧૨૩૭.૩૦ કરોડની ફાળવણી કરાઈ હતી તે વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ.૧૭૪૭.૦૦ કરોડ કરવામાં આવી છે. આપણે પછાત વર્ગોની વસ્તી માટે જે દરમ્યાનગિરીઓ કરીએ છીએ તેમાં શિષ્યવૃત્તિની યોજનાઓ મુખ્ય સ્થાન ધરાવે છે. તેમાં પ્રિ અને પોસ્ટ મેટ્રીક સ્કોલરશિપની યોજનાઓ અને નેશનલ ફેલોશિપનો સમાવેશ થાય છે.

કૌશલ્ય વિકાસ એ લક્ષિત જૂથ માટે એક મહત્વની દરમ્યાનગિરી છે અને તેની કામગીરી નેશનલ બેકવર્ડ ક્લાસિસ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NBCFDC) મારફતે થાય છે. હવે પછીની કામગીરી પાયાની ગોઠવણ ઉપર કામ કરવાની રહેશે અને આ જૂથમાં ઉદ્યોગસાહસિકતા વિકાસ તરફ આગળ વધવાનું રહેશે. તેનાથી રોજગારીનું પણ નિર્માણ થશે. અમે અન્ય પછાત વર્ગો માટે પણ તેમની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે વેન્ચર કેપિટલ ફંડ શરૂ કરવાનો ઈરાદો ધરાવીએ છીએ.

**સામાજિક સુરક્ષા**

આ એક મહત્વનું પણ ઘણી વાર અવગણવામાં આવતુ વરિષ્ઠ નાગરિકોનું જૂથ છે. તેમની સંખ્યા તથા ઉંમરને કારણે અવલંબનનો ગુણોત્તર વ્યાપક પ્રમાણમાં વધતો જાય છે. વરિષ્ઠ નાગરિકોની બદલાતી વસ્તી વિષયક, આર્થિક-સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં લઈને સામાજિક વેલ્યુ સિસ્ટમ અને ટેકનોલોજીમાં થયેલી પ્રગતિને ધ્યાનમાં લઈને વરિષ્ઠ નાગરિકો માટે સુધારેલી નીતિનો એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. હાલની ઈન્ટીગ્રેટેડ પ્રોગ્રામ ફોર સિનિયર સીટીઝન્સ યોજના હેઠળ ખર્ચનાં ધોરણો તા.૧-૪-૨૦૧૫થી અમલી બને તે રીતે ૧૧૦ ટકા જેટલાં વધારવામાં આવ્યાં છે. તેમાં તા.૧-૪-૨૦૧૮ થી ૧૦૪ ટકાનો વધારો કરાયો છે. આ રીતે તા.૧-૪-૨૦૧૫ પહેલાંનાં ખર્ચનાં ધોરણોમાં ૨૮૮ ટકાનો વધારો કરવામાં આવ્યો છે (વૃધ્ધાશ્રમો માટે રૂ.૫.૪૨ લાખથી રૂ.૨૧.૬ લાખ). આ યોજના હેઠળ ફિઝીયોથેરાપીસ્ટ એટેન્ડન્ટ અને યોગ શિક્ષકની જગા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત સિનિયર સીટીઝન હોમનાં રજીસ્ટ્રેશન, સ્ટાન્ડાર્ડાઈઝેશન અને સિનિયર સીટીઝન હોમનાં રેટીંગની પણ જોગવાઈઓ કરવામાં આવી છે.

જીવવામાં સહાયક સાધનો પૂરાં પાડવાની એક યોજના રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ કુલ ૨૯૨ જીલ્લા પસંદ કરવામાં આવ્યાં છે, અને તેમાંથી ૩૯ જીલ્લામાં વિતરણ શિબિરો યોજવામાં આવી છે અને તેનો લાભ ૪૩૮૬૫ વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવ્યો છે. કુલ ૯૯૪૩૧ સાધનો ગરીબીની જીવનરેખા નીચેની કક્ષામાં આવતા વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવ્યાં છે.

પ્રિવેન્શન ઓફ આલ્કોહોલ એન્ડ સબસ્ટન્સ (ડ્રગ્ઝ) એબ્યુઝ યોજના હેઠળ તા.૧-૦૪-૨૦૧૮થી અમલી બને તે રીતે નશા મુક્તિ કેન્દ્રોનાં ખર્ચનાં ધોરણોમાં ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ કેન્દ્રોને રસોઈયાઓ, પૂર્ણ સમયના ડોકટરો અને વધારાનાં ચોકીદાર પૂરા પાડવામાં આવ્યા છે.

સૌ પ્રથમ વાર નશાનો ભોગ બનેલા લોકોને ઓળખવા માટે રાષ્ટ્રીય સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. આ સર્વેમાં ૧૮૫ જીલ્લાનાં ૧.૫ લાખ પરિવારો અને ૬ લાખ વ્યક્તિઓને આવરી લેવામાં આવ્યાં છે. આ સર્વે શરૂ થઈ ચૂક્યો છે અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની ધારણા છે.

માથે મેલુ ઉપાડવાની પ્રથા અને આવી કામગીરી કરતાં લોકોનુ રાષ્ટ્રીય સર્વેક્ષણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં ૧૫૦માં જન્મ શતાબ્દી વર્ષમાં વિભાગે ઐતિહાસિક અન્યાય દૂર કરવાં અને માથે મેલુ ઉપાડનારાઓનો જે ગૌરવ ભંગ થાય છે તેમાં સુધારો કરવા કમર કસી છે. આ હેતુ સિધ્ધિ માટે ૧૮ જીલ્લાનાં ૧૭૦ નિર્ધારિત જીલ્લાઓમાં માથે મેલુ ઉપાડનારનું રાષ્ટ્રીય સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. જેનુ સંકલન અને મોનિટરીંગ નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSKFDC) રાજ્ય સરકારનાં પ્રતિનિધિઓ અને સામાજિક સંસ્થાઓ સાથે મળીને કરે છે. ૧૨૫ જીલ્લામાં સર્વે શિબિરો યોજવાની કામગીરી પૂર્ણ થઈ છે અને માથે મેલુ ઉપાડનારા ૫૩૬૫ લોકોને ઓળખી કાઢવામાં આવ્યાં છે અને રાષ્ટ્રિય સર્વેક્ષણમાં ઓળખી કાઢવામાં આવેલા આ દરેક વ્યક્તિને એક વખત રૂ.૪૦,૦૦૦ ની રોકડ સહાય (OTCA) આપવામાં આવશે અને એ પછીનાં પગલાં હાથ ધરીને તેમનો પુનઃવસવાટ કરવામાં આવશે.

આ ઉપરાંત NSKFDC તાલિમ, પુનઃવસવાટ અને જાગૃતિ લવવાની કામગીરી કરશે. અગાઉથી અભ્યાસ દ્વારા ઓળખ (RPL) કાર્યક્રમનો ઉપયોગ કરીને ૧૦,૦૦૦ સફાઈ કર્મચારીઓ અને કચરો વિણનારાઓને સલામત, તંદુરસ્ત અને મિકેનાઈઝ્ડ સફાઈમાં જોડવામાં આવશે. આ ઉપરાંત "પ્રોહિબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહેબિલીએશન એક્ટ ૨૦૧૩" (MS Act 2013) અંગે મોટી મ્યુનિસિપાલિટીઓમાં મ્યુનિસિપલ

એન્જીનિયર્સ, સેનિટરી ઈન્સપેક્ટર્સ, કોન્ટ્રાક્ટર્સ વગેરે સાથે વર્કશોપ્સનું આયોજન કરવામાં આવશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનો સાથેની સામેલગિરી ઉપરાંત આ યોજનામાં પંચાયતો અને મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા સફાઈ સંબંધિત વાહનો અને ઉપકરણોની ખરીદી માટે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (MoA) કરવામાં આવશે.

**નિગમો**

આ વિભાગના ત્રણ ફાયનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશનો છે, જેમાં NBCFDC (નેશનલ બેકવર્ડ ક્લાસીસ ફાયનાન્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન), NSAFDC (નેશનલ સફાઈ કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન) અને NSFDC (નેશનલ શિડ્યુલ કાસ્ટ્સ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન) નો સમાવેશ થાય છે.

આ નિગમો નફો નહી કરતી સંસ્થાઓ છે અને તેમનો ઉદ્દેશ લક્ષિત જૂથોનાં આર્થિક વિકાસની પ્રવૃત્તિઓ કરવાનો અને તેમને રોજગારી, કૌશલ્ય વિકાસ અને સ્વ-રોજગારીનાં સાહસોમાં સહાયરૂપ થવાનો છે. આ ધ્યેય હાંસલ કરીને નિગમો સરકારની કામગીરી વિસ્તારી રહ્યાં છે.

ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર (DAIC) અને ડો. આંબેડકર નેશનલ મેમોરિયલ (DANM)

ડો. બાબાસાહેબ આંબેડકરનાં વિચારોને આગળ ધપાવવા માટે વિભાગે ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર (DAIC) ની સ્થાપના કરી છે. જેનું ઉદ્દઘાટન માનનીય પ્રધાનમંત્રીએ ડીએઆઈસી ખાતે ૧૫-જનપથ, નવી દિલ્હીમાં તા.૭ ડિસેમ્બર, ૨૦૧૭નાં રોજ કર્યું હતું. આ કેન્દ્ર ડો. આંબેડકરે આપેલી શિખ અને વિઝન અમલમાં મૂકવામાં મહત્વની ભૂમિકા બજાવશે અને તે સામાજિક અને આર્થિક મુદ્દાઓ અંગે સંશોધન માટે મહત્વનું કેન્દ્ર બની રહેશે. તે સમાવેશી વિકાસ અને સંબંધિત આર્થિક- સામાજિક મુદ્દાઓ બાબતે થીક ટેન્ક તરીકે કામ કરશે.

ડો. આંબેડકર નેશનલ મેમોરિયલ (DANM) નું ઉદ્દઘાટન માનનીય પ્રધાનમંત્રીશ્રીએ તા. ૧૩ એપ્રિલ ૨૦૧૮ના રોજ અલીપુર રોડ, નવી દિલ્હી ખાતે કર્યું હતું, જે ડો. આંબેડકરનાં જીવન અને સમય અંગે અદ્યતન મ્યુઝિયમ બની રહેશે. આ મ્યુઝિયમમાં રોજે રોજ મોટી સંખ્યામાં લોકો મુલાકાત લઈ રહ્યાં છે.

**તેમની નાણાંકિય અને ભૌતિક સિધ્ધિઓ નીચે મુજબ છેઃ-**

| ક્રમ | યોજના/પ્રોજોક્ટનું નામ | ૨૦૧૪-૧૮ | |
|---|---|---|---|
| | | નાણાંકિય રૂ. કરોડમાં | ભૌતિક લાભાર્થીઓ |
| ૧ | નેશનલ શિડ્યુલ કાસ્ટસ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનઃ | | |
| | (i) ધિરાણ આધારિત યોજનાઓ | ૧૭૨૯.૦૭ | ૩૩૩૨૪૫ |
| | (ii) કૌશલ્ય વિકાસ તાલિમ કાર્યક્રમો | ૫૨.૧૨ | ૬૨૧૫૯ |
| | કુલઃ ૧૭૮૧.૧૯ | ૩૯૫૪૦૪ | |
| ૨ | નેશનલ સફાઈ કર્મચારીઝ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનઃ | | |
| | (i) જનરલ લોન સ્કીમ | ૪૪૦.૮૮ | ૪૧૬૪૫ |
| | (ii) માઈક્રો ફાયનાન્સ સ્કીમ | ૧૭૬.૯૧ | ૪૨૮૯૦ |
| | (iii) કૌશલ્ય વિકાસ તાલિમ કાર્યક્રમ | ૫૦.૩૬ | ૩૫૦૧૭ |
| | કુલઃ | ૬૬૮.૧૫ | ૧૧૯૫૫૨ |
| ૩ | નેશનલ બેકવર્ડ ક્લાસિસ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન | | |
| | (i) જનરલ લોન સ્કીમ | ૭૩૨.૫૮ | ૧૩૨૧૨૪ |
| | (ii) માઈક્રો ફાયનાન્સ સ્કીમ | ૭૩૪.૫૦ | ૫૩૧૮૭૦ |
| | (iv) કૌશલ્ય વિકાસ તાલિમ કાર્યક્રમ | ૫૯.૭૮ | ૫૭૨૭૪ |
| | કુલઃ | ૧૫૨૬.૮૬ | ૭૨૧૨૬૮ |

**સમાપન**

આ વિભાગ બંધારણનાં અનુચ્છેદ ૩૮માં આપવામાં આવેલા વચનો સાકાર કરવા માટે કટિબધ્ધ છે અને "સબકા સાથ સબકા વિકાસ" જેવા માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને લોકોના કલ્યાણ માટે સામાજિક વ્યવસ્થા સુસ્થાપિત કરવાનું કામ કરશે. આ ધ્યેય ત્યારે જ સાકાર થઈ શકે કે જ્યારે આ વિભાગ દ્વારા લક્ષિત વસ્તી અને હાંસિયામાં રહેલાં અને દયનીય સ્થિતિ જીવતા લોકોનું સશક્તિકરણ કરીને તેમની સાચી ક્ષમતા સાકાર કરી શકાય.

**લેખક ભારત સરકારનાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયનાં સચિવ છે.**
**E-mail: secywel@nic.in**

# ઉચ્ચ શિક્ષણ મારફત સશક્તિકરણઃ એસ.સી. અને એસ.ટી. સમુદાયો વચ્ચે સામાજિક પરિવર્તન

એસ. શ્રીનિવાસ રાવ
સુંદરેશ ડી. એસ.



સામાજિક અને આર્થિક સશક્તિકરણની પ્રક્રિયાએ ઉચ્ચ શિક્ષણનાં ક્ષેત્રે એસ.સી. અને એસ.ટી. સમુદાયની ભાગીદારી વધારી છે, જે સારા જીવન, સામાજિક દરજ્જા અને આર્થિક તકો માટેનો પાસપોર્ટ છે. એસ.સી. અને એસ.ટી. સમુદાયનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (જી.ઇ.આર.)માં છેલ્લાં પંદર વર્ષમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.

કેટલીક ચોક્કસ જાતિઓ અને આદિવાસી જૂથો અન્યોની તુલનામાં વધુ વિશેષાધિકાર ધરાવે છે, જે સર્વ વિદિત સામાજિક હકીકત છે. તે તર્કનાં આધારે છે, કેટલીક અન્ય જાતિઓ અને આદિવાસી જૂથો, સામાજિક રીતે આગળ અન્ય જાતિઓ અને આદિવાસી જૂથો સાથેની તુલનામાં વિશેષાધિકાર પ્રાપ્ત નથી અથવા તો તેઓને લાભ મલ્યો નથી. આ ચોક્કસ સામાજિક હકીકતને ધ્યાનમાં રાખીને, બંધારણે ઓછા લાભ ધરાવતા અને વધુ વંચિત જૂથોની(અનુસૂચિત જાતીઓ માટે તેમના દરજ્જાનાં આધારે તેમના માળખાકીય લાભ વંચિત રહેવાની બાબતે અને શિડ્યુઅલ્ડ ટ્રાઈબ્સને તેમની ભૌગોલિક અલગતા અને ગેરલાભ બદલ) વિશેષ સુરક્ષા પગલાઓ અને હકારાત્મક પગલાઓ અને અત્યાચાર વિરોધી અને સકારાત્મક ભેદભાવ વિરોધી કાયદાઓ, જેવા કે અશ્પૃશ્યતા પર પ્રતિબંધ (એસ.સી.ના કેસમાં) કાયદો, જમીન અને વસવાટનાં અધિકારનાં સંરક્ષણનો કાયદો (એસ.ટી. સમુદાયના કેસ માટે), એસ.સી. અને એસ.ટી.સમુદાયો બંને માટે શિષ્યવૃત્તિઓ અને શિક્ષણ અને રોજગારમાં અનામત જેવા કાયદા અને તાજેતરમાં રાજ્યો અને કેન્દ્રના બજેટમાં વિભિન્ન વિભાગોનાં બજેટમાં આ સમુદાયો માટે વિશેષ જોગવાઈ જેવા પગલા ભરીને આ વર્ગની ઓળખ કરી છે. હકીકતમાં વિભાગોમાં એસ.સી. અને એસ.ટી. સમુદાયો માટે સબ-પ્લાનની જોગવાઈએ પાછલાં દાયકામાં એસ.સી. અને એસ.ટી. સમુદાય માટે ઉદ્યોગ સાહસિકતાનાં સર્જનનો માર્ગ મોકળો કર્યો છે.

નવાં વ્યવસાયિક વર્ગ તરીકે ઉદ્ભવવાની સતત વધી રહેલા મહેચ્છાઓ અને આકાંક્ષાનાં પૂર્વ સંકેત તરીકે, દેશ હવે એસ.સી. અને એસ.ટી. સમુદાયની અંદર નવા શિક્ષિત મધ્યમવર્ગનાં પ્રાદુર્ભાવનો સાક્ષી બન્યો છે. અભ્યાસોએ આ દસ્તાવેજીત કર્યું છે કે શિક્ષણ અને રોજગાર ક્ષેત્રે સરકારની હકારાત્મક નીતિઓએ કઠોર સામાજિક માળખામાં આ પરિવર્તન આણવામાં મહત્વની ભૂમિકા બજવી છે. આ વાતે જરાય શંકા નથી કે, આજે કોઇ વ્યક્તિ સુરક્ષિત રીતે આ દાવો કરી શકે છે કે સ્વતંત્રતા પ્રાપ્તી બાદનાં ભારતમાં સરકારી નોકરીઓ અને ઉચ્ચ શિક્ષણમાં અનામતની નીતિએ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં નવા શિક્ષિત મધ્યમ વર્ગની રચનાનો મુખ્ય સ્ત્રોત છે. ઉચ્ચ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અનામત નીતિનાં સપ્તાઈપૂર્વકનાં પાલને એસ.સી. અને એસ.ટી. સમુદાયની પહેલી પેઢીને વધુને વધુ પ્રમાણમાં સામાજિક ગતિશિલતાનાં અવરોધોને તોડવા પ્રેરિત કર્યાં છે, પરિણામે

તેમનું તમામ ક્ષેત્રે — સામાજિક, આર્થિક અને રાજકીય- સશક્તિકરણ થયું છે.

આ સશક્તિકરણની અસર શિક્ષણ અને સામાજિક સંદર્ભમાં જોવા મળી રહી છે. એક રીતે, આ અસરો ચક્રિય છે. રાજ્યની નીતિઓએ એસ.સી. અને એસ.ટી. સમુદાયને શિક્ષણ સુધી પહોંચ મેળવવામાં સશક્ત બનાવ્યાં છે, જેણે તેમની પોતાના સામાજિક અને આર્થિક દરજ્જાને સુધારવામાં મદદ કરી છે, અને જે બાબતે તેમના માટે ઉચ્ચ અને વ્યાપક શૈક્ષણિક તકો માટે નવા આયામો ખોલ્યા છે.

પ્રથમ, વંચિત વર્ગનાં લોકોનાં સામાજિક સશક્તિકરણની મોટી અસર એ છે કે તેણે રોજગાર મેળવવા માટે તેમની સારુ અને યોગ્ય અને ઉપયોગી શિક્ષણ પ્રાપ્ત કરવાની આકાંક્ષાઓને વધારી છે. ક્ષેત્ર અને રાજ્યોને અવગણીને જોઇએ તો એસ.સી. અને એસ.ટી. સમુદાયમાં આજે સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે. પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશમાં પણ વધારો જોવા મળ્યો છે. બાળકોનો શિક્ષણને અધવચ્ચેથી છોડી દેવાનાં દરમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે અને અભ્યાસ ચાલુ રાખવાનાં દરમાં પણ વિભિન્ન તરે સુધારો થયો છે. જોકે હજું પણ આ બાબત ચિંતાનો વિષય બનેલી જ છે. પ્રાથમિક થી માધ્યમિક અને માધ્યમિક થી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીની સફરમાં સુધારો થયો છે, જોકે હજું પણ આ સફરમાં ઘણી પ્રગતિની જરૂર છે.

## ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ભાગીદારી અને સશક્તિકરણ

સામાજીક અને આર્થિક સશક્તિકરણની પ્રક્રિયાએ ઉચ્ચ શિક્ષણનાં ક્ષેત્રે એસ.સી. અને એસ.ટી. સમુદાયની ભાગીદારી વધારી છે, જે સારા જીવન, સામાજિક દરજ્જા અને આર્થિક તકો માટેનો પાસપોર્ટ છે. એસ.સી. અને એસ.ટી. સમુદાયનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (જી.ઇ.આર.)માં છેલ્લાં પંદર વર્ષમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ઉદાહરણ તરીકે એસ.સી. સમુદાયે વર્ષ ૨૦૦૫-૦૬નાં માત્ર ૮.૪ ટકાની તુલનામાં ૨૦૧૪-૧૫માં ૧૯.૧ ટકા જી.ઇ.આર. નોંધાવીને પોતાની ભાગીદારીમાં સુધારો કર્યો છે.(ટેબલ-૧) તેવીજ રીતે અનુસૂચિત જનજાતિનાં લોકોનો ૨૦૦૫-૦૬માં જી.ઇ.આર. ૬.૬ ટકા હતો, જે ૨૦૧૪-૧૫માં સુધરીને ૧૩.૭ ટકા થયો છે.

હકીકતમાં આ દરમાં ધીમી ગતિએ વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી જ રાજ્યની નીતિઓમાં કરાયેલા સુધારા અને નવી સદીમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સંસ્થાકિય નિર્માણનાં બીજા તબક્કાનાં પગલે વધારો થઇ રહ્યો છે. જો આપણે ૧૯૯૯-૨૦૦૦ના એસ.સી. સમુદાયનાં જી.ઇ.આર. (૫.૦૯ ટકા)ને જોઇએ તો, ૨૦૧૪-૧૫માં તે વધારો લગભગ ચાર ગણો વધ્યો છે. એસ.ટી. સમુદાયનાં કેસમાં તે વિકાસ માત્ર બમણો જ થયો છે. (૧૯૯૯-૨૦૦૦માં તે ૬.૪૩ ટકા હતો જે ૨૦૧૪-૧૫માં વધીને ૧૩.૭ ટકા થયો છે) (રાવ, ૨૦૧૭, જીઓઆઈ, ૨૦૧૬: પાના નંબર ૨૯ અને ૩૧). તેનાથી વિપરિત એકંદરે બિનઅનામત વર્ગનાં લોકો સહિત તમામ જૂથોનાં જી.ઇ.આર.માં ૨૦૦૫-૦૬ના ૧૧.૬ ટકાની તુલનામાં ૨૦૧૪-૧૫માં વધારો થઇને તે દર ૨૪.૩ ટકા પહોંચ્યો છે.

અહીં થોડા અનુમાન લગાવી શકાય છે. વર્ષ ૨૦૦૦ અને ૨૦૧૫ વચ્ચેનાં સમયગાળા દરમિયાન તમામ જૂથોમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ભાગીદારીમાં ઉંચું પ્રમાણ જોવા મળ્યું છે, જેમાં એસસીનું સૌથી વધારે હતું. એસ.સી. અને એસ.ટી. સમુદાયની મહિલાઓને પણ આ વૃદ્ધિનો સૌથી વધારે ફાયદો મળ્યો છે. ઉદાહરણ તરીકે જોઇએ તો, ૨૦૦૫-૦૬ (એસ.સી. મહિલાઓ માટે તે દર ૬.૪ અને એસ.ટી. મહિલાઓ માટે તે દર ૪.૭ હતો) અને ૨૦૧૪-૧૫ વચ્ચે ત્રણ ગણો વધ્યો છે. (એસ.સી. મહિલાઓ માટે ૧૮.૨ ટકા અને એસ.ટી. મહિલાઓ માટે ૧૨.૩ ટકા હતો)

એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં લોકોની ભાગીદારીમાં ઊંચા કુદકાનું આ પ્રમાણ આ જૂથોમાં સામાજિક અને આર્થિક સશક્તિકરણ માટે શિક્ષણનાં મહત્વ અંગે વધી રહેલી સભાનતાને દર્શાવે છે. સાથે જ તેનો આ અર્થ પણ થાય છે કે એસ.સી. અને એસ.ટી. સમુદાયની પહેલી પેઢીનો ઉચ્ચ શિક્ષણનાં ફાયદામાં મોટા પ્રમાણમાં સમાવેશ થયો હતો જેના કારણે તેમનો સશક્તિકરણની પ્રક્રિયામાં પણ સમાવેશ થયો હતો. અહીં મુદ્દાની વાત એ છે કે જે રીતે એસ.સી. અને એસ.ટી. સમુદાયના લોકો ટોચની મુલકી સેવાઓમાં સ્થાન પામવા સક્ષમ બની રહ્યા છે તેવી જ રીતે તેઓ ક્યારેય એકદમ અઘરા મનાતા વ્યવસાયો જેવા કે એન્જીનિયરિંગ,

**કોષ્ટક ૧: ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (૨૦૦૫-૦૬ થી ૨૦૧૪-૧૫)**

| | તમામ | | | એસ.સી. | | | | એસ.ટી. | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પુરુષ | મહિલા | કુલ | પુરુષ | મહિલા | કુલ | પુરુષ | મહિલા | કુલ |
| ૨૦૦૫-૦૬ | ૧૩.૫ | ૯.૪ | ૧૧.૬ | ૧૦.૧ | ૬.૪ | ૮.૪ | ૮.૬ | ૪.૭ | ૬.૬ |
| ૨૦૧૪-૧૫ | ૨૫.૩ | ૨૩.૨ | ૨૪.૩ | ૨૦.૦ | ૧૮.૨ | ૧૯.૧ | ૧૫.૨ | ૧૨.૩ | ૧૩.૭ |

સ્રોત: ભારત સરકાર, ૨૦૧૬, પાના નંબર ૨૫,૨૯ અને ૩૧

મેડિસિન, લો અને યુનિવર્સિટી શિક્ષણ ક્ષેત્રે પણ પોતાની ભાગીદારીનાં પ્રમાણમાં ધરમૂળ પરિવર્તન આણવા ઇચ્છુક છે. પરિણામ, આ બાબતે મધ્યમવર્ગ, આ જાતિઓ અને આદિવાસી જૂથોનાં વ્યવસાયિક પ્રોફાઇલનું રિસ્ટ્રક્ચરિંગમાં પરિવર્તિત થયું છે.જોકે, અહીં આ વાત ધ્યાનમાં રાખવા જોગ છે કે ચોથાં વર્ગની મોટી સંખ્યાની નોકરીઓ, ખાસ કરીને નીચલા સરકારી વિભાગો અને ખાનગી સેક્ટરની નોકરીઓમાં એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં લોકોનું પ્રમાણ વધારે છે, જેના કારણે આધુનિક અને સેક્યુલર વ્યવસાયોમાં અંધાધુંધી ફેલાઇ છે. આનું એક કારણ મોટી સંખ્યામાં સ્કૂલનો અભ્યાસ વહેલાં છોડી દેનારા લોકો દ્વારા સત્તાવાર રોજગાર ક્ષેત્રે નીચલા સ્તરની નોકરીઓ સ્વીકારવાની વૃતિ પણ છે. આ પ્રણાલી કરતા અલગ, નીચલા દરજ્જાથી ઉચલા દરજ્જા તરફ પ્રયાણ, આધુનિક વ્યવસાયોએ એસ.સી. અને એસ.ટી. સમુદાય વચ્ચે નોંધપાત્ર સામાજિક પરિવર્તન અને ગૌરવની લાગણી આણી છે. અન્ય મહત્વની બાબત જે જોવા મળી છે તે એ છે કે હવે વધુ ભણેલા એસ.સી. અને એસ.ટી. વ્યવસાયિકો ઉચ્ચ શિક્ષણ અને રોજગાર માટે વિદેશ તરફ નજર કરી રહ્યાં છે. અને સાથે જ પોતાના યજમાન દેશમાં પોતાના જૂથોનું પણ નિર્માણ કરી રહ્યા છે, જે તેમણે જે વંચિતતાનો સામનો કર્યો છે ત્યાં મહત્વપૂર્ણ સામાજિક અને આર્થિક સશક્તિકરણને દર્શાવે છે. દેશની અંદર આ વાતને ધ્યાનમાં રાખવાની જરૂર છે કે હજું પણ આ સમુદાયો પર અત્યાચારનાં બનાવો સામે આવી રહ્યા છે, જે આ ફાયદાઓને ઝાંખા બનાવે છે.

**ચિંતાઓ**

જોકે હજું પણ કેટલીક ચિંતાઓ છે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનાં વધી રહેલા ખાનગીકરણની સામાજિક રીતે વંચિત વર્ગના લોકો પર પ્રતિકૂળ અસર પડી છે અને તે ઉભરતા એસ.સી. એ એસ.ટી. સમુદાયનાં લોકોની સામાજિક ગતિશીલતાને મર્યાદિત કરતી હોય તેમ જણાય છે. પહેલાં, વર્ષ ૨૦૦૦ બાદ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મોટાભાગનો વિકાસ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં જોવા મળ્યો હતો, ત્યાં સુધી એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં મોટા વર્ગની પહોંચ નહોતી થઇ શકી કારણ કે તે સંસ્થાઓમાં બંધારણમાં નિર્દિષ્ટ અનામતની જોગવાઇ લાગૂ પડતી નહોતી. પરિણામે એસ.સી. અને એસ.ટી. વર્ગનાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ મેળવવા ઇચ્છુક મોટી સંખ્યાનાં વિદ્યાર્થીઓએ સામાન્ય ઊચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ લીધો હતો. એટલે કે તેમની રોજગારની સંભાવના ખુબ જ ધુંધળી હતી. બીજૂ,ખાનગી સેક્ટરનાં રોજગાર જ્યાં મોટા પાયે હાલ રોજગારની તકો મળી રહે છે, ત્યાં અનામતની કોઇ વ્યવસ્થા નથી. તેથી એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં લોકો તેનાથી બાકાત રહે છે અથવા તો તેઓ શિક્ષિત બેરોજગાર બની રહે છે. આ બે મુદ્દાઓએ  એક રીતે સ્વતંત્રતા પ્રાપ્તી બાદ વંચિત વર્ગનાં લોકો માટે સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં પ્રાપ્ત કરેલી ગતિ સાથે પોતાની ગતિ જાળવીને બેઠા છે.

વધુમાં, તમામ જૂથોમાં જાતીય અસમાનતા (ખાસ કરીને એસ.સી. અને એસ.ટી. સમુદાય માટે) આજે પણ ગંભીર મુદ્દો બનેલો છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી વધી છે, ત્યારે હજું પણ તેઓ પુરુષો કરતા ઘણી પાછળ છે. શહેરી વિસ્તારની એસ.સી. અને એસ.ટી. સમુદાયની મહિલાઓ પોતાની ગ્રામ્ય વિસ્તારની સહભાગીઓની તુલનામાં આગળ છે. મતલબ તે મહિલાઓનાં એક મોટા ભાગને ઉચ્ચ શિક્ષણ સુધી વ્યાપક પહોંચને કારણે થઇ રહેલા સામાજિક પરિવર્તનનો લાભ મળી રહ્યો નથી. અહીં નોંધ કરવાની મહત્વપૂર્ણ બાબત આ છે કે શહેરી એસ.સી. અને એસ.ટી. મહિલાઓ, જે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ કરે છે, તે મોટાભાગે બીજી પેઢીની હકારાત્મક નીતિઓની લાભાર્થી હોય છે, જેનો અર્થ એમ પણ થાય છે કે એસ.સી. અને એસ.ટી. પરિવારોની પહેલી પેઢીનો મોટો હિસ્સો, ખાસ કરીને આ પરિવારોની મહિલાઓને નીતિગત માળખા અને સામાજિક અને આર્થિક સશક્તિકરણની સંભાવનાનાં દાયરામાં આવરી લેવાની છે, આ મુદ્દાને આગળ વધારતા આપણે ગ્રામ્ય વિસ્તારનાં એસ.સી. અને એસ.ટી. પરિવારોની સત્તાવાર રોજગાર સેક્ટરમાં સ્થિતિને ચકાસીએ

કોષ્ટક ૨ ગ્રામ્ય વિસ્તારની એસ.સી. અને એસ.ટી. જનતાનું સત્તાવાર રોજગારનાં ક્ષેત્રે ખુબજ નિરાશાજનક ચિત્ર દર્શાવે છે.આ ક્ષેત્રે પ્રવેશ માટે કેટલીક હદ સુધી શિક્ષણ હોવું પૂર્વશરત છે. એટલું જ નહીં, તે એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં વંચિત વર્ગનાં લોકોનાં વિકાસ અને સશક્તિકરણ માટે ઘડાયેલી સકારાત્મક નીતિઓની બિનઅસરકારકતા પણ દર્શાવે છે.

આવાં શિક્ષિત બેરોજગારીનાં કંગાળ પરિદ્રષ્ય વચ્ચે અન્ય ચિંતાનું કારણ છે કે સરકારી ક્ષેત્રની નોકરીએ સતત ઘટી રહી છે અને સ્વતંત્રતા પ્રાપ્તી બાદનાં સમયમાં સતત વધી રહેલા ખાનગીકરણનાં ટ્રેન્ડને કારમે વિસ્તાર પામી રહી નથી. અને ખાનગી ક્ષેત્રનાં રોજગારમાં, અનામતની કોઈ જોગવાઈ નથી, પરિણામે એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં લોકોનાં સશક્તિકરણની પ્રક્રિયા ધીમી બને છે. એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં લોકો વચ્ચે રોજગારનો અભાવ સાથે જ આ સામાજિક જૂથોમાં શિક્ષણ પ્રત્યે નિરસતાની ભાવના તરફ પણ દોરી જઈ શકે છે.

તેથી, દેશમાં મોટી સંખ્યામાં એસ.સી. અને એસ.ટી. સમુદાયનાં લોકોના જીવન સ્તરમાં છેલ્લાં કેટલાંક દાયકામાં સુધારો થયો છે, પણ હજું પણ તેમાં ઘરખમ સુધારાની જરૂર છે. જોકે, પરિવર્તન માટેનો આધાર પહેલાં જ તૈયાર કરી દેવાયો છે અને એસ.સી. અને એસ.ટી. સમુદાયો શિક્ષણનાં મહત્વ પ્રત્યે સતત સભાન બની રહ્યાં છે, જે એક સમતાવાદી ઉચ્ચ શિક્ષણ તંત્ર અને સમાજનાં નિર્માણમાં મદદ કરશે. આ વાત સામે જરાય શંકા નથી કે સારા અને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સુધીની પહોંચ અને સુરક્ષિત રોજગાર સુધીની પહોંચ આ ઐતિહાસિક રીતે જ હાંશિયે ધકેલાયેલા સમુદાયનાં સામાજિક સશક્તિકરણ નો સ્પષ્ટ માર્ગ છે.

**સંદર્ભ**


ભારત સરકાર (જી.ઓ.આઈ.), ૨૦૧૬, શૈક્ષણિક આંકડાઓ – એક નજરે, માનવ સંશાધન વિકાસ મંત્રાલયઃ નવી દિલ્હી, પાના નંબર ૨૫, ૨૯ અને ૩૧ ને ૯ જુલાઈ, ૨૦૧૮ના રોજ ૩ વાગે પર http://mhrd.gov.in/sites/upload_files/mhrd/files/statistics/ESG2016_0.pdf પર પહોંચ મેળવી શકાય છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલય, સામાજિક-આર્થિક અને જાતી સર્વે ૨૦૧૧,ને ૯ જુલાઈ, ૨૦૧૮ના રોજ ૫ વાગે પર at http://secc.gov.in,પહોંચ મેળવી શકાય છે.

રાવ. એસ.શ્રીનિવાસ.૨૦૧૭ ટ્રાન્ઝિશન ફ્રોમ એલિટ ટુ માસ સિસ્ટમ ઓફ હાયર એજ્યુકેશન ઈન ઈન્ડિયા – વોટ ડસ માસિફિકેશન મીન ફો ઈક્વાલિટી, જરનલ ઓફ એજ્યુકેશનલ પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન, વોલ્યુમ ૩૧, નં.૨, પીપી ૧૪૧-૧૫૬


કોષ્ટક ૨ઃ વિભિન્ન સેક્ટરમાં રોજગાર ધરાવતા ગ્રામ્ય વિસ્તારના એસ.સી. અને એસ.ટી. પરિવારોની ટકાવારી

| | **એસ.સી.** | **એસ.ટી.** |
|---|---|---|
| કુલ ગ્રામીણ પરિવારો | ૩૩૧૬૪૦૮૫ | ૧૯૭૩૭૩૯૯ |
| સરકારી | ૩.૯૫ ટકા | ૪.૩૬ ટકા |
| જાહેર | ૦.૯૩ ટકા | ૦.૫૮ ટકા |
| ખાનગી | ૨.૪૨ ટકા | ૧.૪૮ ટકા |

નોંધઃ ટકાવારી સંબંધિત કેટેગરીમાં રહેલા કુલ પરિવારોનાં પ્રમાણમાં છે

સ્ત્રોતઃ ગ્રામીણ વિકાસ મંત્રાલય, ૨૦૧૧


**એસ. શ્રીનિવાસ રાવ ઝાકિર હૂસેન સેન્ટર ફોર એજ્યુકેશન સ્ટડીઝ, સ્કૂલ ઓફ સોશ્યલ સાયન્સિસ, જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ) નવી દિલ્હીનાં એસોસિએટ પ્રોફેસર ઓફ સોશિયોલોજી છે.**

**E-mail: srinivas.zhces@gmail.com**

**સુંદરેશ ડી.એસ. ઝાકિર હૂસેન સેન્ટર ફોર એજ્યુકેશન સ્ટડીઝ, સ્કૂલ ઓફ સોશ્યલ સાયન્સિસ, જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ) નવી દિલ્હીનાં ડોક્ટરલ સ્ટુડન્ટ છે.**



**આગામી આકર્ષણ**

**સપ્ટેમ્બર-૨૦૧૮**

**EMPLOYMENT AND SELF EMPLOYMENT**

**રોજગાર અને સ્વરોજગાર**

# દિવ્યાંગ લોકો માટે સામાજિક સશક્તિકરણ

**સંધ્યા લીમાયે**



સરકાર દ્રષ્ટિની ખામી ધરાવતા લોકો માટે ટીવીનાં કાર્યક્રમોને વધારે ઉપયોગી બનાવવા માટે સેટ ટોપ બોક્સીસની પણ શરૂઆત કરવાનું આયોજન કરી રહી છે. વર્તમાન સમયમાં માત્ર સાઈન લેંગ્વેજ સાથેનું એકમાત્ર સમાચાર બુલેટીન ચાલે છે, સરકાર આગામી પાંચ વર્ષ માટે દર વર્ષે સાઈન લેંગ્વેજમાં ૨૦૦ લોકોને તાલીમ આપશે. સાંકેતિક ભાષાને ૨૫ ટકા કાર્યક્રમોમાં શરુ કરવામાં આવશે જેમાં શરૂઆત દુરદર્શનને વધુ દિવ્યાંગ લોકોને અનુકુળ કરવા સાથે કરવામાં આવશે.

ભારતમાં સૌથી મોટા સમુદાયમાંનો એક કે જેણે અનેક વર્ષો સુધી અવગણના, વંચિતતા, અળગાપણું અને તિરસ્કાર સહન કર્યો હોય તો તે શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોનો સમુદાય છે. ભારતમાં દિવ્યાંગ લોકોને હજુ પણ દબાવવામાં આવે છે, તેમને નિમ્ન ગણવામાં આવે છે અને સંપૂર્ણ નાગરિકતા અને ભાગીદારી માટેની તકો આપવા માટે ઇનકાર કરી દેવામાં આવે છે. સમાજની તે લોકો માટેની સતત રૂઢિગત અને પૂર્વગ્રહ યુક્ત માન્યતા કે તેઓ નિમ્ન છે, અસક્ષમ છે, અયોગ્ય છે, અને સમાજ તથા પરિવારનાં સંસાધનો ઉપર એક બોજ છે તેના કારણે તેઓને એક ગુણવત્તાયુક્ત જીવન જીવવાથી પણ દુર રાખવામાં આવે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર, ભારતમાં દિવ્યાંગ લોકોની સંખ્યા ૨૬૮.૧૪ લાખ છે જે દેશની કુલ વસ્તીનો ૨.૨૧% ભાગ આવરી લે છે. દિવ્યાંગ લોકોની કુલ સંખ્યામાં સૌથી વધુ ૫૪.૩૭ લાખ શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોની છે ત્યારબાદ ૫૦.૭૩ સાંભળવાની અક્ષમતા ધરાવતા અને ૫૦.૩૩ દ્રષ્ટિની મર્યાદા ધરાવતા લોકો છે. દિવ્યાંગ લોકોનાં પુનર્વસનનાં ક્ષેત્રમાં વ્યવસાયિકોની વચ્ચે બદલાઈ રહેલ આકર્ષણનું કેન્દ્ર આજનાં સમયમાં દિવ્યાંગ લોકોનાં અધિકારો, તકોની સમાનતા અને મુખ્ય પ્રવાહના સમાજમાં તેમના સમાવેશન ઉપર છે. હવે અધિકૃત રીતે એ બાબતને સ્વીકારવામાં આવી છે કે દિવ્યાંગ લોકો એ પણ સામાન્ય માનવીઓ છે કે જેમની અન્ય સામાન્ય લોકોની જેમ જ આર્થિક, લાગણીશીલ, શારીરિક, બુદ્ધીમય, આધ્યાત્મિક, સામાજિક અને રાજકીય જરૂરિયાતો હોય છે. જોકે આપણે ઘણો લાંબો માર્ગ કાપી નાખ્યો છે, તેમ છતાં શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોને સશક્ત બનાવીને સંકલિત, અવરોધમુક્ત અને અધિકાર સાથેના સમાજનું નિર્માણ કરવા માટે હજુ ઘણું કરવાનું બાકી છે.

સશક્તિકરણ શબ્દનાં જુદા જુદા સામાજિક સાંસ્કૃતિક અને રાજકીય સંદર્ભમાં જુદા જુદા અર્થો થાય છે. આ શબ્દની અંદર સ્વક્ષમતા, સંયમ, પોતાના અધિકારો માટે લડવા સક્ષમતા, સ્વતંત્ર અને પોતાના નિર્ણયો જાતે લેવાનો સમાવેશ થાય છે. સશક્તિકરણ એ વ્યક્તિગત અને સંયુક્ત સ્તર ઉપર લાગેવળગે છે અને તે આર્થિક, સામાજિક અને રાજકીય હોઈ શકે છે અર્થાત વ્યક્તિનાં જીવનને અસર કરતા સંસાધનો અને નિર્ણયો ઉપર જે તે વ્યક્તિની સત્તા અને અંકુશને વધારવો. સામાજિક સશક્તિકરણ એ


અમલીકરણ માટેનું વિશાળ ક્ષેત્ર છે કે જે સામાજિક કાર્ય અને સમુદાયનાં વિકાસને લગતા સિદ્ધાંતો ઉપર વિસ્તરેલું છે. સામાજિક કાર્યોમાં સશક્તિકરણ એ સંસાધન કેન્દ્રિત દખલગીરીની વ્યવહારિક પહોંચ છે.

દિવ્યાંગ લોકોનાં સામાજિક સશક્તિકરણ માટે સરકારી પહેલો

નીતિગત મુદ્દાઓને લક્ષ્ય કેન્દ્રિત ધ્યાન આપવા માટે અને દિવ્યાંગ લોકોનાં કલ્યાણ અને સશક્તિકરણ માટેની પ્રવૃત્તિઓને એક અર્થસભર ઝોક આપવા માટે મે ૧૨, ૨૦૧૨નાં રોજ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાંથી દિવ્યાંગ લોકોનાં સશકતીકરણ માટે એક અલગ વિભાગની રચના કરવામાં આવી છે. આ વિભાગનાં મુખ્ય ઉદ્દેશ્યોમાંનો એક ઉદ્દેશ્ય એ અન્ય યોજનાઓની સાથે સાથે એડીઆઈપી, એસઆઈપીડીએ, ડીડીઆરએસ જેવા સામાજિક સશક્તિકરણ સહીત વિવિધ પરીદ્રશ્યોમાં પુનર્વસનનો છે

**૧. દિવ્યાંગ લોકોને સાધનોની ખરીદી/ ફીટીંગ માટે અને સાધનો મેળવવા માટે મદદ યોજના (એડીઆઈપી)**

આ યોજના અંતર્ગત છેલ્લાં ત્રણ વર્ષમાં (૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન) ૪૩૦.૯૮ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ઈન એઈડનો ઉપયોગ કરવામાં આવી ચુક્યો છે કે જેણે સમગ્ર ભારતમાં ૫૨૬૫ કેમ્પના માધ્યમથી ૭.૦૩ લાખ દિવ્યાંગ લોકોને લાભ અપાવ્યો હતો. સૌપ્રથમ વાર એડીઆઈપી યોજના અંતર્ગત કોચ્લીયર ઈમ્પ્લાન્ટ કાર્યક્રમ દિવ્યાંગ લોકોનાં આંતરરાષ્ટ્રીય દિવસ, ૨૦૧૪ ઉપર જાહેર કરવામાં આવ્યો હતો જેમાં સમગ્ર દેશમાં ૧૭૨ દવાખાનાઓને આવરી લેવામાં આવ્યાં હતાં. આ સમયગાળા દરમિયાન સર્જરીનાં ૭૯૪ કેસો (એડીઆઈપી અંતર્ગત ૬૬૭ અને સીએસઆર અંતર્ગત ૧૨૭) લેવામાં આવ્યાં હતાં અને તમામ કેસોને ઓપરેશન પછીનાં પુનર્વસનમાં સ્થળાંતરિત કરવામાં આવ્યાં હતાં. એડીઆઈપી યોજના અંતર્ગત મંત્રાલય અતિશય વિકલાંગતા ધરાવતા લોકોને ૩૭,૦૦૦/- રૂપિયાની કિંમત ધરાવતી મોટરવાળી ટ્રાયસિકલ સબસીડીના ભાવે નંગ દીઠ ૨૫,૦૦૦/- રૂપિયાની કિંમતે આપે છે (બાકીના ૧૨૦૦૦/ - રૂપિયા એમપી/એમએલએ/ રાજય સરકારની સહાય/લાભાર્થીઓ દ્વારા પોતાના માધ્યમથી ગોઠવવામાં આવે છે). આમ છેલ્લાં ત્રણ વર્ષમાં ૯.૧૦ કરોડ રૂપિયાનાં ખર્ચે ૩૬૩૯ લાભાર્થીઓએ મોટરસાયકલ મેળવી છે. આમ, આ પ્રકારની મદદ અને સાધનો દિવ્યાંગ લોકોને વધુ સત્તા અને ગતિશીલતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે કે જે તેમને સામાજિક ભાગીદારી અને સમાવેશીતા તરફ દોરી જાય છે.



ટેકનોલોજી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ્સ મિશન મોડમાં: શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોને સુયોગ્ય અને રાહતનાં દરે ટેકનોલોજીનાં અમલીકરણનાં માધ્યમથી સાધનો અને સરંજામ પૂરો પાડવાનાં ઉદ્દેશ્યથી અને તેમની માટે રોજગારીની તકો વધારવા તેમજ સમાજમાં તેમની સમાવેશિતા વધારવા માટે ઉપરોક્ત યોજનાને ૧૯૯૦-૯૧માં શરું કરવામાં આવી હતી. આ યોજના હેઠળ સુયોગ્ય સંશોધન અને વિકાસનાં પ્રોજેક્ટ્સને ઓળખી કાઢવામાં આવ્યાં હતાં અને સાધનો અને ઉપકરણોને વિકસિત કરવા માટે અનુદાન આપવામાં આવ્યું હતું. આઈઆઈટી, શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ અને સેવાભાવી સંસ્થાઓ વગેરેનાં માધ્યમથી આ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. ૧૦૦%ના આધાર પર નાણાકીય મદદ પૂરી પાડવામાં આવી રહી છે. ચાર ટેકનીકલ સલાહકારી જૂથો પ્રોજેક્ટ્સની પસંદગી અને વિકલાંગતાનાં ક્ષેત્રો જેવા કે ઓર્થોપેડિક (સેરેબ્રલ પાલ્સી સહીત), દ્રષ્ટિની, બોલવાની અને સાંભળવાની તથા માનસિકતાનાં વિવિધ સ્તર પર થઈ રહેલ પ્રગતિની દેખરેખ રાખે છે. જે તે ટેકનીકલ સલાહકારી જૂથ દ્વારા ભલામણ કરવામાં આવેલા તમામ પ્રોજેક્ટ્સને સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયનાં સચિવની

અધ્યક્ષતામાં મળેલ સર્વોચ્ચ સ્તરીય સમિતિ સમક્ષ રજુ કરવામાં આવે છે.

**૨. માધ્યમિક સ્તરે દિવ્યાંગ માટે સંકલિત શિક્ષણ (આઈઈડીએસએસ)**

આ યોજના વિકલાંગતા ધરાવતા ૧૪ વર્ષના કે તેથી વધુ વયનાં બાળકોને સરકારી, સ્થાનિક સંસ્થાઓ અને સરકાર દ્વારા અનુદાનિત શાળાઓમાં ધોરણ ૯થી લઈને ધોરણ ૧૨ સુધી તેમનું માધ્યમિક શિક્ષણ પૂરું કરવામાં સહાય કરે છે. આ યોજના પ્રાથમિક શાળામાંથી માધ્યમિક શાળામાં પ્રવેશ કરતા વિકલાંગતા ધરાવતા બાળકોની ઓળખ પૂરી પાડે છે અને તેમને તેમની વિકલાંગતા માટે જરૂરી સાધનો અને ઉપકરણો, શિક્ષણની સામગ્રી, વાહનવ્યવહારની સુવિધા, હોસ્ટેલની સુવિધા, શિષ્યવૃત્તિ, પુસ્તકો, સહાયક ટેકનોલોજી અને લહિયાઓ તથા વાચકો પુરા પાડવાની જોગવાઈ પુરી પાડે છે. વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ તેમનું ઉચ્ચ શિક્ષણ પૂરું કરવા માટે વિવિધ શિષ્યવૃત્તિઓ પણ મેળવે છે. આ પ્રકારનું સંકલિત શિક્ષણ શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોને અન્ય સક્ષમતા ધરાવતા લોકો સાથે કામ કરવામાં મદદ કરે છે અને તેમની માટે સમાવેશીતાનો માર્ગ મોકળો કરે છે.

**૩. એક્સેસીબલ ઈન્ડિયા કેમ્પેઈનઃ**

આ કેમ્પેઈન ૩.૧૨.૨૦૧૫નાં રોજ દિવ્યાંગો માટે પર્યાવરણ, વાહનવ્યવહાર, માહિતી અને દુરસંચાર ટેકનોલોજી (આઈસીટી) ઈકોસીસ્ટમમાં સાર્વત્રિક પહોંચનું નિર્માણ કરવા માટે શરુ કરવામાં આવ્યું હતું. આ કેમ્પેઈન અક્ષમતાનાં સામાજિક મોડલનાં સિદ્ધાંતો કે અક્ષમતા એ



જે રીતે સમાજનું આયોજન કરવામાં આવ્યું છે તેનાં આધારે જોવા મળે છે અને વ્યક્તિની પોતાની મર્યાદાઓ કે વિકલાંગતાને લીધે નહી. નિષ્ણાતોની એક ટુકડી બિલ્ડર્સ અને એક્ટીવીસ્ટસ સહિતાનાં તમામ મુખ્ય સ્ટેકહોલ્ડર્સને સંવેદનશીલ બનાવવા માટે જાગૃતિ કાર્યક્રમો અને કાર્યશાળાઓનું આયોજન કરવા માટે કામ કરી રહી છે. એક વેબ પોર્ટલનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે કે જ્યાં લોકો પિક્ચર્સ અપલોડ કરી શકે છે અને કોઈપણ ઈમારતની પહોંચ મેળવવા માટે કમેન્ટ કરી શકે છે.

**૪ સ્કીમ ફોર ઈમ્પલીમેન્ટેશન ઓફ પર્સન્સ વિથ ડીસએબિલીટી એક્ટ (એસઆઈપીડીએ)**

આ એક વિશાળ પરિદ્રશ્ય ધરાવતી યોજના છે કે જેની અંતર્ગત કૌશલ્ય વિકાસ, અવરોધ વિનાના વાતાવરણ નિર્માણ, આ ક્ષેત્રને લગતી કોઈ સંસ્થા ચલાવવા અને આ કાયદાનાં અમલને લગતી કોઈ પણ અન્ય પ્રવૃત્તિ કરવા માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. ઉદાહરણ તરીકે, આ યોજના પીડબ્લ્યુડી એક્ટના વિભાગ ૪૬ અનુસાર દિવ્યાંગો માટે મહત્વની સરકારી ઈમારતોમાં અવરોધ વિનાનું વાતાવરણ પૂરું પાડે છે. તેમાં રેમ્પ્સ, રેલીંગ, લીફ્ટ, વ્હીલચેરનો ઉપયોગ કરનારાઓ માટેનાં વિશેષ શૌચાલય, બ્રેઈલ, સંકેત અને શ્રાવ્ય સંકેતો, સ્પર્શેન્દ્રિય ધરાવતી જમીન વગેરેની જોગવાઈનો સમાવેશ થાય છે.

**૫. દિનદયાળ દિવ્યાંગ પુનર્વસન યોજના (ડીડીઆરએસ)**

દિવ્યાંગ લોકોનાં પુનર્વસનને લગતા પ્રોજેક્ટ્સ માટે એનજીઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે; તે તેમને ૧૮ ગૌણ ઘટકોના માધ્યમથી તેમના મહત્તમ શારીરિક, સંવેદનશીલ, બૌદ્ધિક, માનસિક અને અથવા સામાજિક કાર્યરત સ્તરો સુધી પહોંચવા અને તેને જાળવી રાખવા સક્ષમ બનાવવા તરફ લક્ષિત છે.

**૬. ઈન્ફોર્મેશન, કમ્યુનિકેશન એન્ડ ટેકનોલોજી (આઈસીટી)**

શહેરમાં દિવ્યાંગ લોકોને અનુકુળ જાહેર એકમો અંગે માહિતી પૂરી પાડવા માટે એક મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવશે. મોબાઈલ કમ્યુનિકેશન દિવ્યાંગ લોકોને ઘણી

બધી નવી સંભાવનાઓ પણ પૂરી પાડે છે. આ ક્ષેત્રમાં સતત અનેક નવા સાધનોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે જેવા કે કમ્પ્યુટર માટે વાણીને ઓળખી જતા પ્રોગ્રામ. તે એટીએમ, બેંકો, મોલ્સ, શૌચાલયો ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે અને તે સ્થળો દિવ્યાંગ લોકો માટે કેટલા અનુકુળ છે તે માટે યુઝર દ્વારા રેટિંગની પણ સુવિધા આપવામાં આવશે. સરકાર દ્રષ્ટિની ખામી ધરાવતા લોકો માટે ટીવીનાં કાર્યક્રમોને વધારે ઉપયોગી બનાવવા માટે સેટ ટોપ બોક્સીસની પણ શરૂઆત કરવાનું આયોજન કરી રહી છે. વર્તમાન સમયમાં માત્ર સાઈન લેંગ્વેજ સાથેનું એકમાત્ર સમાચાર બુલેટીન ચાલે છે, સરકાર આગામી પાંચ વર્ષ માટે દર વર્ષે સાઈન લેંગ્વેજમાં ૨૦૦ લોકોને તાલીમ આપશે. સાંકેતિક ભાષાને ૨૫ ટકા કાર્યક્રમોમાં શરુ કરવામાં આવશે જેમાં શરૂઆત દુરદર્શનને વધુ દિવ્યાંગ લોકોને અનુકુળ કરવા સાથે કરવામાં આવશે.

સરકારી વેબસાઈટ ઉપરની માહિતીને પણ દ્રષ્ટિની ખામી ધરાવતા લોકો માટે સ્ક્રીન રીડર પ્રોગ્રામનાં માધ્યમથી શબ્દોમાંથી વાણીમાં રૂપાંતરિત કરવામાં આવશે.

**૭. લોકોને જાગૃત કરવા અને જાહેરાત કરવા માટેની યોજના**

આ યોજના ૨૦૧૪માં જાહેર કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ્ય કાર્યક્રમ આધારિત જાહેરાત વગેરે સહીત ઈલેક્ટ્રોનિક, પ્રિન્ટ, ફિલ્મ મીડિયા, મલ્ટી મીડિયાના માધ્યમથી દિવ્યાંગ લોકોનાં કલ્યાણ માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓ અને કાર્યક્રમોની મોટા પાયે જાહેરાત કરવાનો છે. તેનો ઉદ્દેશ્ય દિવ્યાંગ લોકોની સામાજિક સમાવેશિતા માટે અનુકુળ વાતાવરણનું નિર્માણ કરવાનો, દિવ્યાંગ લોકોનાં કાયદાકીય અધિકારો વિષે માહિતીનો પ્રચાર પ્રસાર કરવાનો, કર્મચારીઓ અને અન્ય તેના જેવા જૂથોને વિશેષ ક્ષમતા ધરાવતા લોકોની વિશેષ જરૂરિયાતો માટે સંવેદનશીલ બનાવવાનો, વિવિધ પ્રકારની અપંગતાઓનાં પુનર્વસન માટે માહિતીનું નિર્માણ કરવા, હેલ્પલાઈન પૂરી પાડવા વગેરેનો છે.

**ઉપસંહાર**

સામાજિક સશક્તિકરણ એ દિવ્યાંગ લોકો માટે ગુણવત્તાયુક્ત જીવન પ્રાપ્ત કરવા માટે અત્યંત અનિવાર્ય છે અને તે એક સતત ચાલતી પ્રક્રિયા છે તેમજ સાથે સાથે પરિણામ એમ બંને છે. સામાજિક સશક્તિકરણને સામાન્ય રીતે નીચેના ચાર સ્તર ઉપર લાગુ કરવામાં આવે છે: ૧) વ્યક્તિગત સ્તર – જ્યાં વ્યક્તિ પોતાની જાતની કદર કરે છે અને સક્રિયપણે જીવનમાં સહભાગી બનવા ઈચ્છે છે. ૨) પરિવારનાં સ્તરે – જ્યાં પરિવાર વિકલાંગતા ધરાવતા તેમના પરિવારના સભ્યો માટે માર્ગદર્શન મેળવે છે અને તેમના સામાજિક પુનર્વસન માટે તેમને સહાય કરે છે. ૩) સમુદાયનાં સ્તરે – જ્યાં જાગૃતિનાં કાર્યક્રમો યોજવામાં આવી શકે છે. સરકારી યોજનાઓની સાથે જ સમુદાય તરફથી મળતી સામાજિક સહાય એ સામાજિક સમાવેશિતા તરફ દોરી જાય છે કે જ્યાં વ્યક્તિને પોતાની અંગત પરિસ્થિતિમાં અને સમાવેશક પર્યાવરણમાં ભળવા માટે સંપૂર્ણ ટેકો આપવામાં આવે છે અને ૪) સામાજિક નીતિ સ્તર કે જે સામાજિક સમાનતા અને વિકલાંગતા ધરાવતા તમામ લોકોનાં સમાવેશિતા ને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરનાં કાર્યોને અસર કરે છે. જોકે સામાજિક સશક્તિકરણ અમલીકરણના બીજા વિસ્તારોના માધ્યમથી પણ પ્રાપ્ત કરી શકાય છે જેમ કે સમાવેશક શિક્ષણ અને સામાજિક આર્થિક સંકલન. તે અમલીકરણ માટેનો એક ચોક્કસ વિસ્તાર પણ છે કે જ્યાં સામાજિક સમાવેશિતાને સહાય કરવા માટે સાધનો, પદ્ધતિઓ અને પહોંચ ઉપલબ્ધ છે. આમ સામાજિક નીતિઓ અને સુવિધાઓ વિકલાંગતા ધરાવતા લોકોને સામાજિક સશક્તિકરણ મેળવવા માટે અસરકારક સાધન બની શકે તેમ છે.

**લેખિકા સેન્ટર ફોર ડિસેબીલીટી સ્ટડીઝ એન્ડ એક્શન, સ્કૂલ ઓફ સોશિયલ વર્ક, ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સિસના એસોસિએટ પ્રોફેસર, નેહરૂ ફૂલબ્રાઈટ એમરેટસ મુંડાસ એન્ડ રોકફેલર ફેલો છે.**

**તે વિવિધ ક્ષમતા ધરાવતાં (Differently abled) બાળકો સાથે વ્યક્તિગત અને પરિવારના સ્તરે કામ કરવાનો ૩૨ વર્ષનો અનુભવ ધરાવે છે અને ઘણા કોમ્યુનિટી એજ્યુકેશન પ્રોગ્રામનું સંચાલન કરી ચૂક્યાં છે. તેમણે દિવ્યાંગપણાનાં વિવિધ પાસાં આવરી લેતા વિવિધ લેખ પ્રસિધ્ધ કર્યા છે.**

**E-mail:**

**limaye.sandhya@gmail.com**

**slimaye@tiss.edu**

# નાણાકીય સમાવેશિકરણથી સશક્તિકરણ, નબળા વર્ગો માટે વધેલી તક

મુનીરાજૂ એસ.બી



હાંશિયે રહેલા ખેડૂતો, જમીન વિહોણા શ્રમિકો, મજૂરો, સ્વરોજગાર ધરાવતા લોકો અને અસંગઠિત ક્ષેત્રનાં સાહસો, શહેરી વિસ્તારમાં ઝુપડપટ્ટીમાં રહેતાં લોકો, વસાહતીઓ અથવા વંશીય લઘુમતિઓ અને સામાજિક રીતે બાકાત સમુહો, વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ નાણાકીય સમાવેશિતાનાં દાયરાની બહાર છે. તેમણે ઓળખ કરેલા પડકારોમાં, એજન્ટ અને વેન્ડરનું જોખમ, ઓરિયેન્ટેડ ખર્ચ પ્રણાલીનો વપરાશ, નિષ્ક્રિય ખાતા, જાગૃતિનું અપુરતુ સ્તર, માળખાકીય સુવિધાઓનો અભાવ, નીચો સાક્ષરતા દર, અને બચતની નબળી ટેવ, વસૂલાત સંબંધિત મુદ્દાઓ, નાના ટિકિટ ટ્રાન્ઝેક્શન અને ઊંચો ટ્રાન્ઝેક્શન ખર્ચ તથા ટકાઉપણાનું પરિબળ સામેલ છે.

રાભારતીય બંધારણનાં ઘડવૈયાઓએ આગોતરી રીતે વિચારણા કરીને ભારતીય બંધારણમાં સમાજનાં તમામ નબળા વર્ગોને જીવનનાં તમામ પાસામાં ન્યાય આપવા, દરજ્જામાં સમાનતા પ્રદાન કરવા સામાજિક સુરક્ષા અને આર્થિક તેમજ નાણાકીય સુરક્ષા પૂરી પાડવા માટે બંધારણમાં પુરતા પ્રમાણમાં અને ફરજિયાત જોગવાઇઓ કરી છે. ઉત્તરોતર આવેલી સરકારોએ વ્યાપક નાણાકીય સમાવેશીકરણ માટે અચુક રીતે અમલમાં મુકવા માટેની બાબતોની ઓળખ કરી હતી અને તેમણે સમય-સમયાંતરે ગરીબ વર્ગને સમાજનાં અન્ય વર્ગોની હરોળમાં લાવવા માટે નવી-નવી રીતો શોધીને મહત્વપૂર્ણ નીતિ સંબંધિત ફેરફારો કર્યા છે. ભારતની સરકારોએ સાથે જ, સમાજનાં છેવાડાનાં માનવીની આર્થિક અને સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે બંધારણમાં પણ મહત્વપૂર્ણ ફેરફાર કરીને તેને કાયદાકીય સ્વરૂપ પ્રદાન કર્યુ છે.

પ્રારંભિક પગલાનાં સ્વરૂપે બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું અને બેન્કો માટે પ્રાધાન્યતા ધરાવતા ક્ષેત્રોની જરૂરિયાતો પૂરી કરવા માટે ધીરાણ માટેની જોગવાઇઓ તૈયાર કરાઇ હતી. સરકારી નીતિ સંબંધિત પગલાઓ પાયાના સ્તરે અમલમાં આવે તે દેખાય તે માટે અગ્રણી બેન્ક યોજનાને અમલમાં મુકવામાં આવી હતી. ક્ષેત્રીય ગ્રામીણ બેન્ક (RRBs)ની સ્થાપના ગ્રામ્ય વિસ્તારોનો લોકોને તેમનાં ઘર આંગણે બેન્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે કરવામાં આવી હતી અને તેમાં સેવા વિસ્તાર વલણનાં સિદ્ધાંતને અપનાવવામાં આવ્યો હતો. સ્વયં સહાયતા સમુહો (SHGs) અને બેન્કો વચ્ચે જોડાણનાં કાર્યક્રમની શરૂઆત જરૂરિયાત વાળા લોકો પોતાનો બિઝનેસ શરૂ કરી શકે અને નવત વિચારો ટકી શકે અને તે ફાયદાકારક આર્થિક ગતિવિધીઓમાં પ્રવૃત થઇ શકે તે માટે કરાઇ હતી. ઉદાહરણ તરીકે, રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (RBI) દ્વારા વર્ષો દરમિયાન સમાજનાં નબળા વર્ગની બેન્કો સુધીની પહોંચ વધારવા માટે શ્રેણીબદ્ધ પગલાંઓ ભરવામાં આવ્યાં છે.

નાણાકીય સમાવેશિતાએ સમયસર નાણાકીય સેવા સુધી પહોંચ સુનિશ્ચિત કરવાની અને સમાજનાં નબળા વર્ગનાં લોકો અને આછી આવક ધરાવતા જૂથનાં લોકોને, તેમને પરવડી શકે તેવા દરે, તેમની જરૂરિયાત પ્રમાણે તેમને પુરતા પ્રમાણમાં નાણાકીય ધીરાણ ઉપલબ્ધ થઇ શકે તે માટે શરૂ કરવામાં આવેલી પ્રક્રિયા છે. નાણાકીય સમાવેશિતા સમાવેશી વિકાસ અને પ્રગતિના સંદર્ભમાં સૌથી મહત્વપૂર્ણ પરિબળ છે. સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવામાં અને નાણાકીય સમાવેશિતાનાં માંગ અને સપ્લાયનાં માર્ગમાં રહેલાં પડકારોનાં નિરાકરણમાં સરકાર, આરબીઆઈ, રાષ્ટ્રીયકૃત બેન્કો, શિડ્યુઅલ્ડ બેન્ક્સ, ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો અને હવે માઇક્રો ફાઇનાન્સ સંસ્થાનો (MFIS)એ ભજવેલી ભૂમિકાની પ્રસંશા કરવાની

જરૂરિયાત છે.

વૈશ્વિક સંદર્ભમાં જોઇએ તો મોટાભાગનાં દેશો હવે નાણાકીય સમાવેશિતાને વધુ સમાવેશી અને સુદ્રઢ વિકાસના માર્ગ તરીકે જુવે છે, જ્યાં દેશનો પ્રત્યેક નાગરિક આવકનો ઉપયોગ નાણાકીય સંશાધન તરીકે કરવા સમર્થ છે જેને ભવિષ્યની નાણાકીય સ્થિતિને સુધારવા માટે અને દેશની અર્થવ્યવસ્થાનાં વિકાસમાં પ્રદાન માટે પ્રયોજી શકાય છે. નાણાકીય સમાવેશિતા આજે સમાનતાપૂર્ણ સમાજનાં નિર્માણ માટે કેન્દ્ર સરકાર માટે ટોચની નીતિગત પ્રાધાન્યતા બની ગઇ છે કારણ કે ભારતની નોંધપાત્ર સંખ્યામાં વસ્તી આર્થિક અસુરક્ષા સાથે જીવે છે. વૈશ્વિક નાણાકીય સમાવેશિતાની દિશામાં ડગલા ભરવાની બાબત એ ભારત માટે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતા અને જાહેર નીતિગત પ્રાધાન્યતા બંને છે. બેકિંગ સેવા દેશનાં તમામ ૬,૪૯,૪૮૧ ગામડાઓ સુધી પહોંચે તે માટેજ નાણાકીય સમાવેશિતા નોંધપાત્ર વસ્તી માટે એક યોગ્ય અને ઉપયોગી બિઝનેસ વિકલ્પ બની છે અને સાથે જ તે નાણાકીય સંસ્થાનોની ટકવાની ક્ષમતા માટે પણ મહત્વની બાબત બની ગઇ છે.

**ભારતમાં નાણાકીય સમાવેશિતાના માર્ગમાં રહેલી અડચણોઃ**

કેટલાંક અભ્યાસોએ દર્શાવ્યું છે કે પુરતા પ્રમાણમાં કાયદાઓની હાજરી, નીતિ નિર્માતાઓ દ્વારા કરાયેલા ગંભીરતમ પ્રયાસો અને આરબીઆઈનાં દિશાનિર્દેશ, અગ્રણી બેન્કોની યોજનાઓ અને બેન્કિંગ લોકપાલની હાજરી હોવાં છતાં દેશમાં સંપૂર્ણ નાણાકીય સમાવેશિતાને પ્રાપ્ત કરી શકાય તે દિશામાં કેટલાક ચોક્કસ અવરોધો છે.

ભારતી ડી.બી (૨૦૧૬)એ પોતાનું અવલોકન રજૂ કરતાં કહ્યું હતું કે, માંગની તરફ જોઇએ તો નાણાકીય સમાવેશિતા માટે અભ્યાસમાં ઓળખ કરવામાં આવેલા કારમો ઓછી અથવા નીચી આવક, ગરીબી અને નિરક્ષરતા અને તેમજ જાગૃતિનો અભાવ હતા. જ્યારે સપ્લાય પાસાની વાત કરીએ તો શાખાની નજીકતા અથવા સામિપ્ય, સમય, જટિલ દસ્તાવેજ અને પ્રક્રિયા, બેન્ક સ્ટાફનો વ્યવહાર અને તેમની ભાષા જેવાં કારણોને ટાંકવામાં આવ્યાં હતાં.

રંજિની અને બાપટ (૨૦૧૫)એ પોતાના અવલોકનમાં કહ્યું હતું કે નાણાકીય સમાવેશિતાનાં લક્ષ્યની પ્રાપ્તીમાં બેન્કો સુધી પહોંચવામાં નડતરરૂપ એવી બાબતો, જેવીકે દસ્તાવેજોની જરૂરિયાત, લોન ફાળવણીની પ્રક્રિયા, સરળ ન હોય તેવી ફેર ચૂકવણની શરતો, જરૂરિયાત જણાવવામાં અસમર્થતા, નાના ઋણ માટે બેન્કમાં જવામાં થતો ખચકાટ, જેવી બાબતો મોટા અવરોધો છે.

ચરણ સિંઘે (૨૦૧૪)માં અવલોકન આપતા કહ્યું હતું કે ભારતીય રિઝર્વ બેન્ક અને ભારત સરકાર દ્વારા વિભિન્ન યોજનાઓ અને પગલાઓ શરૂ કરાયા બાદ પણ સંતોષકારક પરિણામ હજું સુધી સાંપડ્યું નથી. તેમણે વર્ગીકૃત કરેલા પડકારોમાં ગ્રાહકોને લગતા ટેકનીકલ મુદ્દાઓ, મોબાઇલ નંબરની નોંધણી અને પીન નંબર જનરેશનએ ગ્રાહક માટે નાણાકીય નિરક્ષરતાની સાથે જ એક સૌથી મોટો અવરોધ છે. જ્યારે બેન્કો માટે પહોંચ માટેની ચેનલ, મોબાઇલ સેવા ઓપરેટર સાથે સમન્વય એ અન્ય પડકાર છે. નાણાકીય સેવાઓનો ઓછો પ્રસાર, બિઝનેસ કોરસ્પોન્ડન્સની ઓછી દક્ષતા પણ નાણાકીય સમાવેશિતાની સફળતાને મર્યાદિત કરે છે.

રાજીવ ગુપ્તા (૨૦૧૪) અને સચિન્દ્ર જી.આર (૨૦૧૩)એ પોતાના અભ્યાસમાં અવલોકન રજૂ કરતા કહ્યું હતું કે હાંશિયે રહેલા ખેડૂતો, જમીન વિહોણા શ્રમિકો, મજૂરો, સ્વરોજગાર ધરાવતા લોકો અને અસંગઠિત ક્ષેત્રનાં સાહસો, શહેરી વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતાં લોકો, વસાહતીઓ અથવા વંશીય લઘુમતિઓ અને સામાજિક રીતે બાકાત સમુહો, વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ નાણાકીય સમાવેશિતાનાં દાયરાની બહાર છે. તેમણે ઓળખ કરેલા પડકારોમાં, એજન્ટ અને વેન્ડરનું જોખમ, ઓરિયેન્ટેડ ખર્ચ પ્રણાલીનો વપરાશ, નિષ્ક્રિય ખાતા, જાગૃતિનું અપુરતુ સ્તર, માળખાકીય સુવિધાઓનો અભાવ, નીચો સાક્ષરતા દર, અને બચતની નબળી ટેવ, વસૂલાત સંબંધિત મુદ્દાઓ, નાના ટિકિટ ટ્રાન્ઝેક્શન અને ઊંચો ટ્રાન્ઝેક્શન ખર્ચ તથા ટકાઉપણાનું પરિબળ સામેલ છે.

આશુ (૨૦૧૪)એ પોતાના અવલોકનમાં કહ્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં બેન્કોની શાખાઓ ઊંચા ટ્રાન્ઝેક્શન ખર્ચને કારણે ઉપલબ્ધ નથી. બિઝનેસ કોરસ્પોન્ડન્ટ (બીસી) મોડલ ગ્રામ્ય વિસ્તારોમાં ખુબજ મર્યાદિત જણાયું છે. નાણાકીય સાક્ષરતાનો અભાવ અને નાણાકીય પ્રોડક્ટ્સનું નબળું માર્કેટિંગ થવાના કારણે શહેરી ગરીબોમાં તેમના પ્રત્યે ખુબજ ઓછી જાગૃતિ જોવા મળતી હોય છે, જે ગરીબો બિનસત્તાવાર ક્રેડિટ સ્રોત પર આધાર રાખતા હોય છે, જે તેમની નાણાકીય જરૂરિયાતોને તેમની અનુકૂળતા પ્રમાણે પોષે છે. એટલું જ નીં બિનસત્તાવાર ક્રેડિટ સ્રોત ઉપલબ્ધ હોવાને કારણે શહેરી ગરીબો સ્વયં પણ પોતાને બેન્કોથી બાકાત રાખે છે. જટિલ નાણાકીય સેવા માર્કેટ વિસ્તૃત પ્રકારની પ્રોડક્ટ્સ ઉપલબ્ધ કરાવ છે જોકે, જાગૃતિનો અભાવ આ પ્રોડક્ટ્સનો ઉપયોગ નિયંત્રીત કરે છે.

રાવ એસ.કે (૨૦૧૦) અભ્યાસ સૂચવે છે કે સમાવેશી વિકાસની પ્રાપ્તી એ ૧૯૬૯માં બેન્કોનાં કરાયેલા રાષ્ટ્રીયકરણના કાર્યનું પરિણામ છે. અભ્યાસનાં હેતું માટે, તેમણે આરબીઆઇ દ્વારા ઉપલબ્ધ કરાયેલાં ડેટાની સમીક્ષા કરી હતી અને આ હકીકતને સાબિત કરી હતી કે બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું તે બાદથી બેન્કોના થયેલા વિકાસે બેન્કિંગ સેવાઓનો વ્યાપ ગ્રામ્ય વિસ્તારો સુધી લંબાવવા માટેનો માર્ગ મોકળો કર્યો છે. તેમનું કહેવું હતું કે બેન્કો દ્વારા જંગી ધોરણે શાખાના વિસ્તારની પ્રવૃતિ કરાવાતી હોવા છતાં, બેન્કિંગ સેક્ટર સામે રહેલા

પડકારો દૂર થયાં નથી અને દેશમાં પૂર્ણ સમાવેશી વિકાસની પ્રાપ્તી માટે નવી ચેનલોને ઓળખવાની તાતી જરૂરિયાત છે.

બદાજેના, એસ,એન અને પ્રો.ગુંદીમેડા એચ (૨૦૧૦)એ વર્ષ ૨૦૦૮માં દેશના સોળ રાજયોમાં નાણાકીય સમાવેશિતાની પ્રાપ્તી માટે સ્વયં-સહાયતા સમુહોને બેન્કો સાથે જોડવાનાં કાર્યક્રમની અસરનો અભ્યાસ કર્યો હતો. તેમના અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે સત્તાવાર બેન્કિંગ નેટવર્કનાં વ્યાપક કવરેજ છતાં, હજુ પણ સમાજના એક મોટા વર્ગની પાયાની નાણાકીય સેવાઓ સુધી પહોંચ નથી.

**વર્તમાન પરિદ્રષ્યઃ**

ભારત સરકાર સફળતમ રીતે નાણાકીય સમાવેશિતા માટે એકથી વધુ નવી રીતો અને આયામોને ચકાસી રહી છે. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન આપણે, સામાજિક અને આર્થિક સશક્તિકરણની દિશામાં અવિશ્વનીય પરિવર્તનના સાક્ષી બન્યા છે. હવે ધ્યાન ભાગીદારી અને નાગરિકોને પ્રવૃત કરવાના વિકાસના મોડલ પર કેન્દ્રીત થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક કરતા પણ વધુ વાર જનતા સમક્ષ આ અંગે પોતાની સરકારની પ્રતિબદ્ધતાને દોહરાવી છે. અને દેશની આર્થિક સિસ્ટમમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યા છે.

**સરકારમાં નાણાકીય સમાવેશિતાઃ**

**ધ નેશનલ શિડ્યુઅલ્ડ કાસ્ટ્સ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરશન (NSCFDC):** NSCFDCની સ્થાપના ભારત સરકારે ફેબ્રુઆરી ૧૯૮૯માં કંપનીસ એક્ટ, ૧૯૫૬ની કલમ ૩૫ (નફા માટે કામ નહીં કરતી કંપની તરીકે) હેઠળ એક સરકારી કંપની તરીકે કરી હતી. એનએસસીએફડીસીનો વ્યાપક હેતું બેવડી ગીરીબી રેખા (DPL) હેઠળ રહેતા અનુસૂચિત જાતિનાં સમુદાયોના આર્થિક સશક્તિકરણ માટે તેમને ફાઇનાન્સ પુરુ પાડવું, તેમને સવલતો પુરી પાડવી અને તેમના માટે ભંડોળ ફાળવણીનો હતો.

NSCFDC બેવડી ગરીબી રેખા હેઠળ રહેલા અનુસૂચિત જાતિના સમુદાયોને રાહત દરે લોન(ટર્મ લોન, માઇક્રો ફાઇનાન્સ અને શિક્ષણ અને બુનિયાદી શિક્ષણ અને તાલી માટેની લોન) પુરી પાડે છે, જે રાજ્યની એજન્સીઓ અને ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો મારફત પુરી પડાય છે. પ્રોત્સાહન ગતિવિધિઓ હેઠલ NSCFDC સાથે જ કૌશલ્ય વિકાસ અને માર્કેટિંગ માટે લક્ષ્યિત જૂથોને સીધી જ સહાયતા પૂરી પાડે છે.

શરૂઆત થઇ ત્યારથી ૩૧.૦૩.૨૦૧૫ સુધીમાં NSCFDCએ કુલ ૩૦૧૯.૮૭ કરોડની લોન પોતાની રાજ્ય ચેનલ એજન્સીઓ મારફત વહેંચી છે અને તેનો ફાયદો બેવડી ગીરીબી રેખા હેઠળ રહેલા અનુસૂચિત જાતિના ૯,૪૧,૦૩૪ લોકોને થયો છે.

**ધ નેશનલ શિડ્યુઅલ્ડ ટ્રાઇબ્સ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSTFDC):** NSTFDCની સ્થાપના વર્ષ ૨૦૦૧માં કરવામાં આવી હતી અને તેની સ્થાપના કંપનીસ એક્ટ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ સરકારી કંપની તરીકે કરવામાં આવી હતી. જેનો આશય નફા માટે કામ નહીં કરતી કંપની તરીકેનો હતો. અને તેનું કાર્ય અનુસૂચિત જનજાતિનાં લોકોને તેમની આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે રાહત દરે નાણાકીય સહાયતા ઉપલબ્ધ કરાવવાનો હતો.

NSTFDC સ્વયં સહાયતા સમુહોને સહાયતા કરે છે અને સાથે ૨૫ લાખ રૂપિયા સુધીનાં પ્રોજેક્ટ માટે સ્વયં સહાયતા સમુહોને નાણાકીય સહાયતા આપે છે અને પ્રતિ સભ્ય પ્રોજેક્ટનાં ૯૦ ટકા સુધી અને ૫૦,૦૦૦થી વધુ ન હોય તેમ સહાયતા આપે છે. સાથે જ તે આદિવાસી સમુદાયનાં કલાકારો અને કસબીઓને રાહત દરે, તેમના પ્રોજેક્ટ સંબંધિત સંપત્તિ અને કાર્યશીલ મૂડી માટે નાણાકીય સહાયતા આપે છે.

NSTFDC વિભિન્ન પ્રકારનાં પ્રોજેક્ટ માટે પ્રતિ એકમ ૨૫ લાખ રૂપિયાની સુધીની ટર્મ લોન આપે છે. યોજના હેઠળ પ્રોજેક્ટનાં કુલ ખર્ચનાં ૯૦ ટકા જેટલી રકમની નાણાકીય સહાયતા કરવામાં આવે છે અને બાકીની રકમ સબસિડી, પ્રમોટરનાં પ્રદાન અને માર્જિન મની દ્વારા પુરી કરાય છે. આ લોનનો વ્યાજ દર ૫ લાખ રૂપિયા સુધી માટે વાર્ષિક ૬ ટકા, જ્યારે ૧૦ લાખ સુધી માટે વ્યાજદર ૮ ટકા અને ૧૦ લાખની ઉપરની રકમ માટે વ્યાજ દર ૧૦ ટકા રખાયો છે. આદિવાસી મહિલા સશક્તિકરણ યોજના (AMSY)એ આદિવાસી સમુદાયની મહિલાઓના આર્થિક વિકાસ માટે NSTFDC હેઠળની વિશેષ યોજના છે. જેમાં વાર્ષિક ૪ ટકાનાં દરે એક લાખ સુધીનાં પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટનાં ૯૦ ટકા જેટલી નાણાકીય સહાયતા પૂરી પાડવામાં આવે છે.

NSTFDC એ તેની સ્થાપના બાદથી ૧૨ વર્ષમાં ૧૩૧.૦૩.૧૭ સુધીમાં ૬૫૪.૯૨ કરોડ રૂપિયા લોન પેટે વહેંચ્યા છે અને હજું તાજેતરનામાં સમયમાં જ NSTFDCએ આદિવાસી સમુદાયનાં લોકોનાં શૈક્ષણિક કૌશલ્યોના વિકાસ માટે નવી યોજનાઓ શરૂ કરી છે જેમાં આદિવાસી શિક્ષા ઋણ યોજના (ASRY) અને અવેરનેસ જનરેશન જેવી યોજના સામેલ છે.

**ધ નેશનલ સફાઈકર્મચારી ફાઇનાન્સ એન્ડ ડેવલમેન્ટ કોર્પોરેશન (NSKFDC):** NSKFDC ની સ્થાપના કંપની એક્ટ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ ૨૪ જાન્યુઆરી, ૧૯૯૭ના રોજ નફા માટે કામ નહીં કરતી કંપનીનાં રૂપમાં કરવામાં આવી હતી. આ કંપની સંપૂર્ણપણે ભારત સરકારની માલિકીની છે અને તેની સત્તાવાર શેર મૂડી ૬૦૦ કરોડ રૂપિયા છે.

NSKFDC સંબંધિત રાજયોની સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોનાં વહીવટકર્તાઓ દ્વારા નામાંકિત રાજ્યોની ચેનલાઇઝિંગ એજન્સીઓ અને ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો (RRBs) અને રાષ્ટ્રીયકૃત




બેન્કોને લાભાર્થીઓને આગળ વહેંચણી કરવા માટે ફંડ આપે છે. આ એજન્સીઓ જિલ્લા સમાજ કલ્યાણ વિભાગ સાથે મળીને ભંડોળ લાભાર્થીને ઉપલબ્ધ કરાવે છે. સામાન્ય યોજનાઓ માટે રૂપિયા ૧૫ લાખ સુધી જ્યારે સ્વચ્છ ઉદ્યમી યોજના હેઠળ ૨૫ લાખ રૂપિયા સુધીની નાણાકીય સાહયાત પૂરી પાડવામાં આવે છે.

**ધ નેશનલ બેકવર્ડ ક્લાસ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NBCFDC):** NBCFDC એ કેન્દ્રિય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હસ્તકનું એક ભારત સરકારને હસ્તકનું એકમ છે. NBCFDC ની સ્થાપના કંપનીસ એક્ટ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ ૧૩ જાન્યુઆરી ૧૯૯૨ના રોજ ૧૫૦૦ કરોડ રૂપિયાની સત્તાવાર શેર મૂડી સાથે કરવામાં આવી હતી. કોર્પોરેશને વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં ભારત સરકાર દ્વારા અપાયેલી રકમ પૈકી ૧૧૨૪ કરોડ રૂપિયા લાભાર્થીઓને નાણાકીય સહાયતા પેટે ચૂકવ્યાં છે. કંપનીનો નફા માટે કામ કરતી નથી અને તેનો એકમાત્ર હેતું પછાત વર્ગનાં લોકો માટે આર્થિક તેમજ વિકાસલક્ષી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવાનો અને આ વર્ગના નબળા અને ગરીબ લોકોને કૌશલ્ય વિકાસ અને સ્વ રોજગાર સાહસોમાં મદદ કરવાનો છે.

કોર્પોરેશન વિભિન્ન રાજ્યોમાં ૪૬ સ્ટે ચેનલાઇઝિંગ એજન્સીઓ (SCAs) મારફત પોતાની ગતિવિધિઓને અંજામ આપે છે. ૩૧.૦૩.૨૦૧૭ સુધીમાં એનબીસીએફડીસીએ કુલ ૩૫૭૫.૫૨ કરોડ રૂપિયા નાણાકીય સહાયતા પેટે વહેંચ્યા છે જેનો સીધો લાભ અન્ય પછાત વર્ગના ૨૩,૦૦૩૬૩ લોકોને થયો છે.

**ધ નેશનલ માઇનોરિટિસ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NMDFC):** NMDFC રચના ૩૦ સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ નફો નહીં કરતી કંપની તરીકે કંપનીસ એક્ટ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ કરવામાં આવી હતી. NMDFC નું મુખ્ય કાર્ય લઘુમતિ સમુદાયનાં લોકો સ્વરોજગાર અને આવક વધારવાની પ્રવૃત્તિઓ માટે રાહત દરે નાણાકીય સહાયતા પૂરી પાડવાનું છે. નેશનલ કમિશન ફોર માઇનોરિટિસ એક્ટ, ૧૯૯૨ અનુસાર, સરકાર દ્વારા જાહેર કરાયેલા લઘુમતિ સમુદાયોમા મુસ્લિમ, ખ્રિસ્તિ, શિખ, બૌદ્ધ, અને પારસી સમુદાય સામેલ છે. જાન્યુઆરી ૨૦૧૪માં જૈન સમુદાયને પણ સરકારે લઘુમતિ સમુદાયોની યાદીમાં સ્થાન આપ્યું હતું. એનએમડીએફસી કાર્યક્રમ હેઠળ કલા-કસબીઓ અને મહિલાઓને પ્રાધાન્યતા આપવામાં આવે છે.

૧૯૯૪માં સ્થાપના થઇ ત્યારથી ૩૦.૦૬.૨૦૧૮ સુધીમાં NMDFC એ ૪૬૮૦.૧ કરોડ રૂપિયા સુધીની રકમ ૧૪,૨૬,૩૦૮ લાભાર્થીઓને વહેંચી છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ૫૭૦.૮૩ કરોડની રકમ ૧,૨૯,૪૮૯ લાભાર્થીઓને વહેંચવામાં આવી હતી. વર્તમાન નાણાવર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન (૩૦.૦૬.૨૦૧૮ સુધી) NMDFC એ ૧૧૨ કરોડ રૂપિયાની રકમ ૧૦,૮૦૦ લાભાર્થીઓને વહેંચી છે.

**ધ નેશનલ હેન્ડિકેપ્ડ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NHFDC) :** NHFDC સ્થાપના ભારત સરકાર દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ (PwDs)ના આર્થિક વિકાસમાં ઉદ્દીપક તરીકેની ભૂમિકા ભજવવા માટે કંપનીસ એક્ટ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ એક નફો નહીં કરતી કંપનીનાં રૂપમાં ૨૪ જાન્યુઆરી, ૧૯૯૭નાં રોજ ૪૦૦ કરોડની સત્તાવાર શેર મૂડી સાથે કરવામાં આવી હતી. તે દેશમાં વિકલાંગતા ધરાવતી (PwDs) (દિવ્યાંગજન) વ્યક્તિઓનાં લાભાર્થે કામ કરતા સર્વોચ્ચ કોર્પોરેશન તરીકે કામ કરે છે.

આ કોર્પોરેશન PwDs ને તેમના આર્થિક સશક્તિકરણમાં નાણાકીય સહાયતા કરવા અને તેમને સામાજિક અને આર્થિક દિશામાં આગળ વધવા માટે નાણાકીય સહાયતા પૂરી પાડે છે. કોર્પોરેશન PwDs વર્ગનાં લોકોને આવકનું સર્જન કરતી ગતિવિધિઓના સર્જન અથવા તેના વિસ્તાર માટે કન્સેશનલ વ્યાજ દર સાથે નાણાકીય સહાયતા પૂરી પાડે છે. આ વર્ગનાં લોકોનાં ઊચ્ચ શિક્ષણ માટે કન્સેશનલ વ્યાદ દરે નાણાકીય સહાયતા પૂરી પાડવામાં આવે છે. એનએચએફડીસીએ દેશમાં ૩૧.૦૩.૨૦૧૭ સુધીમાં ૧,૪૨,૩૪૯ દિવ્યાંગજનોને ૮૦૧.૬૬ કરોડ રૂપિયાની નાણાકીય સહાયતા પૂરી પાડી છે.

**રાષ્ટ્રીય મહિલા કોષ(RMK):**

રાષ્ટ્રીય મહિલા કોષ (RMK u)એ

કેન્દ્રીય મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રાલય (MWCD) હેઠળ એક સ્વાયત્ત સંગઠન છે. તે સોસાયટીસ રજિસ્ટ્રેશન એક્ટ, ૧૯૮૦ હેઠળ રજિસ્ટર થયેલી એક સોસાયટી અને સર્વોચ્ચ માઈક્રો-ફાઈનાન્સ સંગઠન છે. તેનો મુખ્ય આશય ગરીબ મહિલાઓને વિભિન્ન આજિવિકાઓને સપોર્ટ કરવા અને તેમની આવક સર્જનની ગતિવિધિઓ માટે રાહત દરે નાનું ધીરાણ આપવાનો છે.આરએમકે આવક સર્જન ગતિવિધિઓ માટે ઈન્ટરમીડિયેટરી ઓર્ગેનાઈઝેશન્સ (IMOs) મારફત ગરીબ અને સંપત્તિ વિહોણી મહિલાઓ ઉદ્યોગસાહસિકોને ને માઈક્રોફાઈનાન્સ પુરું પાડે છે. આ ધીરાણ ૬ ટકાનાં સાદા વ્યાજે આપે છે, જે સેલ્ફ હેલ્પ ગ્રુપ્સનાં લાભાર્થીઓને ૧૪ ટકાનાં સાદા વ્યાજે લોન આપે છે.

**મુદ્રા યોજનાઃ** માનનીય નાણામંત્રી અરૂણ જેટલીએ વર્ષ ૨૦૧૫-૧૬ માટે મુદ્રા બેન્કની રચનાની જાહેરાત કરી હતી. અને તેના અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ એપ્રિલ, ૨૦૧૫ના રોજ નોન-કોર્પોરેટ, નોન-ફાર્મ, સ્મોલ- માઈક્રો એન્ટરપ્રાઈઝિસ માટે ૧૦ લાખ રૂપિયા સુધી લોન માટે મુદ્રા યોજનાનો પ્રારંભ કર્યો હતો. આ લોન લાભાર્થીઓને વ્યવસાયિક બેન્કો, ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો, સ્મોલ ફાઈનાન્સ બેન્ક્સ, સહકારી બેન્કો, માઈક્રો ફાઈનાન્સ સંસ્થાન અને નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ દ્વારા અપાય છે.

અહીં લોન લેવા માટે ઇચ્છુક વ્યક્તિ કોઈપણ ધીરનાર સંસ્થાનનો સંપર્ક કરી શકે છે, અથવા તો તે મુદ્રા પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકે છે. PMMY, મુદ્રા યોજના હેઠળ ત્રણ પ્રોડક્ટ તૈયાર કરાઇ છે, જેમાં શિશૂ, કિશોર અને તરૂણ છે, જે લાભાર્થી માઈક્રો એકમ, અથવા ઉદ્યોગ સાહસની પ્રગતિ અથવા વિકાસની સ્થિતિને દર્શાવે છે અને સાથે જ આગામી તબક્કાના ગ્રેજ્યુએશન કે ગ્રોથ માટે સંદર્ભ પોઇન્ટ પણ પુરુ પાડે છે.

PMMY હેઠળ સામાજિક ગ્રુપ દર સિદ્ધિ, ૦૮.૦૪.૨૦૧૫ થી ૨૯.૦૬.૨૦૧૮ સુધી (રૂપિયા કરોડમાં)

| શ્રેણી ક્રમાંક | કેટેગરી | ખાતા સંખ્યા | મંજૂર રકમ | કેટેગરી દર દેણદાર |
|---|---|---|---|---|
| ૧. | સામાન્ય | ૫૯૨૩૩૫૫૨ | ૩૯૫૦૫૬.૯૪ | ૪૫.૨૦ ટકા |
| ૨ | એસ.સી. | ૨૩૩૫૭૪૬૬ | ૬૨૯૮૨.૯૫ | ૧૭.૮૨ ટકા |
| ૩ | એસ.ટી. | ૬૬૨૦૭૩૭ | ૨૦૦૩૫.૨૫ | ૫.૦૫ ટકા |
| ૪ | ઓબીસી | ૪૧૮૩૪૨૦૪ | ૧૩૭૦૮૪.૨૯ | ૩૧.૯૨ ટકા |
| ૫ | કુલ | ૧૩૧૦૪૫૯૫૯ | ૬૧૫૧૫૯.૪૩ | |

સ્રોતઃ મુદ્રા મિશન

**સ્ટેન્ડ – ઇન્ડિયા સ્કીમઃ** યોજના પ્રત્યેક બેન્ક શાખા દિઠ ઓછામાં ઓછા એક અનુસૂચિત જાતિ (એસ.સી.) અથવા અનુસૂચિત જનજાતિ (એસ.ટી.) દેણદાર અને ઓછામાં ઓછામાં એક મહિલા દેણદારને ૧૦ લાખથી માડી ૧ કરોડ રૂપિયા સુધીની બેન્ક લોક ગ્રીનફિલ્ડ ઉદ્યોગની સ્થાપના માટે આપવાનો માર્ગ મોકળો કરે છે. આ ઉદ્યોગ નિર્માણ, સેવા અથવા ટ્રેડિંગ સેક્ટરમાં હોઇ શકે છે. વ્યાજ દર બેન્કનો કેટેગરી (રેટિંગ કેટેગરી) માટે સૌથી નીચો લાગૂ પડતો દર રહેશે, જોકે તે બેઝ રેટ (એમસીએલઆર +૩ +ટેનર પ્રિમિયમ) કરતા વધુ નહીં હોય, યોજના હેઠળ ૨૫ માર્જિન મની કેન્દ્ર અથવા રાજ્યની યોજના અનુસાર ચૂકવવામાં આવી શકે છે.

સ્ટેન્ડ અપ ઇન્ડિયા સ્કિમ હેઠળ જાહેર, ખાનગી અને ક્ષેત્રીય ગ્રામીણ બેન્કો દ્વારા અપાયેલી લોનની સંખ્યા, આ યોજનાનો પ્રારંભ થયો ત્યારથી ૦૭.૦૩,૨૦૧૮ સુધી અનુક્રમે ૫૧,૮૮૮, ૨,૪૪૫ અને ૧,૦૦૯ છે. ક્ષેત્રીય ગ્રામીણ બેન્કોએ શિડ્યુઅલ્ડ કાસ્ટ્સ (એસ.સી.) કેટેગરીના લોકોને યોજનાનો પ્રારંભ થયો ત્યારથી ૦૭.૦૩.૨૦૧૮ સુધીમાં ૧૮૦ લોન આપી છે.

**વેન્ચર કેપિટલ ફન્ડ સ્કિમઃ** પોતાના પ્રકારની પહેલી એવી વેન્ચર કેપિટલ ફંડ યોજનાનો પ્રારંભ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય ભારત સરકાર દ્વારા અનુસુચિત જાતિનાં લોકો વચ્ચે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાઇ હતી. જેમાં સમુદાયનાં સાહસિકોને રાહત દરે નાણાકીય સહાયતા પૂરી પાડવામાં આવે છે.

**૨૭ જૂન, ૨૦૧૮ સુધીની સ્થિતિ**

| વિગત | વર્તમાન સ્થિતિ |
|---|---|
| તેવી કંપનીઓની સંખ્યા જેમને સહાયતા મંજૂર કરાઇ | ૭૧ કંપનીઓ |
| મંજૂર કરાયેલી રકમ | ૨૫૫.૩૭ કરોડ રૂપિયા |
| રકમની ફાળવણીનો લાભ મેળવનારી કંપનીઓની સંખ્યા | ૫૬ કંપની |
| કુલ ફાળવણી | ૧૭૬.૭૬ કરોડ રૂપિયા |

**ક્રેડિટ એનહેન્સમેન્ટ ગેરેન્ટી સ્કીમઃ** કેન્દ્રીય બજેટ (૨૦૧૪-૧૫) દરમિયાન જુલાઇ, ૨૦૧૪માં કેન્દ્રીય નાણામંત્રીએ અનુસૂચિત જાતિના યુવા અને સ્ટાર્ટ-અપ ઉદ્યોગસાહસિકો જેઓ દેશનાં નવા મધ્યમવર્ગની શ્રેણીનો ભાગ બનવા માગે છે, તેમના માટે ક્રેડિટ એનહેન્સમેન્ટ ફેસિલિટી હેઠળ ૨૦૦ કરોડ રૂપિયાના ભંડોળની જાહેરાત કરી હતી. તેનો હેતુ સમાજનાં નીચલા વર્ગનાં લોકોમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો અને તેની મારફત રોજગારનું સર્જન કરવાનો અને અનુસૂચિત જાતિના લોકોનો વિશ્વાસ વધારવાનો હતો. ભારત સરકારનાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હસ્તકનાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગે આ પોતાનાં સામાજિક ક્ષેત્રનાં પગલા હેઠળ આ 'ક્રેડિટ એનહેન્સમેન્ટ ગેરેન્ટી સ્કીમ ફોર શિડ્યુઅલ્ડ કાસ્ટ્સ' યોજનાને પ્રાયોજિત કરી છે.

લોન માટે લાયક વ્યક્તિઓ અને રિસ્ક કવરઃ ૩૧.૧૨.૨૦૧૭ સુધીમાં યોજના અન્વયે ૨૧.૨૭ કરોડ રૂપિયાની રકમ કેટલાક સભ્ય ધીરધાર સંગઠનો દ્વારા લોન પેટે અપાઇ છે. જે પૈકી ૧૪.૪૦ કરોડનું કુલ ગેરેન્ટી કવર આઇએફસીઆઇ દ્વારા પુરું પડાયું છે. દલિત ચેમ્બર ઓફ કોમર્સ (DICCI)ના વિભિન્ન ચેપ્ટર્સ અને સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી (SLBC)ની મીટિંગો સાથે સમન્વય કરીને સેમિનાર, કોન્ફરન્સિસ અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા આ યોજનાને પ્રોત્સાહન આપવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દેશભરમાં જાહેર ક્ષેત્રની બેન્કોને આ અંગે સંવેદનશીલ બનાવવામાં આવી રહી છે.

**પ્રધાનમંત્રી જન ધન યોજના (PMJDY):**

વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદીએ પ્રધાન મંત્રી જન ધન યોજના (PMJDY)નો ૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ પ્રારંભ કર્યો હતો. જેનો આશય સમાજનાં નબળા વર્ગનાં લોકોને, બેન્કિંગ, પેન્શન અને વીમા સુવિધા પુરી પાડીને,પહેલાની યોજનાઓની નકારાત્મક અસરો ઘટાડીને તેમનું નાણાકીય સમાવેશિકરણ કરી વર્ગનાં લોકોને નાણાકીય સ્વતંત્રતા અને સ્થિરતા પ્રદાન કરવાનો હતો. યોજના હેઠળ સમગ્ર દેશમાં ૧.૫ કરોડ બેન્ક ખાતાઓ ખોલવામાં આવ્યાં હતાં.

આ યોજનાઓ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે સરકાર સમાજનાં નબળા વર્ગનાં લોકોનાં સમાવેશી સશક્તિકરણ પ્રત્યે પ્રતિબદ્ધ છે. જેમ કહેવાયું છે તેમ, સમાજનાં વંચિત અને લાભાથી દૂર રહેલા લોકોને સશક્ત બનાવવા અને ગરીબીને દૂર કરવા માટે વર્તમાન સરકારે અદ્વિતિય પગલાઓ ભર્યા છે.

**સંદર્ભ**


- આશું (૨૦૧૪). મેઝર ફોર ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન ઇન ઇન્ડિયા, ઇન્ટરનેશનલ જરનલ ઇન કોમર્સ, આઇટી એન્ડ સોશિયલ સાયન્સિસ ૧(૧), ૧૩-૨૪
- બદાજેના એસ, એન. અને ગુંડીમેદા એચ (૨૦૧૦) સેલ્ફ હેલ્પ ગ્રુપ બેન્ક લિન્કેજમોડલ એન્ડ ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન ઇન ઇન્ડિયા. *http://skoch.in/fir/role%20financial%20%inclusion%20.* પર ઉપલબ્ધ
- ચક્રબર્તિ કે.સી, (૨૦૧૧). ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન એન્ડ બેન્ક્સઃ ઇસ્યૂસ એન્ડ પર્સપેક્ટિવ્સઃ એડ્રેસ ડિલિવર્ડ એટ ધ ફિક્કિ-યૂએનડીપી સેમિનાર ઓન ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝનઃ પાર્ટનરશિપ બિટવીન બેન્ક્સ, એમએફઆઇસ એન્ડ કમ્યુનિટિસ એટ ન્યૂ દિલ્હી, ૧૪ ઓક્ટોબર ૨૦૧૧
- ચરણ સિંઘ (૨૦૧૪). ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન ઇન ઇન્ડિયાઃ સિલેક્ટ ઇસ્યૂસ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓર મેનેજમેન્ટ, બેંગલોર વર્કિંગ પેપર નંબરઃ ૪૭૪
- ગુપ્તા રાજીવ, હાંડા ડિમ્પી અને ગરિમા (૨૦૧૪). એન એમ્પિરિકલ એનાલિસિસ ઓફ ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન ઇન ઇન્ડિયા, ઇન્ટરનેશનલ જરનલ ઓફ ઇન્ટરડિસિપ્લિનરી એન્ડ મલ્ટીડિસિપ્લિનરી સ્ટડીસ, ૧(૫), ૪૧-૪૮
- જોસેફ, જે., એન્ડ વર્ગિસ, ટી. (૨૦૧૪). રોલ ઓફ ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન ઇન ધ ડેવલપમેન્ટ ઓફ ઇન્ડિયન ઇકોનોમી, જરનલ ઓફ ઇકોનોમિક્સ એન્ડ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ, ૫(૧૧), ૬-૧૫.
- રંગરાજન સી. (૨૦૦૮). રિપોર્ટ ઓફ ધ કમિટી ઓન ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન, જીઓઆઇ, જાન્યુઆરી.
- રંજની અને વરદરાજ બાપટ (૨૦૧૫). ડિપનિંગ ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન બિયોન્ડ એકાઉન્ટ ઓપનિંગઃ રોડ અહેડ ફોર બેન્ક્સ). બિઝનેસ પર્સપેક્ટિવ્સ એન્ડ રિસર્ચ, ૩(૧), ૫૨-૬૫.
- રાવ એસ, કે. (૨૦૧૦). નેશનલાઇઝેશન ઓફ બેન્ક્સઃ એન એન્કર ફોર ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન. બેન્ક ક્વેસ્ટ, વોલ્યુમ - ૮ , નંબર-૩, પીપી-૧૭-૨૪
- શાહ, પી., અને દુબાશી, એમ. (૨૦૧૫). રિવ્યૂ પેપર ઓન ફાઇનાન્સિયલ ઇન્ક્લૂઝન–ધ મીન્સ ઓફ ઇન્ક્લુઝિવ ગ્રોથ, ચાણક્ય ઇન્ટરનેશનલ જરનલ ઓફ બિઝનેસ રિસર્ચ, ૧૯૧), ૩૭-૪૮.
- શાઇક, એચ. (૨૦૧૫), અ સ્ટડી ઓન રિસન્ટ મેઝર્સ ઓફ આરબીઆઇ ઓન ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝન પ્લાન ઓફ બેન્ક્સ, ઇન્ટરનેશનલ જરનલ, ૩(૧૦), ૮૨-૮૮



**લેખક ભારત સરકારના નીતિ યોગના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના નાયબ સચિવ છે.**

**E-mail:**

**mraju-sb@gov.in**

**mrajusb@gmail.com**

# સમાવેશી વિકાસની વ્યુહરચના તરીકે હાંસિયામાં રહેલા લોકોમાં ઉદ્યોગસાહસિકતાનુ સંવર્ધન

સુનિલ શુક્લ



શિક્ષણ અને કૌશલ્યનો અભાવ એ હાંસિયામાં રહેલા લોકો માટે મુખ્ય અવરોધ છે. તેનાથી જવાબદારી લેવામાં આત્મવિશ્વાસનો અભાવ પેદા થાય છે. આવો આત્મવિશ્વાસનો અભાવ અને પોતાની બાબતે માન્યતા ખાસ કરીને મહિલાઓમાં જોવા મળે છે. ઉદ્યોગસાહસિકતા માટે પ્રેરણા અને જાતે કરી જુઓ પ્રકારની તાલિમથી આ ઊણપો દૂર થાય છે.

વિકાસમાન અર્થતંત્રને સમાજનાં દરેકે દરેક વર્ગનાં સશક્તિકરણ માટે તેના કાર્યક્રમો અને યોજનાઓમાં સમાવેશીતાની જરૂર પડે છે. છેલ્લાં સાત દાયકામાં ભારતે વ્યુહાત્મક રીતે દરેક સ્તરનાં લોકોને તકો પ્રાપ્ત થાય તેવી રીતે આર્થિક સશક્તિકરણ માટે દરમ્યાનગીરી હાથ ધરી હતી. આમ છતાં પણ સમાજમાં દયનીય સ્થિતિમાં જીવતા અને સામાજિક અને આર્થિક સીડી ઉપર જવા માંગતા, કે જેમને માટે મહત્વની સામાજિક મૂડીનો અભાવ વર્તાય છે તેવા લોકોનાં ઉત્કર્ષ માટે ઘણુ કરવાનો અવકાશ રહે છે. ઘણી વાર લઘુમતી સમુદાયો, વ્યક્તિઓ અસમર્થતા અને સામાજિક દૂષણને કારણે ભેદભાવ અનુભવે તેવુ બની શકે છે. આપણી વસતીમાંથી શારીરિક ક્ષતિ ધરાવતા લોકો અને અલગ પ્રકારે સક્ષમ લોકો ઘણી વાર તિરસ્કારપાત્ર જીવન સ્થિતિનો ભોગ બનેલા હોય છે. વિવિધ સામાજિક જૂથોમાં આ વિષમતાઓની સ્થિતિમાં વધારો થતો જણાય છે. વસતીનો દયનીય હાલતમાં જીવતો વર્ગ જાતિય બાબત અને ઉણપને કારણે વિખૂટો પડતો જાય છે. એમના આંકડા નિરાશા પેદા કરે તેવા છે કેટલાંક વર્ષ સુધી ઉદારીકરણ અને આર્થિક પ્રગતિ છતાં પણ સાધનો અને તકો ઉપલબ્ધ થવાની બાબત તથા સમાવેશી વિકાસ એ એક પૂર્ણ નહી થયેલા ધ્યેની હાલતમાં છે.

### સાનૂકુળ સામાજિક ગ્રહણશક્તિ

નીતિ આયોગ માટે 'પ્રથમ' દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં સૂચવવામાં આવ્યું છે કે "પ્રતિભાવ આપનારા ૭૦ ટકા લોકો કે જે અર્ધ શહેરી કે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા હતા તેવા લોકો, તેમના શહેરી સમોવડીયા લોકોથી ખૂબ જ વિપરીતપણે સ્વરોજગાર પ્રાપ્ત થાય તેવી ઉદ્યોગસાહસિકતાની મહેચ્છા રાખે છે (ઈન્ડીયન એક્સપ્રેસ, ૨૦૧૬) "જે તારણો પ્રાપ્ત થયાં છે તેમાં એ હકિકતનો પુનરોચ્ચાર કરાયો છે કે દેશનાં અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં વસતા યુવાનો ગરીબી અને બેરોજગારીમાંતી બહાર નીકળવા માટે ઉદ્યોગસાહસિકતા અપનાવવા માગે છે. ભારત ઉત્સાહ અને હિંમત ધરાવતા યુવાનોનો દેશ છે. આપણે જો વસતી વિષયક પ્રોફાઈલ તપાસીશું તો જણાશે કે મોટા ભાગનાં લોકો હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને સાધનોની તંગી અનુભવતા ગ્રામ્ય વાતાવરણમાંથી આવે છે. આમ છતાં તેમની અંદર ઉદ્યોગસાહસિકતાનાં લક્ષણો પડેલાં છે અને તેની માવજત કરીને તેમને સફળ ઉદ્યોગસાહસિક બનવા તરફ વાળી શકાય તેમ છે.


નવી પ્રોડકટસ શોધવી, નવતર પ્રકારનાં ઉપાયો દ્વારા જટિલ પ્રકારની સામાજિક સમસ્યાઓ હલ કરવી અને નવો

ચીલો ચાતરવાની બાબત તેમને આકર્ષી જાય છે. તેમને જરૂર છે તેમના વિચારોને માર્ગદર્શન પૂરૂ પાડીને નવા બિઝનેસ તરફ આગળ ધપાવે અને તેને સફળ સાહસનું સ્વરૂપ આપે તેવી એક ભરોંસાપાત્ર સપોર્ટ સિસ્ટમની. વિશ્વનાં સૌથી મોટા ઉદ્યોગસાહસિકતાની ગતિશીલતા અંગેનાં વાર્ષિક સર્વેક્ષણ ધ ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર (GEM) રિપોર્ટ ૨૦૧૬-૧૭માં જણાવાયું છે કે આશરે ૧૪.૯ ટકા લોકો ઉદ્યોગસાહસિકતા માટેનાં ઈરાદામાં વૃધ્ધિ થઈ રહી હોવાનું જણાય છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ પ્રમાણ ૯ ટકા હતું. જ્યારે વર્ષ ૨૦૧૫-૧૬માં નિષ્ફળ જવાનો ભય ૪૪ ટકાથી ઘટીને ૨૦૧૬-૧૭માં ૩૭.૫ ટકા સુધી ગયો હતો. GEM રિપોર્ટ ૨૦૧૬-૧૭ જણાવે છે કે ભારતના અંદાજે ૪૪ ટકા જેટલા પુખ્ત વયનાં લોકોને બિઝનેસ શરૂ કરવામાં સારી તકો જણાઈ રહી છે. જ્યારે ૪૪ ટકા લોકો માને છે કે તેમનામાં બિઝનેસ શરૂ કરવાની ક્ષમતા છે. સમાન પ્રકારે એમવે આંત્રપ્રિન્યોરશિપ ઈન્ડીયા રિપોર્ટ ૨૦૧૫નાં તારણમાં એવુ દર્શાવવામાં આવ્યું છે કે સર્વેક્ષણને પ્રતિભાવ આપનારા ૩૦ ટકા લોકો પોતાનો બિઝનેસ શરૂ કરવા વિચારે છે (આ અભ્યાસમાં ૨૧ રાજ્યોમાં વિવિધ આવક જૂથો, શૈક્ષણિક પશ્ચાદભૂમિકા અને જાતિ ધરાવતા ૧૦,૭૬૮ વ્યક્તિઓએ પ્રતિભાવ આપ્યો છે). ઉપર દર્શાવેલા બે અભ્યાસોનાં તારણો જોતાં એવી ધારણા બાંધી શકાય કે ઉદ્યોગસાહસિકતાનું ભાવિ પ્રોત્સાહક છે, કારણ કે સમાજમાં આ બાબતે દ્રષ્ટિકોણમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.

**પડકારો અને તકો**

શિક્ષણ અને કૌશલ્યનો અભાવ એ હાંસિયામાં રહેલા લોકો માટે મુખ્ય અવરોધ છે. તેનાથી જવાબદારી લેવામાં આત્મવિશ્વાસનો અભાવ પેદા થાય છે. આવો આત્મવિશ્વાસનો અભાવ અને પોતાની બાબતે માન્યતા ખાસ કરીને મહિલાઓમાં જોવા મળે છે. ઉદ્યોગસાહસિકતા માટે પ્રેરણા અને જાતે કરી જુઓ પ્રકારની તાલિમથી આ ઊણપો દૂર થાય છે. વર્કશોપ્સ અને સેમિનારની બેઠકોમાં પૂરવાર થયું છે કે યુવાનોમાં અભિગમને ચોક્કસ દિશા આપવાની અને આત્મવિશ્વાસ પેદા કરવાની કેટલીક પૂરવાર થયેલી પધ્ધતિઓથી આ સમસ્યા હલ થઈ શકે તેમ છે. વ્યૂહાત્મક આયોજનનાં અભિગમ, ઉદ્યોગસાહસિકતા લક્ષી કેન્દ્રિત તાલિમ, માર્ગદર્શન અને મેન્ટરીંગ દ્વારા વસ્તીનાં હાંસિયામાં રહેલા લોકોને સ્વરોજગારની તકો તરફ વાળી શકાય.

**સમાજનાં વંચિત વર્ગોને ઉદ્યોગસાહસિકતા વિકાસની પહેલ દ્વારા સશક્તિરણ માટે ચતુર્મુખી વ્યૂહરચના**




ધિરાણની અછત, જોખમ લેવાનો ભય અને કામ આપી શકે તેવી સાક્ષરતાનાં અભાવ જેવા કેટલાંક કારણો તેમને પોતાનું એકમ શરૂ કરતાં અટકાવે છે. વધુમાં, સંશોધનનાં તારણોમાં કાચા માલનાં પૂરવઠાનો અવરોધ, પૂરતી મૂડીનો અભાવ, માર્કેટીંગ માટેની માળખાગત સુવિધાઓની ગેરહાજરી જેવા કારણો જાણવા મળ્યાં છે. આ બધા પ્રાથમિક અવરોધો ગ્રામ્ય વિસ્તારના ઉદ્યોગસાહસિકને નડે છે. આ ઉપરાંત શિક્ષણનાં અભાવને કારણે ગ્રામ્ય વિસ્તારનાં ઉદ્યોગસાહસિકમાં આવડતનો અભાવ અને ક્ષમતાનો અભાવ નડે છે. તેમના માટે ઉપલબ્ધ વિવિધ સુવિધાઓ અંગે જાણકારી પણ હોતી નથી (સક્સેના, ૨૦૧૨, પેજ-૨૪). આથી તે ઘણી વખત પોતાના સ્વ-રોજગારવાળા બિઝનેસમાં પ્રવેશતાં ખંચકાય છે અને દૈનિક વેતન ધરાવતા કામદાર રહેવાનું પસંદ કરે છે. ગ્રામ્ય વિસ્તારનાં એકમ



માટે આ બાબતને ધ્યાનમાં લઈને ઉપર દર્શાવી છે તેવી ક્ષમતા અને પડકારો ધ્યાનમાં લેવા જરૂરી બને છે. આ સંદર્ભમાં ગ્રામ્ય વાતાવરણમાં ઉદ્યોગસાહસિકતાને સમજવી જરૂરી બને છે. બજારની આંતરિક સ્થિતિ અને વ્યાપક નીતિ વિષયક માળખા ઉપર તેમનું અવલંબન સમજવું જરૂરી બને છે, કે જેથી તે વિસ્તારની લાક્ષણિકતા અને જરૂરિયાતો મુજબ યોગ્ય ઉદ્યોગસાહસિકતા વિકાસ કાર્યક્રમ ડિઝાઈન કરી શકાય.

૧૯૯૦ પછી ભારતમાં આર્થિક સુધારા હાથ ધરાયા. તેને પરિણામે દેશમાં દલિત ઉદ્યોગસાહસિકતાનો મોટો ઉદય થયો, પરંતુ ખાનગી એકમની માલિકીમાં તેમનું પ્રતિનિધિત્વ અને તે દ્વારા પેદા થતું સશક્તિકરણ અનુસૂચિત જાતિઓનાં સમુદાયો માટે ખૂબ નીચા સ્તરનું રહ્યું (ઐયર, ખન્ના અને વાર્ષણેય, ૨૦૧૧). અનુસૂચિત જાતિની માલિકી ધરાવતા એકમમાં શ્રમદળનાં નીચા દરને કારણે ઐયર એવું નોંધે છે કે અનુસૂચિત જાતિનાં માલિકો માટે ઉદ્યોગસાહસિકતા માટેનાં અવરોધો પાર કરવા શક્ય બન્યાં નહી, જે અન્ય પછાત વર્ગોનાં માલિકો પાર કરી શક્યા છે. આ ઉપરાંત સ્પર્ધા કરી શકવાની ક્ષમતાનાં અભાવને કારણે અને બિઝનેસનાં ક્ષેત્રમાં ભેદભાવનો સામનો કરવો પડતો હોવાના કારણે અનુસૂચિત જાતિનાં લોકો પોતાના એકમનું વિસ્તરણ કરવામાં મુશ્કેલી અનુભવે છે. દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (DICCI) દ્વારા હાંસિયામાં રહેલા સમુદાયોના યુવાનોના સશક્તિકરણ માટે કેટલાક પ્રશંસાપાત્ર પ્રયાસો કરવામાં આવ્ય છે. ઉપર દર્શાવી છે તેવા પડકારો હલ કરવા માટે સરકારે નીચે દર્શાવેલી નીતિ વિષયક પહેલ કરી છે.

અ. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પ્રોગ્રામઃ સ્ટાર્ટ-અપ ઈન્ડિયા એક્શન પ્લાનનાં ભાગ તરીકે ભારત સરકારે ફંડ ઓફ ફંડઝ ફોર સ્ટાર્ટ-અપ્સ (FFS) ની સ્થાપના આગામી ૪ વર્ષ દરમ્યાન આવી કંપનીઓને ટેકો પૂરો પાડવા માટેનાં રૂ.૧૦,૦૦૦ કરોડનાં ભંડોળ સાથે કરી છે. ભંડોળ ઉગતા નવા એકમો માટે જીવનરેખા બની રહે છે. આ પ્રકારનાં નાણાંનું સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) દ્વારા વિતરણ કરવામાં આવે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે તે મુજબ આજ સુધીમાં FFS માટે SIDBI ને રૂ.૬૦૦ કરોડની રકમ છૂટી કરવામાં આવી છે. જયારે રૂ.૬૦૫.૭ કરોડ આપવાનું SIDBI એ જાહેર કર્યું છે, રૂ.૯૦.૬૨ કરોડ ૧૭ ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડઝ (AIFs) ને ચૂકવવામાં આવ્યા છે. આવા રોકાણો કે જેની રકમ રૂ.૩૩૭.૦૨ કરોડ થાય છે તે ૭૫ સ્ટાર્ટ-અપ્સ દ્વારા પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૭૪ સ્ટાર્ટ-અપ્સને આવક વેરા ધારાની કલમ-૮૦ IAC૧ હેઠળ કરમુક્તિ આપવામાં આવી છે. આવી જોગવાઈઓ દ્વારા દેશમાં સ્ટાર્ટ-અપ્સની મહેચ્છાઓને વેગ આપવાની અને તેમના એકમોનું મજબૂતીકરણ કરવાની અપેક્ષા છે. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પ્રોગ્રામે હજુ ગતિશીલતા પ્રાપ્ત કરવાની તથા યુવાનોનાં અને મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકોનાં સશક્તિકરણ બાબતે નોંધપાત્ર અસર ઉભી કરવાની બાકી છે. બે વર્ષના ગાળામાં FFS દ્વારા ઓછી રકમ વાપરવામાં આવી છે. મહેચ્છા ધરાવતા યુવાનોને માહિતી અને જાણકારી આપવા માટે એક વર્ચ્યુઅલ સ્ટાર્ટ-અપ ઈન્ડિયા હબની રચના કરવામાં આવી છે. આ પોર્ટલ દ્વારા અત્યાર સુધીમાં ૭૫,૬૪૩ પ્રશ્નો ઉકેલવાનો દાવો કરવામાં આવ્યો છે અને તેના ૧૫ હજાર રજીસ્ટર્ડ વપરાશકારો હોવાનો પણ દાવો કરાયો છે. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ નવા ઉદ્યોગસાહસિકો માટે તૈયાર કરાયેલા

લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ મોડ્યુલનો અત્યાર સુધીમાં ૧,૮૯,૦૦૦ વ્યક્તિઓએ ઉપયોગ કર્યો છે.

૧ સી.આર. ચૌધરી , વાણિજ્ય અને ઉદ્યોગ વિભાગનાં રાજ્ય કક્ષાનાં મંત્રી એ તા. ૧૮ ડીસેમ્બર, ૨૦૧૭નાં રોજ પૂછાયેલા એક લેખિત સવાલનાં જવાબમાં આ માહિતી પૂરી પાડી હતી.

આ પહેલ આવકારદાયક છે, પરંતુ આપણાં દેશ જેવા દેશમાં તેની અસર ઘણી ઓછી વર્તાય છે. અહી એવું ઉમેરી શકાય કે સંબંધિત સરકારી વિભાગ દ્વારા પણ વિવિધ પ્રકારના સંકલિત પ્રયાસો દ્વારા યોગ્ય વાતાવરણ ઉભુ કરવા માટે પણ પગલાં લેવામાં આવ્યાં છે.

બ. સ્ટેન્ડ-અપ ઈન્ડિયા પહેલ: સ્ટેન્ડ-અપ ઈન્ડિયા પહેલ હેઠળ દેશમાં બેંકોની અંદાજે ૧.૨૫ લાખ શાખાઓને અંદાજે ૨.૫ લાખ નવા ઉદ્યોગસાહસિકોને અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જન જાતિ તથા મહિલા ઉદ્યોગસાહસિકોને ભંડોળ પૂરૂ પાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી છે. આ વિચારનો ઉદ્દેશ બેંકની દરેક શાખા દ્વારા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિની એક વ્યક્તિને અને એક મહિલાને સ્ટાર્ટ-અપ ઈન્ડિયા યોજના હેઠળ તેમનામાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહિત કરવા માટે રૂ.૧૦ લાખથી માંડીને રૂ.૧૦૦ લાખ સુધીનું ધિરાણ ઉપલબ્ધ કરવાનો છે. આ યોજનામાં વર્તમાન નાણાંકિય માળખાગત સુવિધાઓ અને ક્રેડિટ ગેરંટી સ્કીમનો લાભ લઈને પિરામીડના તળિયે રહેલા પછાત વર્ગના લોકો સુધી પહોંચવાનો છે. એક અંદાજ પ્રમાણે ૨.૫ લાખ લાભાર્થીઓને આનો લાભ મળશે. હકિકતમાં આ યોજના ગ્રાસ રૂટ સ્તરે રહેલા લોકોનાં આર્થિક સશક્તિકરણ અને રોજગાર નિર્માણ ના પ્રોત્સાહન માટે ઘડવામાં આવી છે. આજ સુધીમાં આ યોજના હેઠળ ૬૦,૭૯૫ અરજીઓ મળી છે અને દેશમાં ૧૦૩ બેંકોની ૧,૩૩૨૩૬ શાખાઓ દ્વારા રૂ.૧૩,૨૧૭ કરોડ મંજૂર કરાયા છે, જે સ્ટેન્ડ-અપ ઈન્ડિયા વેબ પોર્ટલ ઉપર સક્રિય છે. ઓનલાઈન સુપ્રત કરાયેલી ૧,૦૦૮૪ ઓનલાઈન અરજીઓમાંથી ૨,૯૦૮ ને ધિરાણ આપવામાં આવ્યા છે.

ક. મુદ્રા યોજના (પ્રધાન મંત્રી મુદ્રા યોજના, PMMY): માઈક્રો યુનિટસ ડેવલપમેન્ટ અને રિફાયનાન્સ એજન્સી (MUDRA) એ સ્ટેન્ડ-અપ ઈન્ડિયા પહેલનો અમલ કરતી નાણાંકિય સંસ્થા છે, જે કાર્યક્રમના ઉદ્દેશો સાકાર કરે છે. દેશમાં મુદ્રા માઈક્રો યુનિટસને નાના ધિરાણો આપતી નાણાંકિય સંસ્થાઓને ભંડોળ પૂરૂ પાડીને સહયોગ આપે છે. બેંકો અને NBFC, MFIs અને અન્ય FI પેટા સંસ્થાઓ દ્વારા અપાયેલા માઈક્રો લોનમાં ડિફોલ્ટ સામે માઈક્રો એકમો માટે ક્રેડિટ ગેરંટી ફંડ પણ શરૂ કરવામાં આવ્યું છે. માઈક્રો ધિરાણોને કેટેગરીમાં વહેંચવામાં આવ્યાં છે, જેમાં પેઢીની વૃધ્ધિનાં તબક્કા અનુસાર 'શિશુ', 'કિશોર' અને 'તરૂણ' જેવા નામ આપવામાં આવ્યાં છે. જે તે તબક્કે તેમની ભંડોળની જરૂરિયાત પૂર્ણ કરવામાં આવે છે. PMMY યોજના હેઠળ ૧૨ કરોડ લાભાર્થીઓને રૂ.૬ ટ્રિલિયનની રકમ આપવામાં આવી છે અને ૧૨ કરોડ લાભાર્થીઓમાંથી ૨૮ ટકા (એટલે કે ૩.૨૫ કરોડ) લોકો પ્રથમ વાર ઉદ્યોગસાહસિક બન્યાં છે. આ ઉપરાંત એ બાબત નોંધવી જરૂરી જણાય છે કે અંદાજે ૭૪ ટકા (એટલે કે ૯ કરોડ) ધિરાણ લેનાર મહિલાઓ છે અને તેમાંથી ૫૫ ટકા અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાત વર્ગની (ઓબીસી) કેટેગરીમાંથી આવે છે. ત્રણ વર્ષમાં આ યોજના દ્વારા સમાજને તળિયે રહેલા લોકોનું સશક્તિકરણ કરવાનો પ્રયાસ કરાયો છે, આમ છતાં હજુ ઘણું કરવાનું બાકી છે. ફોલોઅપ-મિકેનિઝમ અને ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શનથી મુદ્રા યોજના હેઠળનાં એકમો ટકી શકશે. અને સરકાર વધુ નોકરી ઉભી કરી શકશે અને આ એકમો ટકી રહેશે તો વૃધ્ધિની પરંપરા ચાલુ રહેશે.

૨૦૧૪-૧૫નાં અંદાજ પત્ર સત્રમાં સ્ટાર્ટ-અપ વિલેજ આંત્રપ્રિનિયોર્શીપ પ્રોગ્રામ (SVEP) ની જાહેરાત કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ ગામડાઓમાં વસતા યુવાઓને રાજ્ય સરકાર દ્વાર પ્રાયોજીત નાણાંકિય સહયોગ વડે સ્વ-રોજગારની તકો પૂરી પાડવાનો હતો. મુખ્યત્વે SVEP ની રચના ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપવા અને માઈક્રો-ક્રેડિટ ધિરાણો અને મેન્ટરીંગ સપોર્ટ વડે નાણાંકિય સમાવેશિતા હાંસલ કરવાનો છે. તેને ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય હેઠળના નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અંતર્ગત પેટા યોજના તરીકે હાથ ધરવાની

દરખાસ્ત કરાઈ છે. ચાર વર્ષ દરમ્યાન (૨૦૧૫-૧૯) આ અભિગમને સાકાર કરવા માટે તેના વર્તમાન તબક્કામાં SVEP ૨૪ જેટલા રાજ્યોના ૧૨૫ બ્લોકમાં અંદાજે ૧.૮૨ લાખ જેટલા ગ્રામ્ય એકમોનું નિર્માણ અને મજબૂતીકરણ કર્યું છે, જેના દ્વારા અંદાજે ૩.૭૮ લાખ વ્યક્તિઓને રોજગારી મળવાની અપેક્ષા છે. પ્રારંભથી જ આ પહેલ દ્વારા ગ્રામ્ય ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રને સતેજ કરવામાં આવ્યું છે. આ યોજનાનાં અમલીકરણનાં હિસ્સાને સ્ટાન્ડર્ડાઈઝ કરીને દરેક વિસ્તારને ઉદ્યોગસાહસિકતાલક્ષી બનાવી ટકાઉ ગ્રામ્ય એકમો ઉભા કરવાનો ઉદ્દેશ છે.

**સમાપન**

આપણાં દેશનાં સમાજમાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને પછાત વર્ગો (ખાસ કરીને એવા પેટા વર્ગો કે જેમને ભેદભાવના પરિબળનો સામનો કરવો પડે છે કે જેમાં નીચલી જ્ઞાતિની શારીરિક રીતે સક્ષમ ન હોય તેવી મહિલાઓનો પણ સમાવેશ થાય છે) દ્વારા સામાજિક અને આર્થિક મોરચે બહુવિધ પ્રગતિને આગળ ધપાવી શકાય. આ પરિબળનો ભેદભાવનાં સામાજિક દૂષણનો સામનો કરવા માટે એક અસરકારક અને હકારાત્મક એક્શન ટુલ તરીકે ઉપયોગ કરી શકાય. નિયમિત ધોરણે ઉદ્યોગસાહસિકતા વિકાસનાં પ્રયાસો, સમયાંતરે મેન્ટરીંગ અને માર્ગદર્શન માટેનાં આયોજનો તથા માઈક્રો એન્ટરપ્રાઈઝનાં વિકાસ માટેની સુસંકલિત નીતિ વિષયક વ્યૂહરચના કરીને તથા માઈક્રો ફાયનાન્સ ક્ષમતા અને સ્વ-સહાય જૂથો સામાજિક રીતે પછાત સમુદાયોમાંથી સ્પર્ધાત્મક ઉદ્યોગસાહસિકો તૈયાર કરી શકે, જે આપણાં દેશનાં આર્થિક મહેચ્છાઓને વેગ આપી શકે. વધુમાં રોજગાર કૌશલ્યો વધારવા માટેની કામગીરી અને રોજગારલક્ષી તાલિમ સાથે ઉદ્યોગસાહસિકોને પ્રેરણા આપવાથી એક તરફ રોજગાર નિર્માણ અને બીજી તરફ વણ- ખેડાયેલા સ્રોતોનાં ઉપયોગનો બેવડો ઉદ્દેશ હલ થશે અને તકો ઉભી થશે.

**લેખક આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડીયાનાં ડિરેકટર અને ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ મોનિટર, ઈન્ડીયાનાં ટીમ લીડર છે.**
**E-mail: sunilshukla@ediindia.rog**


**"યોજના"**
**ગુજરાતી માસિક**
**છેલ્લા ૪૩ વર્ષથી પ્રકાશિત થાય છે.**

# યોજના

**વિકાસને સમર્પિત માસિક**
**યોજનાનું લવાજમ**
**આજે જ ભરો**

'યોજના' માસિકમાં વિકાસાત્મક લેખો સહિત સામાજિક, આર્થિક અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવે છે. યોજના માસિકમાં જુદા જુદા વિષયોના તજજ્ઞો દ્વારા અભ્યાસપૂર્ણ તેમજ માહિતી સભર લેખો પ્રકાશિત કરવામાં આવે છે.
યોજના માસિક વિદ્યાર્થીઓ અને જે તે વિષયના તજજ્ઞો માટે બહુ ઉપયોગી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે યોજના સામાયિક વસાવવું જરૂરી છે.

**લવાજમના દર**

| | |
|---|---|
| છુટક નકલ | ₹. ૨૨.૦૦ |
| વિશેષાંક | ₹. ૩૦.૦૦ |
| એક વર્ષનું લવાજમ | ₹. ૨૩૦.૦૦ |
| બે વર્ષનું લવાજમ | ₹. ૪૩૦.૦૦ |
| ત્રણ વર્ષનું લવાજમ | ₹. ૬૧૦.૦૦ |

લવાજમ મનીઓર્ડર, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ, એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯. ના સરનામે મોકલવું. મનીઓર્ડર, ચેક, ડિમાન્ડડ્રાફ્ટ દ્વારા લવાજમ મોકલનારે કવરીંગ લેટરમાં પૂરું નામ, સંપૂર્ણ સરનામું, પીનકોડ નંબર, મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ સુવાચ્ય અક્ષરોમાં લખીને ઉપરના સરનામે મોકલવું.
યોજના ગુજરાતીનું ઓનલાઈન લવાજમ ભરવા માટે :
**(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana**
**(2) http://yojana.gov.in/**
**(3)http://publicationsdivision.nic.in/Subscription.aspx** વેબસાઈટ પરથી પણ ભરી શકાશે. યોજના માસિકની વધુ માહિતી મેળવવા માટે **yojanagujarati@gmail.com**_પર ઈમેલ કરવો.

# વૃદ્ધત્વએ ભારતમાં તમામ કારણોમાં નિહિત છેઃ એક પ્રયોગાત્મક વર્ણન

**શીલુ શ્રીનિવાસન**



ભારતમાં આપણે હજુ આજે પણ દેશની નવ કરોડ કરતા પણ વધારેની સાહિઠ વર્ષ કરતા વધુ વય ધરાવતી વસતીનાં ભોજન, આશ્રય, તબીબી સેવાઓ, વીમો, આવક સુરક્ષા જેવા મુદ્દે સંઘર્ષ કરી રહ્યાં છે. દેશ પર શાસન કરી રહેલી સરકાર તરફથી આ ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં હસ્તક્ષેપ કરાય તેવી જરૂરિયાત હોવા છતાં, હજું પણ એવં વિષયોને લગતા એનજીઓ અને જૂથો છે, જેમને આ કામમાં પરોવી શકાય છે.

ઉત્પાદક વૃદ્ધત્વ'નો વિચારએ આ નક્કર વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત છે કે વૃદ્ધત્વએ શરીરનાં જોશ અને શારીરિક ગતિવિધી અને માનસિક ગતિવિધીનાં સ્તર વચ્ચેના સતત સંવાદ વચ્ચેનો સંકેત છે. મોટાભાગનાં માનસિક કામકાજમાં વયને લગતી વિકૃતિને વાસ્તવમાં બદલી શકાય છે. તે માટે સિનેજેનિક્સ વાસ્તવમાં એક આધુનિક અને ઉભરતી વ્યવહારૂ અને અક્સીર સારવાર છે, હકીકતમાં, લાસ વેગાસ જેવા શહેરોમાં તે તેનાં પ્રેક્ટિશનરોનું અમરત્વ સુનિશ્ચિત કરે છે. (ટાઇમ, ૨૫ એપ્રીલ, ૨૦૧૧). જેરોન્ટોલોજી અને ન્યૂરોસાઇકોલોજીમાં કરાયેલી રિસર્ચ દર્શાવે છે કે માનસિક ગતિવિધીઓ ચેતાકોષો નવાં શિખાતંતુઓ તૈયાર કરે છે, જે અન્ય ચેતાકોષો સાથે જોડાણ સ્થાપિત કરે છે. જ્યારે મસ્તિષ્ક નિષ્ક્રિય રીતે બેસી રહે છે ત્યારે આ શિખાતંતુઓ સંકોચાઇ જતા હોય છે. તેને સરળતાથી કહીએ તો, તેવી વ્યક્તિ જે પોતાના જીવનની સમસ્યાઓનું સમાધાન શોધવાનું બંધ કરી દે છે તે તેવા તબક્કે પહોંચી જાય છે, જ્યાં તે સમસ્યાઓનું સમાધાન કરી શકતી નથી.

બોધઃ સક્રિય રહો. જો તમે કંઇ કરશો, તો કોઇ વૃદ્ધત્વ અને તેની ઘાતક અસર નહીં રહે. આ પસંદગી તમારા હાથમાં જ રહેલી છે.

પ્રસંશા પામેલી અને સ્વીકૃત શૈક્ષણિક થીયરીઓ – વેર એન્ડ ટિયર થીયરી, ધ ન્યૂરોએન્ડોક્રાઇન થીયરી, ઇવોલ્યુશનરી વર્સિસ લાઇફ હિસ્ટ્રી થીયરી, વેસ્ટ એક્યુમ્યુલેશન થીયરી, કેલોરિક રિસ્ટ્રીક્શન થીયરી, પ્રોડક્ટિવ એજિંગ થીયરી – વાસ્તવમાં આજે આપણે જે લાંબા જીવનનો આનંદ માણી રહ્યા છીએ તેની ગુણવત્તાને સુધારે છે અને તે ખરાબ બાબત નથી. હકીકતમાં આવું જ્ઞાન વાસ્તવમાં રોજિંદા જીવનને અસર કરી શકે છે અને સીનિયર સિટિઝનો આવી ઉત્પાદક ઢબને અપનાવીને અન્યો માટે પ્રેરક બની શકે છે. મેં જ્યારે વૃદ્ધત્વ અંગેની રિસર્ચનું ફોલોઅપ શરૂ કર્યું ત્યારે હું સ્વયં પણ ખુબજ રોમાંચ અનુભવી રહ્યો હતો.

ગૉરાન્ટે, એલ અને કેન્યોન સી, (નેચર મેગેઝીન) અનુસાર એજિંગ રિસર્ચનું ક્ષેત્ર પાછલા દાયકામાં સંપૂર્ણપણે બદલાઇ ગયુ છે. જ્યારે એક જ જનીન બદલાય છે, ત્યારે જે પશુએ વૃદ્ધ થવાનું હોય છે, તે તેનાં કારણે યુવાન રહે છે. માનવીઓમાં આ મ્યુટન્ટ્સ એક નેવુ વર્ષની વ્યક્તિને સમાન હોય છે, જેઓ પિસ્તાલીસ વર્ષની વયનાં હોય તેવા દેખાય છે અને તે વયના લોકો જેવી અનુભૂતી કરે છે. આ આધારે આપણે આમ વિચારવાનું શરૂ કરીએ છીએ કે વૃદ્ધત્વ એક રોગ છે જેની સારવાર કરી શકાય છે અથવા ઓછામાં ઓછું તેને મુલતવી તો રાખી જ શકાય છે. વૃદ્ધાવસ્થાનું ક્ષેત્ર હવે સંશોધનો માટે ખુલી રહ્યું છે કારણ કે ઘણાં બધાં લોકો હવે વૃદ્ધત્વનાં કારણોની શોધ કરવા અને તેનો અભ્યાસ કરવા

પાછળની સંભાવનાઓ પ્રત્યે ખુબજ ઉત્સાહિત છે અને એટલું જ નહીં યુવાનોને પણ તેમાં રસ જાગ્યો છે. જ્ઞાનએ સૌથી પાયાનો હસ્તક્ષેપ છે, જે વૃદ્ધત્વની ખોટી માન્યતાઓને ફગાવી શકે છે — વૃદ્ધ લોકો વિશે ખોટી રીતે દ્રઢ બનાવાયેલી અને ચિલાચાલુ ખોટી વાતોને દૂર કરી શકે છે.

આ બધી અગ્રણી બાબતો પશ્ચિમની છે. ભારતમાં આપણે હજુ આજે પણ દેશની નવ કરોડ કરતા પણ  વધારેની સાહિઠ વર્ષ કરતા વધુ વય ધરાવતી વસતીનાં ભોજન, આશ્રય, તબીબી સેવાઓ, વીમો, આવક સુરક્ષા જેવા મુદ્દે સંઘર્ષ કરી રહ્યાં છે. દેશ પર શાસન કરી રહેલી સરકાર તરફથી આ ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં હસ્તક્ષેપ કરાય તેવી જરૂરિયાત હોવા છતાં, હજું પણ એવં વિષયોને લગતા એનજીઓ અને જૂથો છે, જેમને આ કામમાં પરોવી શકાય છે. તે બાબત જ આ લેખમાં મારો મધ્યવર્તી વિચાર રહેશે.

એવાં સમાજમાં જ્યારે વૃદ્ધ વયની વ્યક્તિઓની ખરાબ છબિ સર્જાયેલી હોય અને જેનાં પરિણામે તેમણે ભેદભાવનો સામનો કરવો પડતો હોય, ત્યાં કોઇ વ્યક્તિ આખરે શું કરી શકે. આ એક પાયાની સમસ્યા છે. ઉદાહરણ તરીકે મુંબઈનાં એક સીનિયર સિટીઝન ઇ.એ.અબ્રાહમ (૮૧)નો દાખલો જ લો. તેઓ સ્થાનિક કોલેજમાં સંસ્કૃત શિખવા માટે પ્રવેશ મેળવવાં માગતાં હતાં. તેમને બધે જ તેમની વયને કારણે પ્રવેશ આપવાનો ઇનકાર કરી દેવામાં આવ્યો હતો. તેથી તેમણે બોમ્બે યુનિવર્સિટીમાં પી.એચ.ડી. માટે પ્રવેશ લીધો હતો કારણ કે માત્ર આ ક્ષેત્રે જ તેમને વય આડે આવે તેમ નહોતી. તેઓ જ્યારે ૭૫ વર્ષનાં હતાં ત્યારે તેમણે સંસ્કૃતમાં ડિગ્રી મેળવી હતી.

ઉત્પાદક વૃદ્ધત્વને તક આપવાનાં અને ઇનકારના દાખલાઓનો જેરોન્ટોલોજિકલ સાહિત્યનો એક દળદાર ગ્રંથ તૈયાર થઇ શકે છે જેને ડિગ્નીટી ડાયલોગમાં સામેલ કરાય છે. **ડિગ્નીટી ડાયલોગએ** પ્રોડક્ટિવ એજીંગને લગતું માસિક સામયિક છે, જ્યાં તેના વાચકો અને સબસ્ક્રાઇબર પોતાની હતાશા, નિરાશા અને તેમને મળેલા દગા કે છેતરપિંડીને વાચા આપતા હોય છે.

તેથી વૃદ્ધ લોકોને માળખાકીય રીતે તક પુરી પાડવાની જોગવાઇએ આજે ભારતમાં સૌથી મોટો પડકાર છે કારણ કે દેશની વય પ્રોફાઇલ યૂરોપ અને જાપાનનાં ટ્રેન્ડ સાથે લગભગ મેળ ખાઇ રહી છે. જેમ ટાટા ઇન્સ્ટીટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસનાં પૂર્વ નિર્દેશક અને સોસિયોલોજિસ્ટ ડૉ. પાર્થોનાથ મુખર્જીએ જુલાઈ ૧૯૯૬માં એક એન.જી.ઓ. દ્વારા માત્ર સીનિયર સિટિઝનો માટે શરૂ કરાયેલાં કમ્પ્યુટરનાં વર્ગોમાં કમ્પ્યુટર કૌશલ્યો શીખનારા સીનિયર સિટિઝનોનાં પહેલાં કૉન્વોકેશનની અધ્યક્ષતા કરતા કહ્યું હતું, એન.જી.ઓ. દ્વારા આ રીતે પોતાના બળે આવા સીનિયર સિટિઝનોને તક પુરી પાડવામાં આવે તે ભારતની વસ્તીનાં ટ્રેન્ડ્સને જોતા ખુબજ મહત્વપૂર્ણ બાબત છે. સરકાર કરતા પણ વધારે એન.જી.ઓ. સેક્ટર આ લોકો માટે સેક્ટરમાં વધારે નવતર વિચારો સાથે આગળ આવે છે.



એક સામાજિક કાર્યકર્તા અને સોશિયોલોજીનાં વિદ્યાર્થી તરીકે, તેમજ સીનિયર સિટિઝનોનાં જીવનને સમૃદ્ધ બનાવવાં માટેની સેવાનું સંચાલન કરતી વ્યક્તિ તરીકે આ મારી પ્રયોગાત્મક શોધ છે કે, ભારતમાં શિક્ષિત મધ્યમવર્ગીય સીનિયર સિટિઝનો જ્ઞાનની જરૂરિયાતને ઝડપવામાં ત્વરિત હોવાની સાથે જ ઉત્પાદક વૃદ્ધત્વને અમલમાં મુકે છે. પશ્ચિમ દેશો કરતા એકદમ વિપરિત જ્યાં, નિવૃત્તિ બાદ વૈભવી જીવન, રજાઓ, સારા ભોજન, આનંદ પ્રમોદ પર ભાર આપવામાં આવે છે, ભારતીય સીનિયર સિટિઝનો નિવૃત્તિ બાદ આરામ અને વૈભવી જીવન ગાળવા અને આનંદ-પ્રમોદ કરવા કરતા કોઇ સારા કારણ પાછળ પોતાનો સમય ફાળવવાને વધારે મહત્વ આપે છે.

ઉપરોક્ત વાતનો પુરાવો મુંબઈમાં જોવા મળે છે, જ્યાં ૬૬૩ સીનિયર સિટિઝનોએ એક અનોખા જોડાણ હેઠળ બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશન  (બીએમસી) સાથે **ક્લિનિંગ મુંબઇ વિથ ડિગ્નીટ** પ્રોજેક્ટ માટે હાથ મેળાવ્યાં છે. આ સીનિયર સિટિઝનોની મોર્નિંગ વોક હવે શેરીમાં કામ કરતા બી.એમ.સી.ના સફાઇ કર્મચારીઓ સાથે વાતચીતમાં પરિવર્તિત થઇ ગઇ છે. તેમનું સાપ્તાહિક કાર્ય એક બેઠકમાં બદલાઈ ગયું હતું



જેમાં તેઓ નગરપાલિકાનાં વોર્ડનાં અધિકારીઓ દ્વારા નાગરિકોની સમસ્યા અને તેનાં નિવારણની પદ્ધતિઓ અને માહિતીઓનું આદાન-પ્રદાન કરતાં. સ્વતંત્રતા દિવસની ઉજવણી હવે તેમના 'કચરાથી મુક્તિ આંદોલન' સાથે બળી ગઇ છે. આ સીનિયર સિટિઝનોએ તેમને પુરી પાડવામાં આવેલી તકનો ઉપયોગ સામુદાયિક નેતા બનવા માટે કર્યો છે જ્યાં તેઓ રહેવાસીઓને રસ્તા પર કચરો નહીં ફેંકવામાં મદદ કરે છે. તેમની પોતાની આદર્શ શેરીઓ અન્ય નાગરિકોને બતાવવામાં આવે છે, જેથી તેઓ પણ પોતાની શેરીઓને તેટલી જ સ્વચ્છ રાખી શકે. કચરાને અલગ-અલગ તારવવો અને તેને બિલ્ડિંગનાં કમ્પાઉન્ડમાં કમ્પોસ્ટ કરવાની બાબતથી સીનિયર સિટિઝનોએ અપૂર્વ સામાજિક સેવાનું નિદર્શન કર્યુ છે. પર્યાવરણ પ્રત્યે અમાપ પ્રેમની લાગણી તેમની સક્રિય રહેવાની અને સામાજીક રીતે એકીકૃત રહેવાની ભાવનાને નિર્દેશિત કરે છે. તેઓ આ વાતની જુબાની આપે છે કે સીનિયર સિટિઝનો માટે સામાજીક કાર્યોમાં ભાગીદારી વય સાથે જોડાયેલી સમસ્યાઓના નિરાકરણ માટેના એન્ટીડોટ તરીકે કામ કરે છે.

અથવા તો તેમની હેલ્પલાઇનનો જ દાખલો લો, જ્યાં ૨૦૦ સીનિયર સિટિઝન સ્વયંસેવકો મુંબઈમાં એકલવાયું જીવન જીવતા સીનિયર સિટિઝન નાગરિકોને સાથીદાર સેવા પૂરી પાડે છે. આ હેલ્પલાઇન પર સેવા આપતા ૭૫ વર્ષીય સિનિયર સિટિઝન નરગીસ ઓલિયાના જણાવ્યાં પ્રમાણે, ઘણીવાર તો વયોવૃદ્ધ કોલર ૪૦ મિનિટ સુધી પોતાના જીવન વિશે વાત કરવામાં કાઢી નાખે છે. ૫૦ વર્ષ કરતા વધારેની વય ધરાવતા આ તમામ સ્વયંસેવકો શોષણનો ભોગ બનેલા આવાં સીનિયર સિટિઝનો સુધી પહોંચી શક્યાં છે, આ વૃદ્ધોને અથવા તો તેમના સંતાનો કે પછી તેમના જ પરિવારજનોએ સંપત્તિને લગતી બાબતો પર હેરાન કર્યા છે. ૮૫ વર્ષીય લાતે મેતરાનીનાં જણાવ્યા પ્રમાણે સામાજિક સમર્થનની જરૂરિયાત ધરાવતી વૃદ્ધ વ્યક્તિઓની પડખે ઊભા રહીને અમે પોતે પણ કંટાળા અને ડિપ્રેશનથી રાહત મેળવી શકીએ છીએ, જે અત્યાર સુધી મારા માટે સૌથી મોટી ચિંતા હતી.

ઉત્પાદક વૃદ્ધત્વને ફાયદાકારક કાર્યનાં સંકુચિત દાયરા પુરતો સીમિત ન રાખવો જોઇએ. બીજી કારકિર્દી અથવા નિવૃત્તિ બાદનો સમય સામાન્ય રીતે આનંદ અને પોતાના શ્રેષ્ઠ કાર્યને સાથે કરવા તરીકે વ્યાખ્યાઇત કરવામાં આવે છે. જ્યારે ઉત્પાદકતાને જુસ્સા સાથે ગતિવિધીઓને જુસ્સા સાથે કરવા માટે (એવી બાબત જે તમે હંમેશા કરવા માંગતા હતાં, પણ પોતાની પહેલી કારકિર્દીમાં તેને નહોતા કરી શક્યાં) વર્કફોર્સમાં ભાગીદારી કરતા પણ આગળ વધીને વ્યાપક રીતે આવરી લેવામાં આવે, ત્યારે તે સામાજિક મહત્વ પ્રાપ્ત કરે છે.

પ્રથમ તો એકીકૃત સમાનતાની રાજકીય દલીલમાં વૃદ્ધત્વ હજુ પણ ઉપયોગી છે, તે દર્શાવવાની બાબત આ ભ્રમણા કે ગેરમાન્યતાને નકારવામાં મદદ કરે છે કે વૃદ્ધ લોકો હંમેશા પરિવાર કે સામાજિક સંસાધનો પર બોજારૂપ હોય છે. બીજૂ, વૃદ્ધ વયમાં વ્યાખ્યાઇત સાઇકોલોજિકલ ફાયદા હોય છે – જેમ કે સારૂ આરોગ્ય, પ્રેરણા, જીવનનો સંતોષ અથવા તો સ્વંય વાસ્તવિકિકરણ વગેરે. ત્રીજૂ, તેનું સામાજીક મહત્વ પણ છે – સમાજની એક કોરે રહેવાના સ્થાને સામાજીક એકિકરણ અને ભાગીદારી.

સીનિયર સિટિઝનોમાં ઉત્પાદકતાની અનુભૂતિ કે લાગણી આત્મસન્માન- ગૌરવની વાત છે. ભારતનાં સીનિયર સિટિઝનોને જે જોઇએ છે, તે પ્રસિદ્ધી અથવા નામ કે નાણાં કે સારૂ ભાગ્ય નહીં પણ સન્માન છે. તેનાં પ્રત્યે માત્ર સભાન રહેવાની જ નહીં પરંતુ ઉત્પાદક દેખાવાની લાગણી પણ તેમની આત્મ-સન્માનની ભાવનાને મોટા પ્રમાણમાં વધારો કરે છે. જ્યારે પૌત્ર-પૌત્રીઓ પોતાના દાદીને પોતાનું જીવન હેતુલક્ષી કાર્યમાં પરોવતા જુવે છે ત્યારે, દાદી પોતાના પૌત્રમાં પોતાના પ્રત્યે ગર્વની લાગણી ઉત્પન્ન કરવાની સાથે જ, તેમને દાદીનાં વ્યસ્ત કાર્યક્રમમાં સામેલ થવાની પ્રેરણા આપે છે. યુવા પેઢી ઉત્પાદક માવતર અને દાદા-દાદીનાં સંતાન હોવામાં ગર્વ અનુભવતી હોય છે, તેઓ તેમની પાસેથી પોતાની જાતની સ્વયં સારસંભાળ

રાખવાનું અને પોતાને અર્થપૂર્ણ કાર્યોમાં વ્યસ્ત રાખવાનું શીખે છે. અને અમે આ તારણ ડિગ્નિટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત અગંત મીટિંગો, પત્રાચાર, લેખ અને ઈન્ટરવ્યૂનાં આધારે સ્વયં શોધ્યું છે. સીનિયર સિટિઝન વ્યક્તિ પોતાનું શેષ જીવન આત્મ સન્માન અને ગૌરવ સાથે જીવવા માગે છે.

વૃદ્ધત્વ અંગેનું પ્રાચીન અને મધ્યયુગીન વિઝન હવે ઝડપથી બદલાઈ રહ્યું છે. તે ધર્મનિરપેક્ષ, વૈજ્ઞાનિક અને વ્યક્તિવિશેષ આધારિત આધુનિકતા માટે માર્ગ બનાવી રહ્યું છે. આ બાબત ઓછામાં ઓછી સ્વતંત્રતા બાદની ભારતીય પેઢીઓ માટે તો સત્ય છે. જે પેઢીને ઉદારવાદી શિક્ષણની પહેલી લહેરનો ફાયદો મળ્યો હતો.

આનુષાંગિક રીતે વૃદ્ધ લોકોને સમાજની ઉત્પાદક ક્ષમતામાં પ્રદાન કરનારા વર્ગ તરીકે માન્યતા પ્રદાન કરવાની બાબતએ બિલકુલ આ બાબતની સમાન મહત્વપૂર્ણ છે કે તેઓ એક મહત્વપૂર્ણ માર્કેટ તૈયાર કરે છે. વૉલ સ્ટ્રીટ જરનલે લખ્યું હતું, 'વૃદ્ધ પેઢીમાં ઘણી ક્ષમતા રહેલી છે — એવી સંભાવના જેનો ભારતમાં વ્યાપાર અને ઉદ્યોગસાહસિકોએ હજું પણ ફાયદો નથી લીધો. વીમો, હાઉસિંગ, આરોગ્ય, રજાઓ અને સાંસ્કૃતિક સ્તરની માવજત અને દરકાર સેવાઓ વદ્ધ લોકો માટે વિશેષ રૂપે તૈયાર કરવામાં આવે તેની તાતી જરૂરિયાત છે. ત્યાં સુધી એનજીઓએ, સીનિયર સિટિઝનોનું ઉત્પાદક વૃદ્ધત્વ સંભાવનાઓ તરફ દોરવામાં નેતૃત્વ કરવા માટેની સેવાઓને પોષવાની અને તે સેવાઓ પ્રદાન કરવાની રહેશે. વર્ષ ૨૦૧૧ના સપ્ટેમ્બર મહિનામાં ડિગ્નીટી ફાઉન્ડેશન દ્વારા મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ,પુણેમાં આયોજિત કરાયેલ ધ રિટાયરમેન્ટ એક્સ્પોમાં વૃદ્ધ લોકો માટેની પ્રોડક્ટ અને સેવાઓનું પ્રદર્શન કરીને આ માર્કેટની ક્ષમતાને રેખાંકિત કરવામાં આવી હતી.

હવે સમય આવી ગયો છે કે સરકાર વૃદ્ધ ભારતીયો પ્રત્યે પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવા આગળ આવે. આ વિષય ખુબજ જટિલ, ખુબજ વ્યાપક છે અને તેના માટે વિશેષ જ્ઞાનની જરૂરિયાત છે. અમારી સરકારને વિનંતી છે કે વૃદ્ધ થઈ રહેલી વસ્તીની વ્યાપક અસર વિશે મંથન માટે તે એક વિચાર સમૂહની નિયૂક્તિ કરે છે. નેશનલ પોલિસી ફોર ઓલ્ડર પર્સન્સ, ૧૯૯૯ એ ખુબજ સારો દસ્તાવેજ છે, જે દેખાવ અને પરિણામની દ્રષ્ટિએ ખુબજ વિકાસશીલ છે. પરંતું વૃદ્ધત્વના ક્ષેત્રે નવા આયામ સામે આવ્યા છે, જેમ કે, ૮૦ વર્ષ કરતા વધારેની વય ધરાવતા લોકોનો ઊંચો વિકાસ દર હવે ૭૦૦ ટકાનાં સ્તરને સ્પર્શી રહ્યો છે. વૃદ્ધ વસ્તીનો વિકાસ દર જ ૩૫૦ ટકા છે, જે સામાન્ય વસ્તીનાં વિકાસ દરની તુલનામાં અનેક ગણો મોટો છે. તેથી દેશની વૃદ્ધ જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સરકાર તાત્કાલિક નવી યોજનાઓ શરૂ કરે તેની તાતી જરૂરિયાત છે. ઘણી એન.જી.ઓ. સરકાર સાથે મળીને સંસાધનો લગાવવા તૈયાર છે અને હાલ તે સરકારનાં પ્રતિભાવની રાહ જોઇ રહી છે.

રાજ્ય સ્તરે કેટલાંક રાજયોની સરકારો, જેવી કે કેરળ, તમિલનાડુ, મધ્ય પ્રદેશ અને હિમાચલ પ્રદેશ સરકારે વૃદ્ધ લોકોનાં મુદ્દાઓ વિશે ઘણી પ્રસંશનીય યોજનાઓ શરૂ કરી છે. એકબીજા પાસેથી શીખવા માટેની ઘણી બધી સંભાવનાઓ છે.

રાજકીય વર્ગ અને અમલદારશાહીનું શિક્ષણ આવનારા દાયકામાં સંભવતઃ એનજીઓ માટે એજન્ડા રહેશે. સીનિયર સિટિઝનોનાં જૂથ અને ગણતરીનાં એનજીઓ ભારતમાં વૃદ્ધત્વ વિશે નીતિનાં નિર્માણમાં સક્રિય રીતે કામગીરી કરી રહી છે. પરંતું નવી દિલ્હીનાં મંત્રીઓને ચલિત કરવા માટે વધારે ટકાઉ પ્રયાસો કરવાની જરૂર છે. શરૂઆતમાં, સંગઠિત એન.જી.ઓ.નાં જૂથો અને સીનિયર સિટિઝનોનાં સંઘોએ આ મુદ્દે અવાજ ઉઠાવીને સરકારી વિભાગો સાથે તે મુદ્દે સંવાદ કરવાની જરૂર છે.

**લેખિકા ડિગ્નીટી ફાઉન્ડેશન ને ડિગ્નીટી લાઈફસ્ટાઈલ રિટાયરમેન્ટ ટાઉનશિપનાં સ્થાપક પ્રમુખ છે. તે મોટી ઉંમરનાં લોકો માટેની ઈન્ટરનેશનલ એડવાઈઝરી કમિટી ઓફ એક્સપર્ટસ ઈન હેલ્થકર ડિલીવરી અને રિસર્ચ ઓન ડીમેન્ટીંગ ડીસઓર્ડર્સ, તથા ભારત સરકારનાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની નેશનલ પોલિસી ઓન ઓલ્ડર પર્સન્સ જેવી વિવિધ સમિતિઓમાં સભ્ય છે.તે ઈન્ડીયન જર્નલ ઓફ શોશિયલ વર્ક, ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સીસનાં મેનેજીંગ એડિટર છે.**

**E-mail:**

**sheilu.sreenivasan@dignityfoundation.com**

**યોજના વાંચો યોજના વંચાવો યોજના વસાવો**

# આપણી માતાઓને બચાવીએ – ભારતનો એમએમઆર હવે ૧૩૦ થઈ ગયો છે

મનિષા વર્મા અને
પૂજા પાસી



વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયન શરૂ કરવામાં આવ્યું હતું જેનો આશય દેશભરમાં દર મહિનાની ૯મી તારીખે ગર્ભવતી મહિલાઓને પ્રસૂતિની સંભાળ અને સારવાર સુનિશ્ચિત કરાવવાનો છે અને તે અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૨૫ કરોડથી વધુ પ્રસૂતિ ચેકઅપ કરવામાં આવ્યાં છે.

આપણા દેશે 'મેટરનલ મોર્ટલિટી રેશિયો (એમએમઆર) અર્થાત્ પ્રસૂતિ સમયે થતા માતાઓનાં મૃત્યુ ગુણોત્તર ૧૯૯૦ થી ૨૦૧૫ દરમિયાન ત્રણ ચતુર્થાંશ પ્રમાણમાં ઘટાડીને' મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ (એમડીજી) લક્ષ્ય ૫.૧ હાંસલ કરવામાં મોટી સફળતા મેળવી છે. તાજેતરનાં સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (એસઆરએસ) ડેટા અનુસાર ભારતમાં મેટરનલ મોર્ટલિટી રેશિયો (એમએમઆર) ૧૩૦/એક લાખ જીવિત જન્મ છે જે વર્ષ ૨૦૧૧-૧૩માં ૧૬૭/એક લાખ જીવિત જન્મની તુલનાએ ૩૭ પોઈન્ટનો ધરખમ ઘટાડો દર્શાવે છે.

એમડીજી લક્ષ્ય કેવી રીતે હાંસલ કરી શકાયું તેમાં આપણે વધુ ઊંડા ઉતરીએ તે પહેલાં, ચાલો એ સમજી લઈએ કે એમએમઆર શું હોય છે અને તેનું મહત્વ શું છે. ગર્ભાવસ્થા અને બાળકનાં જન્મ દરમિયાન અથવા ગર્ભાવસ્થા પૂર્ણ થયાનાં ૪૨ દિવસમાં, ગર્ભાવસ્થાનો સમયગાળો અને સ્થળને ધ્યાનમાં રાખ્યાં વગર, ગર્ભાવસ્થા અથવા તેના સંચાલન (આકસ્મિક અથવા બિનઘટનાકીય કારણ) સંબંધિત ઉભા થતા કોઈપણ કારણથી માતાઓ મૃત્યુ પામે તે સંખ્યાને એમએમઆર કહેવામાં આવે છે. આ રેશિયો દરેક ચોક્કસ વર્ષમાં પ્રત્યેક ૧,૦૦,૦૦૦ જીવિત જન્મનાં આધારે ગણવામાં આવે છે. અહી ખાસ નોંધવું જરૂરી છે કે આ ગુણોત્તર (રેશિયો) છે, દર (રેટ) નથી. મેટરનલ મોર્ટલિટી દરમાં તેનો પોતાનો જ એક ભાજક છે, જે મહિલાઓની પ્રજોત્પતિ વયનો આંકડો (૧૪-૪૫ વર્ષની ઉંમર) છે. એમએમઆર (જેનો ભાજક જીવિત જન્મનો આંકડો છે) એવી મહિલાઓનાં મૃત્યુનું જોખમ સૂચવે છે જે ગર્ભવતી થાય છે અને પ્રજોત્પતિ સ્તરને ધ્યાનમાં નથી લેતી. આથી, તે મેટરનલ મોર્ટલિટી રેટ (પ્રસૂતિ સમયે થતો મૃત્યુદર) પર માનક સૂચક તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ પછી આપણને આગામી પ્રશ્ન પર લઈ જાય છેઃ શા માટે એમએમઆર મહત્વનો સૂચક છે, તેનું મહત્વ શું છે? એમએમઆર સમગ્ર દેશની સ્વાસ્થ્ય પ્રણાલીનું પ્રતિબિંબ છે અને તેના લાભાલાભનાં પરિણામોની સાથે સાથે અન્ય લક્ષણો જેમ કે આંતર-ક્ષેત્રિય સહયોગ, પારદર્શકતા અને અસમાનતા રજૂ કરે છે. આ બધાથી વિશેષ, તે સમાજની સોશિયો-કલ્ચરલ (સમાજ-સાંસ્કૃતિક), રાજકીય અને આર્થિક ફીલસુફીનું પણ નિરુપણ કરે છે. આથી, તે ગર્ભાવસ્થા અને બાળકનાં જન્મ સમયે જોવા મળતી સમસ્યાઓ રોકવા અને તેનું નિવારણ લાવવા માટે અસરકારક સ્વાસ્થ્ય સંભાળ ઉપલબ્ધ કરાવવા માટે સ્વાસ્થ્ય પ્રણાલીની ક્ષમતાઓ

દર્શાવવા ઉપરાંત આપણા દેશમાં એકંદરે વિકાસ અને પ્રગતીનો ચિતાર પણ આપે છે.

હવે આપણે એમએમઆરનું મહત્વ શું છે તે સમજીએ અને આપણા દેશમાં હાંસલ થયેલા એમડીજી વિશે પણ જાણીએ, તેમજ આ સિદ્ધિ હાંસલ કરવાનો આપણા દેશમાં શું મતલબ કાઢી શકાય તે જાણીએ. તે દર્શાવે છે કે, વર્ષ ૨૦૧૩થી એમએમઆરમાં ભારતે મેટરનલ મોર્ટલિટીના ઘટાડામાં ૨૨% ઘટાડા સાથે પ્રભાવી સુધારો દર્શાવ્યો છે. વર્ષ ૨૦૧૩ની તુલનાએ હવે એટલે કે વર્ષ ૨૦૧૬માં વાર્ષિક મેટરનલ (માતા) મૃત્યુમાં ૧૨,૦૦૦નો ઘટાડો થયો છે, જે કુલ મેટરનલ મૃત્યુ ઘટીને પહેલી વખત ૩૨,૦૦૦ થયા હોવાનું દર્શાવે છે. અગાઉ મેટરનલ મૃત્યુની સંખ્યા ૪૪,૦૦૦ નોંધાઈ હતી. આનો અર્થ એવો થાય કે વર્ષ ૨૦૧૩ની તુલનાએ હવે દર વર્ષે, ભારતમાં ૩૦ મહિલાઓ ગર્ભાવસ્થા સંબંધિત મૃત્યુથી બચી શકે છે. આ સિદ્ધિ હાંસલ કરવામાં સૌથી વધુ યોગદાન આપનારા ત્રણ રાજ્યો ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને આસામ છે જ્યાં તેમના એમએમઆર (તેમનો એમએમઆર એમડીજી લક્ષ્ય કરતા વધારે હોવા છતાં)માં ૬૦ પોઈન્ટથી વધુ ઘટાડો થયો છે. જો ટકાવારી પર નજર કરીએ તો, ઉત્તર પ્રદેશ/ઉત્તરાખંડ (૨૯ ટકા), કેરળ (૨૫ ટકા) અને મધ્યપ્રદેશ / છત્તીસગઢ (૨૨ ટકા) રાજ્યનાં એમએમઆરમાં રાષ્ટ્રીય સરેરાશ ૨૨ ટકાની તુલનાએ વધુ ઘટાડો નોંધાયો છે. આ પરિણામો ઘણા આશાસ્પદ છે, કારણ કે તેનાથી સ્પષ્ટ પ્રતિત થાય છે કે આપણા પ્રયાસો સાચી દિશામાં થઈ રહ્યાં છે જે આપણને પ્રોત્સાહન પૂરું પાડે છે. તેનાથી તથ્યોના આધારે વધુમાં એવો પણ દાવો કરવામાં આવે છે કે આપણે એમએમઆર સંયુક્ત ઘટાડાનાં વાર્ષિક દરમાં ૩૮ ટકાનાં ઉછાળા સાથે આગળ વધી રહ્યાં છીએ, કારણ કે તેમાં ૫.૮ ટકા (૨૦૦૭-૦૯ થી ૨૦૧૧-૧૩)થી નોંધપાત્ર વૃદ્ધિ થઈને ૮.૦૧ ટકા (૨૦૧૧-૧૩ થી ૨૦૧૪-૧૬) ઘટાડો નોંધાયો છે.

એકંદરે ૧૦ રાજ્યોએ એમડીજી એમએમઆર લક્ષ્ય (૧૩૯/એક લાખ જીવિત જન્મ) હાંસલ કર્યું છે અને છ રાજ્યોએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય નીતિનું ૧૦૦/ એક લાખ જીવિત જન્મનું લક્ષ્ય હાંસલ કર્યું છે. અહી એક તથ્ય પર પ્રકાશ પાડવો જરૂરી છે કે ભારત ૭૦/ એક લાખ જીવિત જન્મનું એસજીડી એમએમઆરનું લક્ષ્ય હાંસલ કરવા માટે સાચી દિશામાં આગળ વધી રહ્યું છે અને કારણ કે આપણા ત્રણ રાજ્યો એટલે કે કેરળ(૪૬), મહારાષ્ટ્ર (૬૧) અને તમિલનાડુ (૬૬)એ આ લક્ષ્ય હાંસલ કરી લીધું છે.

આ વાત આપણને એ વિચાર તરફ લઈ જાય છે કે એવું શું થયું કે જેથી આ લક્ષ્ય હાંસલ થયું. આમ તો આ ઘણી સરળ વાત લાગે છે પરંતુ કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયનો અભિગમ બહુમુખી રહ્યો છે. આ મંત્રાલયે પુરવઠાનાં પરિબળો, માંગનાં પરિબળો, પહોંચનાં પરિબળો, ગર્ભાવસ્થા સંબંધિત સ્વાસ્થ્ય કાળજી મામલે ખીસ્સામાંથી થતા ખર્ચના પરિબળો (ઓઓપીઈ), કાર્યક્રમ વિષય પરિબળો વગેરે પર ઘણું કામ કર્યું છે.

માંગ વધારવા માટે એટલે કે ગર્ભવતી મહિલાની સ્વાસ્થ્ય સુવિધાઓ વધારીને તેમની સુરક્ષિત પ્રસૂતિ કરવા માટે અને ઈમરજન્સી પ્રસૂતિ માટે જનની સુરક્ષા યોજના (જેએસવાય)નો અમલ કરવામાં આવ્યો છે જે અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૦૪ કરોડથી વધુ ગર્ભવતી મહિલાઓને લાભ મળી શક્યો છે. જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ (જેએસએસકે)નો અમલ કરવાથી દરેક ગર્ભવતી મહિલાઓ સરકારી સ્વાસ્થ્ય કેન્દ્રોમાંથી મફત દવાઓ, મફત નિદાન, મફત ભોજન, મફત ડિલિવરી અને સિઝેરિયન સેક્શન, આવવા-જવા માટે મફત પરિવહનની હકદાર બની શકી છે. આવી જ સુવિધાઓ એક વર્ષ સુધીના શીશુઓને પણ આપવામાં આવે છે. ૧.૩ કરોડથી વધુ ગર્ભવતી મહિલાઓ દર વર્ષે જેએસએસકે લાભ મેળવે છે. ટોલ ફ્રી નંબર દ્વારા આપવામાં આવતી રેફરલ અને ઈમરજન્સી પરિવહન સેવાઓ ચલાવવા માટે ૨૪૦૦૦થી વધુ એમ્બ્યુલન્સને કાર્યરત કરવામાં આવી છે. પુરવઠાની બાજુએ જોવામાં આવે તો, વ્યાપક પ્રજોત્પાદક, માતૃત્વ, નવજાત બાળક સ્વાસ્થ્ય અને કિશોર (આરએમએનસીએચ+એ) સેવાઓની જોગવાઈ માટે 'ડિલિવરીનાં પોઈન્સ્વ'ને વધુ મજબૂત બનાવવાના આશયથી ભંડોળની ફાળવણી કરવામાં આવી છે. ૨૦,૦૦૦ થી વધુ ડિલિવરી પોઈન્ટ્સને ડિલિવરી પોઈન્ટ તરીકે વધુ મજબૂત બનાવવામાં આવ્યાં છે, ૨૦૦૦ થી વધુ સુવિધા કેન્દ્ર ફર્સ્ટ રેફરલ યુનિટ (એફઆરયુ) તરીકે કાર્યરત કરવામાં આવ્યાં છે જેથી ઈમરજન્સી પ્રસૂતિ સારવાર સેવાઓ ઉપલબ્ધ કરાવી શકાય. વધુમાં ૫૦ પ્રસૂતિ એડીયુ/આઈસીયુની પણ સ્થાપના કરવામાં આવી છે જેથી જીવને જોખમ હોય તેવી માતાઓને ગંભીર સ્થિતિમાં વિશેષ સારવાર આપી શકાય. ઉપરાંત, ગર્ભવતી મહિલાઓ અને બાળકોને પોતાના વર્ગમાં શ્રેષ્ઠ અને અદભૂત ગુણવત્તાની સારવાર મળી રહે તે માટે જાહેર સ્વાસ્થ્ય કેન્દ્રોમાં ૧૦૦/૫૦/૩૦ પથારીની મેટરનલ એન્ડ ચાઈલ્ડ હેલ્થ (એમસીએચ) શાખાઓને પણ મંજૂરી આપી દેવામાં આવી છે તેમજ ૨૫ રાજ્યોમાં આવેલા ૫૯૦

સ્વાસ્થ્ય સુવિધા કેન્દ્રોમાં વધુ બેડ મળી રહે તે માટે વધારાનાં ૩૨,૦૦૦ બેડની મંજૂરી પણ આપવામાં આવી છે. સૌથી મહત્વની વાત એ કે, લોહી અને લોહીનાં ઘટકોનો પુરતો પૂરવઠો મળી રહે તે માટે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ હોવું જરૂરી છે માટે આ ૯૩૩ બ્લડબેંક અને ૧૩૫૨ બ્લડ સ્ટોરેજ કેન્દ્રોમાં કાર્યરત કરવામાં આવ્યાં છે. માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ નહી પરંતુ, નિષ્ણાતો, ડૉક્ટર્સ, સ્ટાફ નર્સ, આયુષ પેરામેડિક્સ સહિતનાં પેરા-મેડિક્સ અને એનએચએમ હેઠળ એએનએમ સહિત ૨.૨૭ લાખથી વધુ માણસો ફાળવવામાં આવ્યાં છે. વધુ સેવાઓ ઉપલબ્ધ કરાવવા અને લોકો સુધી પહોંચ વધારવા માટે અંદાજે ૧૦ લાખ એક્રિડેટેડ સોશિયલ હેલ્થ એક્ટિવિસ્ટ (આશા) એટલે કે પ્રમાણિત સામાજિક સ્વાસ્થ્ય કાર્યકરોની પણ નિયુક્તિ કરવામાં આવી છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારો સહિત સર્વત્ર આ સુવિધા કેન્દ્રોમાં નિષ્ણાતોની અછતને પહોંચી વળવા માટે સી-સેકશન (ઈએમઓસી) તજજ્ઞો સહિત એનેસ્થેસિયા (એલએસએએસ) અને પ્રસૂતિ સંભાળમાં એમબીબીએસ ડૉક્ટર્સની પુરી ક્ષમતા ઉભી કરવા માટે એચઆર દ્વારા મહત્તમ સંભાવનાઓ સાથે નિયુક્તિ કરવામાં આવી છે. અને અત્યાર સુધીમાં અંદાજે ૧૮૦૦ મેડિકલ ઓફિસર્સને ઈએમઓસી તેમજ ૨૨૦૦ મેડિકલ ઓફિસર્સને એલએસએએસમાં તાલિમ આપવામાં આવી છે. વધુમાં, ૫ રાષ્ટ્રીય કૌશલ્ય લેબોરેટરી અને ૫૪ કૌશલ્ય લેબોરેટરીની પણ સ્થાપના કરવામાં આવી છે જેથી ડિલિવરી પોઈન્ટ પર કામ કરતા સ્ટાફ (૧૦,૦૦૦થી વધુ સ્વાસ્થ્ય પ્રદાતાઓને તાલિમ આપવામાં આવી છે)ના કૌશલ્યને વધુ મજબૂત કરી શકાય.

કાર્યક્રમ તરફ નજર કરીએ તો, એમએચએમ અંતર્ગત સતત સારવારનો અભિગમ અપનાવવામાં આવ્યો છે અને આરએમએનસીએચ+એ પ્રત્યે વ્યૂહાત્મક અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે, આયર્ન અને ફોલિક એસિડના પૂરવણી ડોઝ ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી મહિલાઓ અને કિશોરીઓ સહિત જીવનના તમામ સ્તરની મહિલાઓ માટે સ્વાસ્થ્ય સુવિધાઓ ખાતે ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને વિશેષ પ્રવૃત્તિઓ દરમિયાન પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬માં પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયન શરૂ કરવામાં આવ્યું હતું જેનો આશય દેશભરમાં દર મહિનાની ૯મી તારીખે ગર્ભવતી મહિલાઓને પ્રસૂતિની સંભાળ અને સારવાર સુનિશ્ચિત કરાવવાનો છે અને તે અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૨૫ કરોડથી વધુ પ્રસૂતિ ચેકઅપ કરવામાં આવ્યાં છે.

સ્વાસ્થ્ય સંભાળમાં આઈટીનો ઉપયોગ કરીને, માતા અને શીશુ ટ્રેકિંગ સિસ્ટમ (મધર એન્ડ ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (એમસીટીએસ)) તેમજ માતા અને શીશુ ટ્રેકિંગ સુવિધા કેન્દ્ર (મધર એન્ડ ચાઈલ્ડ ટ્રેકિંગ ફેસિલિટેશન સેન્ટર (એમસીટીએફસી))ની પણ શરૂઆત કરવામાં આવી છે. દરેક ગર્ભવતી મહિલા (૧૩.૫૪ કરોડથી વધુ ગર્ભવતી મહિલા) અને બાળક (૧૧.૭ કરોડથી વધુ બાળકો)ને એએનસી, જેએસવાય લાભ, ઈમ્યુનિઝેશન વગેરે સહિત સમયસર અને ગુણવત્તાપૂર્ણ સેવાઓ મળી રહે અને તેમના પર દેખરેખ રાખી શકાય તે માટે તેમના નામ, ટેલિફોન નંબર, સરનામાં આધારિત વેબ દ્વારા ચાલતી સિસ્ટમ તૈયાર કરવામાં આવી છે.


ઉપર દર્શાવેલી બાબતો ઘણી વ્યાપક અને વિશાળ લાગતી હોવા છતાં, મંત્રાલય દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનાં અનુસંધાનમાં શિખરની ટોચ જેટલો જ હિસ્સો ગણી શકાય કારણ કે વર્તમાન એમએમઆર હાંસલ કરવા માટે અન્ય પ્રસ્તૂત યોગદાનનું પાસુ ભાગીદારી પણ છે. તે અંતર્ગત રાજ્યો અને વિકાસ ભાગીદારો સાથે સહભાગીતાની કામગીરી છે. આ ભાગીદારી ખાસ કરીને સ્વાસ્થ્ય કાર્યકરો, પ્રથમ હરોળમાં રહીને કામ કરતા કામદારો કે જેઓ ગર્ભવતી મહિલાઓ સુધી પહોંચવા માટે પાયાનાં સ્તરેથી કામ કરી રહ્યા છે તે સહિત તમામ સહભાગીઓનાં સંયુક્ત પ્રયાસો વગર શક્ય નથી.

વર્તમાન સમયમાં આપણા દેશે માતૃત્વ મૃત્યુ પર અંકુશની બાબતમાં ટકાઉક્ષમ વિકાસનું લક્ષ્ય. હાંસલ કર્યું છે જે વૈશ્વિક સ્તરે ૨૦૩૦ સુધીમાં હાંસલ કરવાનું છે. આપણે આ સિદ્ધિ સુનિશ્ચિતપણે હાંસલ કરી શકીએ તે માટે, રાજ્યોએ હવે તેમના પોતાની અનન્ય પડકારો હોય તેવા તમામ પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આપણે અવારનવાર કહીએ છીએ કે, ભારતમાં દરેક રાજ્ય પોતાની રીતે એક અલગ દેશ સમાન છે અને આ પ્રાદેશિક વૈવિધ્યને ઓળખવાની તેમજ જરૂરી નિરાકરણ લાવવાની જરૂર છે જેથી વધુ માતાઓનું જીવન બચાવી શકાય.

**મનિષા વર્મા એ ભારત સરકારનાં પરિવાર કલ્યાણ મંત્રાલયનાં ચિફ મિડીયા છે.**
**E-mail: v.manisha@gmail.com**
**પૂજા પાસી આરોગ્ય ને પરિવાર કલ્યાણ મંત્રાલય(IEC)નાં સિનિયર કન્સલ્ટન્ટ છે.**
**E-mail: drpooja.mohfw@yahoo.in**

# પંચાયતી રાજ સંસ્થાઓમાં હાંસિયામાં રહેલા સમુદાયોનું સશક્તિકરણ

**ટી. બ્રહ્માનંદમ**
**કે. વી શ્રીનિવાસ**




આઝાદી પછી પંચાયતી રાજ પધ્ધતિને મજબૂત કરવાની કામગીરી ભારત સરકાર ઉપર આવી પડી હતી. લોકશાહીને મજબૂત કરવા માટે ગામડાંઓને મજબૂત કરવા જરૂરી હતાં, કારણ કે ભારત એ ગ્રામ પંચાયતોનો દેશ છે. મહાત્મા ગાંધી દ્રઢપણે ગ્રામ સ્વરાજમાં માનતા હતાં. તેમના જણાવ્યાં પ્રમાણે ગામડાંઓનું સંચાલન ગામ લોકો દ્વારા ચૂંટાયેલી પંચાયતો દ્વારા આત્મનિર્ભરતાપૂર્વક થવું જોઈએ, પરંતુ અચરજ થાય તેવી બાબત એ છે કે બંધારણ ઘડવામાં તેમનો સમાવેશ કરાયો નહોતો.

સશક્તિકરણને સ્પર્ધાત્મક અભિગમ ગણવામાં આવે છે અને અલગ અલગ સંજોગોમાં તે વિવિધ સામાજિક અને માનસિક પરિવર્તન દર્શાવે છે. તેના વધુ વ્યાપક સૂચિતાર્થ તરીકે તેની લોકોની ક્ષમતાઓ અને પસંદગીઓ તથા ભૂખ, ઈચ્છા અને વંચિતપણામાંથી મુક્તિ તથા સામેલ થવાની તક અથવા પોતાના જીવનને અસરકર્તા હોય તેવા નિર્ણયોને બહાલી આપવાની ક્ષમતા તરીકે ઓળખવામાં આવે છે. આ સશક્તિકરણનો વિચાર માનવ અધિકારો, આર્થિક અસુરક્ષિતતા અને વંચિત જૂથો અને તેમના ક્ષમતા નિર્માણનાં સંદર્ભમાં ધ્યાનમાં લેવામાં આવે છે. આ ઉપરાંત અધિકારો અંગેની વાત કરવામાં પણ ઉપયોગમાં લેવાય છે. સશક્તિકરણમાં મહત્વનાં બે પાસાંઓનો સમાવેશ થાય છેઃ ક્ષમતાઓનો વિકાસ, કૌશલ્યો અંગે પરામર્શ અને એક તરફ લોકોની ક્ષમતા અને બીજી તરફ તેમનું જીવન યોગ્ય રીતે ગોઠવાય તે પછી નિર્ણય કરવામાં અથવા તો પોતાના જીવનને અસરકર્તા હોય તેવા નિર્ણયોમાં સામેલ થવાની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે. થિયરીની દ્રષ્ટિએ વાત કરીએ તો સશક્તિકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જે જાગૃતિમાં વૃધ્ધિ કરીને, એક્શન લઈને તથા યોગ્ય નિયંત્રણ માટે કામ કરીને પોતાના જીવન ઉપર નિયંત્રણમાં સહાયરૂપ થાય છે.

સશક્તિકરણ નિર્ણય કરવાની પ્રક્રિયામાં અને હયાત સત્તા સંબંધી, કે જેમાં સમાજનાં ચોક્કસ વર્ગો ચોક્કસ ઐતિહાસિક સામાજિક- સાંસ્કૃતિક અનુભવોને કારણે નિર્ણય કરવાનાં પ્રક્રિયા ક્ષેત્રમાંથી બહાર રહી ગયા હોય તેથી તે રાજકીય સમાવેશિતા માંગી લે તે જરૂરી બને છે. લોકશાહી યુક્ત રાજકીય માળખામાં આ કારણે સશક્તિકરણ શાસન સંસ્થામાં યોગ્ય અને અસરકારક પ્રતિનિધિત્વ માંગી લે છે કે જેથી લોકો પોતાની હાજરીને વાચા આપી શકે અને પોતાના જીવનને અસર કરતી બાબતો અંગે નિર્ણય કરવામાં સામેલ થઈ શકે.

શાસન સંસ્થામાં હાંસિયામાં રહેલા લોકોનું અથવા વંચિત લોકોનું રાજકીય પ્રતિનિધિત્વ પ્રાપ્ત થવાથી તેમને રમતનાં નિયમો બદલવા માટે અને સત્તા સંબંધો અંગે સમાજનાં વંચિત વર્ગોના સંબંધો અંગે પરામર્શ કરવા નોંધપાત્ર શક્તિ પ્રાપ્ત થશે. રાજકીય સશક્તિકરણને રાજકીય સમાવેશિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. આનો અર્થ એ થયો કે કોઈ જૂથે એટલી હદ સુધી નોંધપાત્ર પ્રતિનિધિત્વ અને રાજકીય નિર્ણયોમાં અસરકારકતા પ્રસ્થાપિત કરી તેમ ગણી શકાય.

### હાંસિયામાં રહેલા વર્ગો

ભારત ૧.૩ અબજની વસ્તી ધરાવે છે અને વાર્ષિક ૬ થી ૭ ટકાનો વૃદ્ધિ દર ગણતરીમાં લઈએ તો પણ હાલમાં લગભગ એક ચતુર્થાંસ વસ્તી ગરીબીમાં સબડી રહી છે. દર ૧૦ વ્યક્તિઓએ ૭ વ્યક્તિઓ હજુ ગામડાંઓમાં વસે છે. ગરીબોની આર્થિક સ્થિતિ પેચીદી રીતે તેમના કલ્યાણ, સમાનતા અને સામાજિક હક્કો જેવા સામાજિક પાસાંઓ સાથે વણાઈ ગયેલી હોય છે. દયનિય સ્થિતિમાં અને હાંસિયામાં રહેલા ભારતનાં જૂથો નોંખા પડે તેવા અને આસાનીથી ઓળખી શકાય તેવા છે. સામાજિક પોત પરંપરાગત રીતે જ વૈવિધ્ય તથા ભિન્ન સામાજિક વર્ગોનો સમન્વય ધરાવે છે. ઓછુ અક્ષરજ્ઞાન, નિમ્ન કક્ષાની ગરીબી, જટિલ, સામાજિક, પરંપરાગત વાતાવરણને કારણે ગરીબો અને દયનીય સ્થિતિમાં રહેતા લોકો ઐતિહાસિક રીતે દબાયેલા અને પેઢીઓથી કચડાયેલા વર્ગ તરીકે રહ્યાં છે.

દેશનું બંધારણ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને સુરક્ષાત્મક અને અગ્રતા ધરાવતી માવજત પૂરી પાડે છે. જેમાં સમાન ગણવાનો અધિકાર અને શૈક્ષણિક સંસ્થાઓ તથા જાહેરક્ષેત્રમાં અનામત આપવાનો સમાવેશ થાય છે. બંધારણ આપણને ભેદભાવ રાખવાથી અથવા તો વ્યક્તિને સામાજિક પરામર્શ, જાહેર સ્થળ અથવા તો વ્યક્તિ કે સમુદાયને ભૌતિક સ્પર્શથી દૂર રહેવાથી રોકે છે, પરંતુ ઓછા આક્રમક વર્ગોમાં પણ પંચાયતી રાજ પધ્ધતિમાં હાંસિયામાં રહેલા જૂથોની સામેલગિરીની સ્થિતિ દબાણો અને નિયંત્રણોને કારણે અત્યંત ખરાબ છે. રાજકીય સામેલગિરીની ઉપલબ્ધિ તેમના પ્રભાવી સામાજિક વર્ગ સાથેના આર્થિક અને રાજકીય સંબંધો ઉપર આધાર રાખે છે.

### ઐતિહાસિક પશ્ચાદભૂમિકા

આઝાદી પછી પંચાયતી રાજ પધ્ધતિને મજબૂત કરવાની કામગીરી ભારત સરકાર ઉપર આવી પડી હતી. લોકશાહીને મજબૂત કરવા માટે ગામડાંઓને મજબૂત કરવા જરૂરી હતાં, કારણ કે ભારત એ ગ્રામ પંચાયતોનો દેશ છે. મહાત્મા ગાંધી દ્રઢપણે ગ્રામ સ્વરાજમાં માનતા હતાં. તેમના જણાવ્યાં પ્રમાણે ગામડાંઓનું સંચાલન ગામ લોકો દ્વારા ચૂંટાયેલી પંચાયતો દ્વારા આત્મનિર્ભરતાપૂર્વક થવું જોઈએ, પરંતુ અચરજ થાય તેવી બાબત એ છે કે બંધારણ ઘડવામાં તેમનો સમાવેશ કરાયો નહોતો. ગાંધીજીની દરમ્યાનગિરીને કારણે રાજ્યની નીતિ અંગેના નિર્દેશક સિધ્ધાંતોમાં કલમ-૪૦નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રારંભ કાળમાં તેઓ લોકોમાં રૂચિ અને ઉત્સાહ ઉત્પન્ન કરવામાં નિષ્ફળ નિવડ્યાં હતાં. પંચાયતોમાં ઉત્સાહ લાવવા માટે આયોજન પંચ દ્વારા ૧૯૫૬માં બળવંતરાય મહેતાની આગેવાની હેઠળ એક અભ્યાસ જૂથની રચના કરવામાં આવી હતી. આ કમિટીએ એવી ભલામણ કરી હતી કે પાયાનાં સ્તરે કામ કરતી એજન્સી જ સ્થાનિક આગેવાનો અને સ્થાનિક લોકો વચ્ચે મજબૂત કડી સ્થાપી શકે અને આ માટે તેમણે ત્રણ સ્તર ધરાવતી પંચાયતી રાજ સંસ્થાઓ (PRIs) ની રચના માટે ભલામણ કરી હતી.

૧૯૬૦નાં દાયકાનાં મધ્ય ભાગ સુધી પંચાયતી રાજ દેશના તમામ હિસ્સાઓ સુધી પહોંચી ગયું હતું. અને લોકોને લાગ્યુ હતું કે આ એક એવી પધ્ધતિ છે કે જે સ્થાનિક સ્તરે તેમની સમસ્યાઓ હલ કરે છે. આમ છતાં બે વર્ષનાં ગાળામાં તો તે વધુ મજબૂત થવામાં નિષ્ફળ ગઈ. નિષ્ણાંતો દ્વારા એવુ પણ કહેવામાં આવી રહ્યું છે કે તેમાં બંધારણીય મંજૂરી તથા સ્પષ્ટતાનો અભાવ વર્તાય છે અને મોટા ભાગની પંચાયતી રાજ સંસ્થાઓ સ્વ શાસનની સંસ્થાને બદલે કોઈ સરકારી એજન્ટની જેમ કામ કરી રહી છે. માથુરનાં જણાવ્યાં મુજબ આ સંસ્થાઓમાં લોકશાહીનાં મૂળ મજબૂત થાય તે પ્રકારે લોકોની ભાગીદારી જોવા મળતી ન હતી પરંતુ તેને રાષ્ટ્રની નીતિઓનાં અમલમાં સુગમતા માટેનાં સાધન તરીકે જોવામાં આવતી હતી.

### ૭૩મો બંધારણીય સુધારો

સપ્ટેમ્બર, ૧૯૯૧માં પંચાયતી રાજ વિધેયક રજૂ કરવામાં આવ્યું એ પછી પાછળથી ૭૩મા તેને ૧૯૯૨માં બંધારણીય સુધારા કાયદા તરીકે ગૌણ સુધારાઓ દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું અને તે સુધારા ૨૪ એપ્રિલ ૧૯૯૩ થી અમલમાં આવ્યાં હતાં. આ કાયદાનું નોંધપાત્ર પાસુ એ છે કે તેમાં પંચાયતી રાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો હતો અને તમામ રાજ્ય સરકારો માટે આ કાયદાનો અમલ કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું હતું. આ સુધારા મારફતે પંચાયતી રાજ સંસ્થાઓનાં માળખા, બંધારણ, સત્તાઓ અને કાર્યોમાં એકરૂપતા આવી હતી. તેના દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓ સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરવા વેગ આપી શકી હતી અને ગ્રામ્ય ભારતની જીવન સ્થિતિમાં સુધારો લાવી શકી હતી. પંચાયતી રાજની રચના એ કદાચ લોકશાહી યુક્ત ભારતનું સામાન્ય લોકોની સામેલગિરી અને સત્તાની વહેંચણી માટેનું ઉત્તમ રૂપાંતર ગણી શકાય તેમ છે.

આ કાયદાથી પંચાયતી રાજને ગ્રામ્ય, મધ્યસ્થ અને જીલ્લા સ્તરની એમ ત્રિ-સ્તરિય વ્યવસ્થા પ્રાપ્ત થઈ. આ કાયદામાં જણાવવામાં આવ્યું છે કે દરેક ગામમાં ગ્રામસભાની વ્યવસ્થા હોવી જોઈએ. આ કાયદાનું સિમાચિહ્નરૂપ પાસુ એ હતું કે તમામ પંચાયતોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે તેમની વસ્તીનાં પ્રમાણમાં બેઠકો અનામત રાખવામાં આવી

હતી અને કુલ બેઠકોમાંથી એક તૃતિયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી હતી. અનામત બેઠકો ઉપરાંત અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અધ્યક્ષ પદ પણ તેમની વસ્તીનાં પ્રમાણમાં અનામત રાખવામાં આવ્યાં હતાં. આ કારણે દેશનાં સામાજિક- આર્થિક માળખામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું હતું. અનામતની નીતિનાં કારણે દેશની પંચાયતોમાં અનુસૂચિત જાતિઓનાં અંદાજે ૧૮.૫૧ ટકા, અનુસૂચિત જનજાતિઓનાં ૧૧.૨૬ ટકા અને ૩૬.૮૭ ટકા મહિલાઓ સહિત ૨,૩૯,૫૮૨ ને પંચાયતોમાં ચૂંટાવાની તક પ્રાપ્ત થઈ હતી.

**પંચાયતી રાજ સંસ્થાઓનાં હાંસિયામાં રહેલાં વર્ગો**

હાલમાં ૧૭ રાજ્યો પંચાયતી રાજમાં તમામ સ્તરે મહિલાઓ માટે ૫૦ ટકા અનામત અમલી બનાવી ચૂક્યા છે.

આલોક (૨૦૧૩-૧૨૦૧૪) ના જણાવ્યાં પ્રમાણે અનુસૂચિત જાતિઓનાં ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિઓનાં ૧૯.૨૮ ટકા અને ૪૩ ટકા મહિલાઓ ફરજીયાત અનામતને કારણે ૨,૭૭૦,૭૫૫ ગ્રામ પંચાયતોમાં ચૂંટાઈ આવે છે. આ કારણે વાસ્તવિક લોકશાહી ક્રાંતિ આવી અને ૫૦ લાખથી વધુ પ્રતિનિધિઓ દર પાંચ વર્ષે સ્થાનિક સ્તરે ચૂંટાવા લાગ્યાં. આમાંથી ૧૩ લાખ મહિલાઓ અને ૫.૫ લાખ અનુસૂચિત જાતિઓનો સમાવેશ થાય છે. ૫.૫ લાખમાં અનુસૂચિત જાતિઓની મહિલાઓ પણ પ્રમુખ અને વોર્ડ મેમ્બર તરીકે ચૂંટાઈ આવી છે. (વધુ વિગત માટે કોષ્ટક નં.૧ જુઓ)

**કોષ્ટક-૧ પછાત વર્ગો અને મહિલાઓનું પંચાયતોમાં પ્રતિનિધિત્વ (તા.૧ એપ્રિલ, ૨૦૧૪ની સ્થિતિએ)**

| ક્રમ | રાજ્ય | મહિલાઓનું પ્રતિનિધિત્વ | | SC નું પ્રતિનિધિત્વ | | ST નું પ્રતિનિધિત્વ | | કુલ (સામાન્ય સહિત) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | અનામત (ટકામાં) | સંખ્યા | અનામત (ટકામાં) | સંખ્યા | અનામત (ટકામાં) | સંખ્યા |
| ૧ | આંધ્ર પ્રદેશ | ૧૨૯૦૨૮ | ૫૦.૦ | ૪૮૭૨૦ | ૧૮.૮૮ | ૨૩૬૧૦ | ૯.૨ | ૨૫૭,૦૫૫ |
| ૨ | અરૂણાચલ પ્રદેશ | ૩૮૮૯ | ૩૩.૦ | NA | NA | ૯૩૭૨ | ૯૯ | ૯,૩૭૨ |
| ૩ | આસામ | ૯૯૦૩ | ૫૦.૦ | ૧૩૪૪ | ૪.૬૬ | ૮૮૬ | ૩.૬ | ૨૬,૮૪૪ |
| ૪ | બિહાર | ૬૮૦૬૬ | ૫૦.૦ | ૨૨૨૦૧ | ૧૬.૩૬ | ૧૦૫૩ | ૦.૮ | ૧૩૬,૧૩૦ |
| ૫ | છત્તીસગઢ | ૮૬૫૩૮ | ૫૦.૦ | ૧૯૭૫૩ | ૧૧.૦૦ | ૬૩૮૬૪ | ૩૨.૦ | ૧૫૮,૭૭૬ |
| ૬ | ગોવા* | ૫૦૪ | ૩૩.૦ | NA | NA | ૯૨ | ૮.૦ | ૧,૫૫૯ |
| ૭ | ગુજરાત | ૪૦૦૧૫ | ૩૩.૦ | ૮૨૪૭ | ૭.૦૦ | ૨૫૯૬૭ | ૧૪.૦ | ૧૨૦,૦૪૮ |
| ૮ | હરિયાણા | ૨૪૮૭૬ | ૩૩.૩ | ૧૪૬૮૪ | ૨૦.૦૦ | NA | NA | ૬૮,૧૫૨ |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૧૩૯૪૭ | ૫૨.૬ | ૭૪૬૭ | ૨૪.૭૦ | ૧૨૯૯ | ૬.૬ | ૨૭,૮૩૨ |
| ૧૦ | જમ્મુ અને કાશ્મીર | ૯૯૦૫ | ૩૩.૦ | ૨૭૦૮ | ૮ | ૩૭૨૩ | ૧૧.૦ | ૩૩,૮૪૭ |
| ૧૧ | ઝારખંડ | ૩૧૧૫૭ | ૫૦.૦ | ૫૮૭૦ | ૧૧.૦૦ | ૧૮૧૩૬ | ૩૪.૧ | ૫૩,૨૦૭ |
| ૧૨ | કર્ણાટક | ૪૧૫૭૭ | ૫૦.૦ | ૧૭૭૨૩ | ૧૮.૪૬ | ૧૦૨૭૫ | ૯.૬ | ૯૫,૩૦૭ |
| ૧૩ | કેરળ | ૯૯૦૭ | ૫૦.૦ | ૮૬૭ | ૫.૦૦ | ૧૮૭ | ૧.૭ | ૧૯,૧૦૭ |
| ૧૪ | મધ્ય પ્રદેશ | ૨૦૪૧૧૧ | ૫૦.૦ | ૬૦૭૨૬ | ૧૫.૦૦ | ૧૧૩૬૪૨ | ૨૭.૫ | ૨૦૩,૨૨૧ |
| ૧૫ | મહારાષ્ટ્ર | ૧૦૧૫૬૯ | ૫૦.૦ | ૨૨૨૦૧ | ૧૧.૨૫ | ૩૦૨૩૬ | ૧૪.૧ | ૩૯૬,૯૧૮ |
| ૧૬ | મણિપુર | ૮૩૬ | ૫૧.૦ | ૩૯ | ૧.૯૬ | ૩૬ | ૨.૬ | ૧,૭૨૪ |
| ૧૭ | ઓરીસ્સા* | ૭૮૪૮૨ | ૫૦.૦ | ૧૬૩૯૦ | ૧૬.૨૫ | ૨૨૨૪૦ | ૨૨.૧ | ૧૦૦,૮૬૩ |
| ૧૮ | પંજાબ | ૩૩૪૮૪ | ૩૩.૦ | ૩૦૯૨૩ | ૨૫.૭૯ | NA | NA | ૯૬,૫૭૬ |
| ૧૯ | રાજસ્થાન | ૬૦૩૫૧ | ૫૦.૦ | ૧૯૫૪૨ | ૧૭.૨૦ | ૧૫૩૪૨ | ૧૨.૬ | ૧૨૦,૭૨૭ |
| ૨૦ | સિક્કીમ | ૫૪૯ | ૫૦.૦ | ૭૭ | ૭.૦૦ | ૪૧૮ | ૩૮.૦ | ૧,૦૯૯ |
| ૨૧ | તામિલનાડુ | ૪૦૦૭૫ | ૩૫.૦ | ૩૦૨૭૦ | ૨૪.૦૦ | ૧૮૪૧ | ૧.૦ | ૧૧૯,૩૯૯ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ત્રિપૂરા | ૨૦૪૪ | ૫૦.૦ | ૧૫૦૮ | ૨૭.૧૧ | ૩૦૯ | ૫.૧ | ૫,૬૭૬ |
| ૨૩ | ઉત્તરાખંડ | ૩૪૪૯૪ | ૫૦.૦ | ૧૨૨૩૦ | ૧૯.૮૦ | ૨૦૬૭ | ૩.૧ | ૬૧,૪૫૨ |
| ૨૪ | ઉત્તરપ્રદેશ* | ૩૦૯૫૧૧ | ૩૯.૦ | ૧૮૫૧૫૯ | ૨૪.૦ | NA | NA | ૭૭૩,૯૮૦ |
| ૨૫ | પશ્ચિમ બંગાળ | ૧૯૭૬૨ | ૫૦.૦ | ૧૭૬૦૫ | ૪૧.૬૭ | ૪૧૬૮ | ૧૪.૩ | ૫૮,૮૬૫ |
| **કેન્દ્ર શાસિત પ્રદેશો** | | | | | | | | |
| ૨૬ | આંદામાન અને નિકોબાર* | ૨૮૯ | ૩૩.૮ | NA | NA | NA | NA | ૮૭૬ |
| ૨૭ | ચંદીગઢ | ૫૭ | ૩૪.૪ | ૨૮ | ૧૮.૬૬ | NA | NA | ૧૪૯ |
| ૨૮ | દાદરા અને નગર હવેલી | ૪૭ | ૩૬.૯ | ૩ | ૨.૦૦ | ૧૧૨ | ૮૧.૮ | ૧૨૫ |
| ૨૯ | દમણ અને દીવ* | ૪૧ | ૩૩.૦ | ૪ | ૧.૦૦ | ૧૬ | ૧૧.૦ | ૧૧૧ |
| ૩૦ | લક્ષદીપ* | ૪૧ | ૩૩.૦ | NA | NA | ૧૧૦ | ૧૦૦ | ૧૧૦ |
| ૩૧ | પુડુચેરી* | ૩૭૦ | ૩૬.૨ | ૨૩૯ | ૨૧.૦૦ | NA | NA | ૧,૦૨૧ |
| | ભારત | ૧૩૫૫૪૨૫ | ૪૩.૦૦ | ૫૪૬૫૨૮ | ૧૫.૦૦ | ૩૪૯૦૦૧ | ૧૯.૨૮ | ૨૯૫૦૧૨૮ |

સ્રોત : રાજ્ય સરકારો દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી મુજબ (Measuring Devolution to Panchayats in India: A Comparison across States Empirical Assessment – ૨૦૧૩-૧૪, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશન

નોંધઃ મેઘાલય, મિઝોરમ અને નાગાલેન્ડને બંધારણનાં ૭૩માં સુધારા કાયદાનાં વ્યાપમાંથી બાકાત રાખવામાં આવ્યાં છે.

નોંધઃ NA: દર્શાવેલા સ્રોતમાં વિગત ઉપલબ્ધ નથી. : લાગુ પડતુ નથી. * વિગતો અગાઉનાં વર્ષની છે.

અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને ખાસ કરીને તેમને સમાજથી અળગા રાખવામાં આવે છે તેવી પરંપરાગત લાગણી આ મહત્વનાં આયોજન અભિગમને કારણે ઘટી છે. નવી પેઢીની પંચાયતો કામ કરતી થતાં કેટલાક મુદ્દાઓ સપાટી પર આવ્યાં હતા, જેની માનવ હક્કો ઉપર અસર પડી હતી. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિનાં ચૂંટાયેલા સભ્યો નિર્ણય લેવામાં અને અલગ અલગ ગરીબલક્ષી કાર્યક્રમોનાં પંચાયત સ્તરે અમલીકરણમાં સક્રિયપણે ભાગ લઈ રહ્યાં હતાં. આ અવલોકન ભારતનાં અભ્યાસુઓની પ્રસિધ્ધ થયેલી અને પ્રસિધ્ધ નહીં થયેલી સામગ્રીમાં જોવા મળ્યું છે. અનુસૂચિત જાતિનાં ચૂંટાયેલા સભ્યો કૃષિ અને પશુપાલન સંબંધિત પ્રવૃત્તિઓ માટે ધિરાણો અને સહાયને વધુ મહત્વ આપતા હતાં. આ લોકો પોતાના વિસ્તારોમાં રસ્તાઓ, પીવાનું પાણી અને સ્ટ્રીટ લાઈટ સ્થાપવા બાબતે તથા તેની માવજત બાબતે પણ સમાનપણે ધ્યાન આપતા હતાં. એવું સમજવામાં આવે છે કે અનુસૂચિત જાતિનાં નેતાઓ વિકાસલક્ષી પ્રવૃત્તિઓને અગ્રતા આપે છે અને તેને કારણે તેમના સમુદાયને લાભ થાય છે (આવાં ઉલ્લેખો વેંકટ રવિ અને સુંદર રાજનાં આંધ્ર પ્રદેશનાં નેલ્લોર જીલ્લામાં કરાયેલા અભ્યાસમાં જોવા મળ્યાં છે).

બંધારણનાં અનુચ્છેદ ૨૪૩-ડી માં પણ ફરજીયાત રોટેશનનો ચોક્કસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક ચૂંટણીથી બીજી ચૂંટણી સુધી ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા જાળવવામાં કેટલાક માળખાગત અવરોધો નડી રહ્યાં હતાં. આ કાયદો સ્પર્ધકને એ જ મત વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ માટે નિષ્ફળ નિવડ્યો, પરંતુ તે સમાન જૂથ/ સમુદાયને પડોશના મત વિસ્તારમાં અનામત હેઠળ સ્પર્ધા કરવામાં સહાયરૂપ બન્યો. સમાજનાં હાંસિયામાં રહેલાં વર્ગોની લોકશાહીની ભાગીદારીનું આ એક વાસ્તવિક પરિવર્તન હતું.

કર્ણાટક, કેરળ, તામિલનાડુ, રાજસ્થાન અને સિક્કીમનાં ગ્રામ સમુદાયોમાં જાગૃતિનું સ્તર વધવાને કારણે ગ્રામસભા અને તેના નિર્ણયો અમલમાં મૂકવામાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં. આ સંદર્ભમાં દ્વારકાનાથ દ્વારા તામિલનાડુનો દાખલો ટાંકીને એવુ જણાવવામાં આવ્યું છે કે આ સરકાર ગ્રામ

સભાઓ ૨૬ જાન્યુઆરી, ૧૫ ઓગષ્ટ, ૧ મે, અને ૨ ઓક્ટોબરનાં રોજ દર વર્ષે સહેજ પણ ચૂંક વગર યોજતી હતી. વધુ એક નોંધપાત્ર પાસુ એ છે કે મધ્ય પ્રદેશ પંચાયતી રાજ એક્ટમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો કે દર વર્ષે ગ્રામ સભાઓ ૧૬ થી વધુ વખત યોજાવી જોઈએ. પાયાનાં સ્તરે સ્વ-શાસનનો આ એક સારો માર્ગ હતો.

પંચાયતી રાજમાં મહિલાઓનાં પરિબળ અંગે વધુ એક રસપ્રદ પાસુ એ છે કે રાજકીય સશક્તિકરણને કારણે તેમનાં સામાજિક દરજ્જામાં વધારો થયો છે. તેઓ હવે સમાજને સ્પર્શતી દરેક બાબતોમાં નૈતિક ધોરણે સામેલગિરી દાખવતી થઈ. પંચાયતી સભ્ય પદે મહિલાઓને જાહેરક્ષેત્રમાં પણ સારો દરજ્જો આપ્યો. તેમને પંચાયતી ક્ષેત્રોના સામાજિક સમારંભોમાં સામેલ થવા માટે આમંત્રણો મળવા માંડ્યા. આ અવલોકન ઉડીપી જીલ્લા અંગેનાં પદ્મનાભ ભટ્ટનાં અભ્યાસમાં જાણવા મળ્યું છે.

છેલ્લાં બે દાયકા કરતાં વધુ સમયનો પંચાયતી રાજ સંસ્થાઓની કામગીરીનો અનુભવ દર્શાવે છે કે નાગરિકલક્ષી કાર્યોમાં સ્થિરતાની સાથે સાથે સાતત્ય પણ હાંસલ થયું છે. આમ છતાં, ઘણાં અધ્યક્ષો અને પંચાયતી રાજ સંસ્થાઓનાં સભ્યોને તેમની સીધી કે આડકતરી ચૂંટણીને કારણે સ્થાનિક શાસનમાં અર્થપૂર્ણ હિસ્સો લેવાનો અભાવ વર્તાય છે.

**હાંસિયામાં રહેલા વર્ગો વિરૂધ્ધનાં પરિબળો**

આંધ્ર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓડીશા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા રાજ્યોએ ચૂંટણીઓ લડવા માટેની પાત્રતા તરીકે બે બાળકોનું ધોરણ અપનાવ્યું છે. આ ધોરણ મારફતે પુરૂષો અને સ્ત્રીઓ માટે અવરોધક છે, ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં સમુદાયોમાં મોટા ભાગના પરિવારો મોટા અને સંયુક્ત પરિવારનાં ધોરણો અપનાવતા હોય છે.

ગ્રામ ભારતમાં પરંપરાગત / પ્રભાવી જૂથોનું વર્ચસ્વ ચાલું રહ્યું છે અને બંધારણનાં ૭૩માં સુધારાની જોગવાઈઓને કારણે ગ્રામ્ય પરિસ્થિતિમાં સંઘર્ષ અને સ્પર્ધાનું વાતાવરણ વધ્યું છે, જેને કારણે ઘણીવાર માનવ અધિકારોનો મોટાપાયે ભંગ થાય છે તથા હિંસા અને રક્તપાતને કારણે જીવ ગૂમાવવા પડે છે. પંચાયતોની ચૂંટણીઓમાં હિંસાની ઘટનાઓ મોટાભાગનાં રાજ્યોમાં જોવા મળી છે અને કેટલીક બેઠકો સ્પર્ધા થયા વગર જ જીતી જવાઈ છે. આ બાબત દર્શાવે છે  કે સત્તા અંગેનો સંઘર્ષ માત્ર રાજ્યો અને પંચાયતોમાં જ નહીં, પરંતુ પરંપરાગત રીતે પ્રભાવી સત્તાનાં માળખામાં જોવા મળે છે અને હાંસિયામાં રહેલા વર્ગોમાં પાયાનાં સ્તરે નવી નેતાગિરી પેદા થઈ રહી છે. પ્રભાવી જૂથો આક્રમક રીતે પછાત વર્ગો, અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જન જાતિઓનો વિરોધ કરે છે અને તેમને સ્વતંત્રપણે મતદાનની પ્રક્રિયામાં ભાગ લેવાના, પ્રચાર કરવાના, બેઠકોમાં હાજરી આપવાના, ઓફિસનું સંચાલન કરવાના, પોતાના પ્રતિનિધિત્વ અંગે લોબીગ કરવાના અધિકારો ભોગવતાં રોકે છે.

**સમાપન**

બંધારણમાં ૭૩માં સુધારાનો ઉદ્દેશ સમાજનાં હાંસિયામાં રહેલા વર્ગોનાં સશક્તિકરણનો છે. જો કે શરૂઆતનાં ગાળામાં આ કાયદો સમાજ સંખ્યાબંધ પરિબળોને કારણે અપેક્ષા મુજબ પરિવર્તન લાવવામાં નિષ્ફળ રહ્યો હતો. હાંસિયામાં રહેલા સમુદાયો સમાજનાં પરંપરાગત ભાગલા, પરંપરાગત સંસ્થાઓ, પ્રોક્સીની સામેલગિરી અને ગરીબ આર્થિક સ્થિતિ જેવા પરિબળોના કારણે ધારણા મુજબનો ફેરફાર શક્ય બન્યો ન હતો. પાછળથી હાંસિયામાં રહેલા સમુદાયો જાતે સક્રિયપણે અમલીકરણની પ્રક્રિયામાં ભાગ લઈ પોતાના વિસ્તારો અંગે નિર્ણય લેવામાં અને પોતાના સમુદાયોનાં વિકાસ કાર્યક્રમોને અમલી બનાવવામાં પણ ભાગ લેતા થયા છે. આ બધા પરિબળો છતાં મહિલાઓ સાથે સત્તાની ભાગીદારી જેવી હજુ પણ કેટલીક સમસ્યાઓ ઉભેલી છે, જેને નિષ્ઠાપૂર્વક હલ કરવી જરૂરી બને છે. આ દિશામાં હકારાત્મક કદમ ભરવાથી મહિલાઓનાં, અને ખાસ કરીને હાંસિયામાં રહેલા સમુદાયોની પંચાયતી રાજ સંસ્થાઓમાં સશક્તિકરણને વેગ મળશે.


**ટી બ્રહ્માનંદમ સેન્ટર પોર મલ્ટી - ડિસ્પ્લીનરી ડેવલપમેન્ટ, રિસર્ચ, ધારવાડ, કર્ણાટકના એસોસિએટ પ્રોફેસર છે.**

**કે વી શ્રીનિવાસ  આચાર્યનાગાર્જૂન યુનિવર્સિટી, ગંતુર, આંધ્ર પ્રદેશના પોસ્ટ- ડોકટરલ ફેલો છે.**

**E-mail:**

**tdosamma@gmail.com**

# દિશા

દિશા નેશનલ ટ્રસ્ટ એક્ટ હેઠળ ચાર દિવ્યાંગતાને આવરી લેવાની સાથે ૦થી ૧૦ વર્ષની વયજૂથનાં બાળકો માટે પ્રારંભિક હસ્તક્ષેપ અને શાળા સજજતા યોજના છે. આ કાયદા હેઠળ ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, માનસિક મંદતા અને મલ્ટીપલ ડિસેબિલિટીઝ ધરાવતી વ્યક્તિઓનાં કલ્યાણ માટે ટ્રસ્ટ – ધ નેશનલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી છે. નેશનલ ટ્રસ્ટ એક્ટનો આશય થેરપી, તાલિમ અને પરીવારનાં સભ્યોને સહાય પૂરી પાડવા મારફત પર્સન્સ વીથ ડિસેબિલિટી (પીડબલ્યુડી) માટે પ્રારંભિક હસ્તક્ષેપ માટે દિશા સેન્ટર્સ સ્થાપવાનો છે. આ યોજના હેઠળ દિવ્યાંગતા સાથે વ્યક્તિઓની કોઈપણ સંસ્થા, દિવ્યાંગતા સાથે વ્યક્તિઓના માતા-પિતાની કોઈ સંસ્થા અથવા સ્વૈચ્છિક સંસ્થા નેશનલ ટ્રસ્ટમાં નોંધણી કરાવી શકે છે. આ સંસ્થાઓને રજિસ્ટર્ડ ઓર્ગેનાઈઝેશન્સ (આરઓ) તરીકે ઓળખવામાં આવે છે.

નેશનલ ટ્રસ્ટ સેટઅપ ખર્ચ, નિર્વાહ ખર્ચ અને માસિક રિકરિંગ ખર્ચ મારફત દિશા સેન્ટરને ભંડોળ પૂરું પાડે છે.

માસિક રિકરિંગ ખર્ચ

નેશનલ ટ્રસ્ટમાં નોંધણી કરાવ્યાં બાદ રજિસ્ટર્ડ ઓર્ગેનાઈઝેશન્સ (આરઓ)એ તેમના દિશા કેન્દ્રમાં નીચેની લઘુત્તમ સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. :

**એ) ડે કેર**

આરઓએ ચોક્કસ વયની પ્રવૃત્તિઓ સાથે એક દિવસમાં (સવારે ૮થી સાંજે ૬ વાગ્યા વચ્ચે) ઓછામાં ઓછા ૪ કલાક માટે પીડબલ્યુડીને ડે-કેર સુવિધા પૂરી પાડવી જોઈએ. ડે કેર એક મહિનામાં ઓછામાં ઓછા ૨૧ દિવસ સુધી ખુલ્લું હોવું જોઈએ. નેશનલ ટ્રસ્ટ પીડબલ્યુડીનાં ફંડ માટે દિશા કેન્દ્રમાં પીડબલ્યુડી માટે પ્રત્યેક મહિને ૧૫ દિવસની લઘુત્તમ હાજરી જરૂરી છે.

દિશા કેન્દ્રની બેચનું કદ ૨૦ પીડબલ્યુડી છે અને દિશા કેન્દ્ર માટે બેચની મહત્તમ સંખ્યા ૩૦ ટકાની વૃદ્ધિ સાથે ૨૬ પીડબલ્યુડીની રાખવાની મંજૂરી અપાઈ છે. ૨૬ પીડબલ્યુડીની મહત્તમ મર્યાદાએ પહોંચતા દિશા કેન્દ્ર વધુ કોઈ પીડબલ્યુડીસને પ્રવેશ આપી શકતું નથી.

આરઓ પાસે પર્યાપ્ત સંખ્યા હોય તો તેમને ફરીથી નવા દિશા કેન્દ્રની નોંધણી માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આરઓએ એલઆઈજી (બીપીએલ સહિત) અને અબોવ એલઆઈજી પીડબલ્યુડી (જે આરઓ માટે પેઈડ સીટ્સ હશે) માટે ૧:૧નો રેશિયો જાળવવો જોઈએ. અબોવ એલઆઈજી



સીટ્સ માટેનું પેમેન્ટ આરઓ અને અન્ય સામેલ પક્ષ (માતા-પિતા, વાલીઓ, પરીવારના સભ્યો, આરઓ અથવા અન્ય કોઈ સંસ્થા/વ્યક્તિ) વચ્ચે પરસ્પર થયેલી શરતો મુજબ આરઓ માતા-પિતા, વાલી, પરિવારના સભ્યો, આરઓ અથવા અન્ય કોઈ સંસ્થા/વ્યક્તિ પાસેથી પેમેન્ટ મેળવી શકે છે.

આરઓ દિશા કેન્દ્રમાં વધુ પીડબલ્યુડીની ભરતી કરવા માટે મદદ મેળવવા સમાન ક્ષેત્રનાં નિષ્ણાતો અથવા બાળરોગનાં ડોક્ટરોનાં સંપર્કમાં રહી શકે છે.

**બી) કર્મચારી**

કેન્દ્રમાં પાલક અને આયા સાથે પીડબલ્યુડી માટે વિશેષ શિક્ષક અથવા અર્લી ઈન્ટરવેન્શન થેરાપીસ્ટ, ફિઝિયોથેરાપિસ્ટ અથવા ઓક્યુપેશનલ થેરાપીસ્ટ અને કાઉન્સેલરની જોગવાઈ હોવી જોઈએ. આ કેન્દ્રોમાં ફિઝિકલ ટ્રેઈનર અને સ્પીચ થેરાપિસ્ટની ઉપલબ્ધતા ઈચ્છનીય છે.

**સી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા**

દિશા સેન્ટરમાં પીડબલ્યુડી માટે એક મેડિકલ /એસેસમેન્ટ રૂમ (થેરાપ્યુટીકલ એડ્સ અને અપ્લાયન્સીસ સાથે), એક એક્ટિવિટી રૂમ અને એક રીક્રિએશન રૂમ (બધા જ રૂમ તર્કસંગત સાઈઝના) હોવા જોઈએ. તેમાં ઓફિસનાં ઉપયોગ માટે, નેશનલ ટ્રસ્ટને ફંડની વિનંતી મોકલવા માટે, રીપોર્ટ્સ વગેરે સબમીટ કરવા માટે એક પર્સનલ કમ્પ્યુટર, સ્કેનર અને નેટ કનેક્શનની જોગવાઈ પણ હોવી જોઈએ.

**ડી) કાઉન્સેલિંગ**

પીડબલ્યુડીનાં માતા-પિતા અથવા વાલીઓને દૈનિક જીવન માટેની પ્રવૃત્તિઓ (એડીએલ) માટે વિશેષ કાઉન્સેલિંગ અને માર્ગદર્શન આપવું જોઈએ. વધુમાં તેઓ નિયમિત સમયે આરઓ દ્વારા અપાતા લઘુત્તમ સંખ્યાનાં કાઉન્સેલિંગ સત્રોમાં હાજરી આપે તેની ખાતરી રાખવી જોઈએ. આરઓએ મુખ્યપ્રવાહની સ્કૂલોમાં વધુ પ્રવેશ માટે પીડબલ્યુડીને સહાય પૂરી પાડવી જોઈએ.

ઈ) પરિવહન સુવિધા : આરઓ બંને માટે પારસ્પરિક સાનુકૂળતા હોય તો તેવા કિસ્સામાં પીડબલ્યુડીને પરિવહન સુવિધા પણ પૂરી પાડવી જોઈએ.

## અગત્યની સૂચના

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી અને હિન્દીનું લવાજમ ઓનલાઈન ભરી શકાશે. આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે :**

(1) http://yojana.gov.in/
(2) http://publicationsdivision.nic.in/Subscription.aspx
(3) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana

## અમારું નવું સરનામું

**એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.**
**ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.**

## Our New Address

A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.
Phone : 079-2658 8669, 2658 1450.

# વડાપ્રધાને એઈમ્સમાં કી હેલ્થ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો




વડાપ્રધાન, શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ૨૯મી જૂન ૨૦૧૮નાં રોજ એઈમ્સ ખાતે વિવિધ સ્વાસ્થ્ય યોજનાઓ શરૂ કરી હતી. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે. પી. નડ્ડા, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણનાં રાજયકક્ષાના મંત્રી શ્રી અશ્વિનીકુમાર ચૌબે અને શ્રીમતિ અનુપ્રિયા પટેલ તથા અન્ય આમંત્રીતો પણ નજરે પડે છે.

વડાપ્રધાને તાજેતરમાં એઈમ્સમાં અનેક સ્વાસ્થ્ય યોજનાઓ ખાસ કરીને વૃદ્ધો માટેની યોજનાઓ શરૂ કરી છે. તેમણે નવી દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)માં નેશનલ સેન્ટર ફોર એજિંગનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે સફદરજંગ હોસ્પિટલમાં ૫૫૫ બેડનાં સુપર સ્પેશિયાલિટી બ્લોક અને સફદરજંગ હોસ્પિટલમાં ૫૦૦ બેડનાં નવા ઈમર્જન્સી બ્લોક, એઈમ્સમાં ૩૦૦ બેડનાં પાવર ગ્રીડ વિશ્રામ સદન અને એઈમ્સ, અન્સારી નગર અને ટ્રોમા સેન્ટર વચ્ચે કનેક્શન મોટરેલબલ ટનલનું પણ અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું હતું કે સરકાર વર્તમાન હોસ્પિટલોને બધી જ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરી રહી છે અને આ સાથે તે દેશનાં અંતરિયાળ વિસ્તારોમાં પણ સ્વાસ્થ્ય સુવિધાઓ પહોંચે તેની પણ ખાતરી કરી રહી છે.

નેશનલ સેન્ટર ફોર એજિંગ વૃદ્ધોને અત્યાધુનિક ક્લિનિકલ સારવાર પૂરી પાડશે અને જેરિઆટ્રિક દવાઓ અને સંબંધિત વિશેષતાઓનાં ક્ષેત્રમાં સંશોધનને માર્ગદર્શન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ કેન્દ્ર વૃદ્ધોને મલ્ટી સ્પેશિયાલિટી સ્વાસ્થ્ય સુવિધા પૂરી પાડશે અને તે જનરલ વોર્ડ્સમાં ૨૦૦ બેડની સુવિધા ધરાવે છે, જેમાં ૨૦ મેડિકલ આઈસીયુ બેડનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

એઈમ્સ અને જેપીએનએ ટ્રોમા સેન્ટરને જોડવા માટે અન્ડરગ્રાઉન્ડ ટનલની સુવિધા ઊભી કરવામાં આવી છે. આ સુવિધા બે કેન્દ્રો વચ્ચે સંપર્ક કરવાનો સમય ઘટાડશે. પાવરગ્રીડ વિશ્રામ સદન એઈમ્સની મુખ્ય હોસ્પટિલ અને એઈમ્સમાં જેપીએનએ ટ્રોમા સેન્ટરની મુલાકાત લેનારા દર્દીઓ અને તેમના સંબંધીઓ માટે રાત્રી રોકાણ માટે ૩૦૦થી વધુ બેડની સુવિધા ધરાવે છે.

સફદરજંગ હોસ્પિટલમાં નવો ઈમર્જન્સી બ્લોક ૬૪ ટ્રીએજ બેડની સુવિધા, બળકો માટે રેડ ઝોન અને વયસ્કો અને માર્ગ અકસ્માતનો ભોગ બનેલા માટે, ઘરે અથવા કામનાં સ્થળે એક્યુટ ટ્રોમાનો સામનો કરનારા વ્યક્તિઓ, કેટલીક ગંભીર સ્થિતિઓ અને ગંભીર મેડીકલ તથા સર્જિકલ ઈમર્જન્સના સમયમાં ૯૦ આઈસીયુ બેડ્સની સુવિધા ધરાવે છે. સફદરજંગ ગોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટી બ્લોક કાર્ડિઓવાસ્ક્યુલર સાયન્સીસ, ન્યૂરોસાયન્સીસ, ફેફસા સંબંધિત દવાઓ, નેફ્રોલોજી અને એન્ડોક્રિનોલોજીનાં ક્ષેત્રમાં ટેરીટરી કેર સુવિધાઓ ધરાવે છે અને તે હાર્ટ કમાન્ડ સેન્ટર, શ્વાસોચ્છ્વાસ સંબંધિત સારવારની સુવિધા, સ્લીપ લેબ્સ, ૨૪ ટ ૭ ડાયાલિસીસ યુનિટ, એમઆરઆઈ ગાઈડેડ બ્રેઈન સ્યુટ્સ વગેરે સુવિધાઓ પૂરી પાડે છે.

# ખેડૂતો સાથે વાતચીત

વડાપ્રધાન વીડિયો કોન્ફરન્સિંગ મારફત સમગ્ર દેશમાં ખેડૂતો સાથે વાતચીત કરી હતી. વીડિયો ડાયલોગ મારફત અંદાજે ૨ લાખથી વધુ કોમન સર્વિસ સેન્ટર્સ (સીએસસી) અને ૬૦૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (કેવીકે) આ વાતચીતમાં જોડાયા હતાં. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનાં લાભાર્થીઓ સાથે વીડિયો કોન્ફરન્સ મારફત વડાપ્રધાન દ્વારા કરવામાં આવતી વાતચીતની શ્રેણીમાં આ સાતમી વાતચીત છે. ખેડૂતોના કલ્યાણ માટે તેમના વિઝનની રૂપરેખા રજૂ કરતાં વડાપ્રધાને કહ્યું :




- ખેડૂતો આપણા રાષ્ટ્રનાં 'અન્નદાતા' (અનાજ પૂરું પાડનારા) છે. રાષ્ટ્રની ખાદ્યાન્ન સલામતીનું સંપૂર્ણ શ્રેય ખેડૂતોને જાય છે.
- સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા અને ખેડૂતોને તેમના ઉત્પાદનનો મહત્તમ ભાવ અપાવવા માટે માટે સતત કામ કરી રહી છે.
- ખેડૂતો 'બીજથી બજાર' (બિયારણથી બજાર) સુધીની સ્વતંત્રતા અનુભવે તે માટે સરકાર કટીબદ્ધ છે અને વિવિધ પહેલોએ કેવી રીતે ખેડૂતોની પરંપરાગત ખેતી સુધારવામાં મદદ કરી છે તે પણ સરકાર દર્શાવવા માંગે છે.
- સરકારે કૃષિ ક્ષેત્ર (વર્ષ ૨૦૧૪થી ૨૦૧૯) બજેટની જોગવાઈ લગભગ બમણી કરીને રૂ. ૨,૧૨,૦૦૦ કરોડ કરી દીધી છે. વર્ષ ૨૦૧૭ – ૨૦૧૮માં ખાદ્યાન્નનું ઉત્પાદન પણ વધીને લગભગ ૨૭૯ મિલિયન ટનથી વધુ થયું છે.
- સરકારે ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ્સ પૂરા પાડ્યાં છે, કિસાન ક્રેડિટ કાર્ડ્સ મારફત ધિરાણ આપ્યું છે, નીમ કોટેડ યુરીયાની જોગવાઈ મારફત ગુણવત્તાયુક્ત ખાતર, ફસલ બીમા યોજના મારફત પાક વિમો અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના મારફત સિંચાઈની સુવિધાઓ પૂરી પાડી છે. પીએમ કૃષિ સિંચાઈ યોજના હેઠળ આજે સમગ્ર દેશમાં ૧૦૦થી વધુ સિંચાઈ યોજનાઓ પૂરી કરવામાં આવી રહી છે અને સિંચાઈ હેઠળ અંદાજે ૨૯ લાખ હેક્ટર જમીનને આવરી લેવામાં આવી છે.
- છેલ્લાં ચાર વર્ષમાં ૫૮૫થી વધુ નિયંત્રિત જથ્થાબંધ બજારોને ઈ-નામ હેઠળ લાવવામાં આવ્યાં છે. સરકાર ઓર્ગેનિક ફાર્મિંગ હેઠળ અંદાજે ૨૨ લાખ હેક્ટર જમીન લઈ આવી છે, જે વર્ષ ૨૦૧૩ – ૨૦૧૪માં માત્ર ૭ લાખ હેક્ટર હતી. સરકારે ઓર્ગેનિક ફાર્મિંગનાં હબ તરીકે ઉત્તર-પૂર્વને પ્રોત્સાહન આપવાની યોજના પણ બનાવી છે.
- છેલ્લાં ચાર વર્ષમાં ૫૧૭ ખેડૂત ઉત્પાદક સંસ્થાઓ બનાવવામાં આવી છે અને ફાર્મર પ્રોડ્યુસર કંપનીઓને આવકવેરામાંથી મુક્તી આપવામાં આવી છે તેમજ ખેડૂતોની સહકારી મંડળીઓ ઊભી કરવા તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

### લાભાર્થીઓની વાતચીત

- વિવિધ કૃષિ યોજનાઓનાં લાભાર્થીઓએ કૃષિ સિંચાઈ યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ્સ મારફત ધિરાણ, નીમ કોટેડ યુરીયાની જોગવાઈ મારફત ગુણવત્તાયુક્ત ખાતર, ફસલ વીમા યોજના મારફત પાક વીમો અને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના વગેરે મારફત સિંચાઈ જેવી સરકારની વિવિધ યોજનાઓ મારફત તેમને કેટલો લાભ થયો છે અને તેમનું ઉત્પાદન વધારવામાં કેટલી મદદ મળી છે તથા તેમના જીવન પર તેની કેટલી સકારાત્મક અસરો થઈ તે અંગે જણાવ્યું હતું.
- લાભાર્થીઓએ સોઈલ હેલ્થ કાર્ડ અને ઈન્ટેગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ્સનાં મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને સહકારી મંડળીની ચળવળ અંગે તેમના અનુભવોનું પણ તેમણે આદાન-પ્રદાન કર્યું હતું.

પ્રકાશન તા. ૨૬ જુલાઈ, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ ઑગસ્ટ, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), August 2018** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની,
ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની
બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.

## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.

**Regional Office :** Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India, A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.

**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**

Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.